કુમાર

તંત્રી · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માનીતું માસિક

તંત્રી · રવિશંકર રાવળ ● પુ. ૧૦ અંક ૭ ● અષાડ ઓગણીસસો નેવ્યાશી

૧૧૫





'આવ્યો અષાઢ, ગાઢ વાદળાં છવાયાં'


આબીદમિયાં સૈયદ



'આવ્યો અષાઢ' (ફોટો)	આબીદમિયાં સૈયદ	પૂઠું
જીવનનાં આકર્ષણ	ચિત્રકાર · છગનલાલ જાદવ	મુખચિત્ર
શૂન્યશેષ (કાવ્ય)	કૃષ્ણલાલ શ્રીધરાણી	૨૪૧
મિજલસ		૨૪૨
વતન	દેશળજી પરમાર	૨૪૩
નેપથ્યમાંથી	ઇ.ત.	૨૪૪
રીઆશાહ પાહલવી (જીવન)	'વિનોદ'	૨૪૫
જાપાની કન્યા	ચિત્રકાર · રસિકલાલ પરીખ	૨૪૮
જૈન મંદિર · જામનગર (ફોટો)	જે. જે. બુધ્ધ	૨૪૯
આત્મ ટહુકે (કાવ્ય)	ઉમાશંકર જોશી	૨૫૦
ત્રણ પ્રશ્નો ,,	,,	૨૫૧
લીલો સાપ (વાર્તા)	નિરંજન મુઝુમદાર	૨૫૩
આકાશ	હરિકૃષ્ણ વ્યાસ	૨૫૪
હૃદય નથી?	પ્રભુદાસ ગાંધી	૨૫૫
અરુણનું અદ્‌ભુત સ્વપ્ન	હંસા મહેતા	૨૫૭
તલાવણો (કાવ્ય)	સુન્દરમ્	૨૬૨
સાવિત્રી ,,	હરિશ્ચન્દ્ર ભટ્ટ	૨૬૩
વર્ષામંગલનો ઉત્સવ	કૃષ્ણલાલ ભટ્ટ	૨૬૫
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ		૨૬૬
અમેરિકાના પત્રો	શાન્તિ	૨૬૮
સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય	હ. આ.	૨૭૦
ચાળીસ પ્રશ્નોની ઇનામી હરીફાઇનું પરિણામ		૨૭૧
દાનત તેવી બરકત (બાળવાર્તા)		૨૭૨
એમ કેમ?	વેણીલાલ બૂચ	૨૭૨
માધુકરી		૨૭૩
છેલ્લું પાનું		૨૮૦

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

મુંબાઇના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
સુરતના એજન્ટ: વનરાજ બ્રધર્સ: લીમડા ચોક: સુરત
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



જીવનનાં આકર્ષણ
ચિત્રકાર · છગનલાલ જાદવ

શૂન્યશેષ !

નહિ ! નહિ જ પાલવે શયન પાંશુ પે પાશવી
ખરી, ચરણ, ડાબલા મલિન સ્પર્શે મેલી બની:
ઊભીશ અવરોધતો ગગનચુંબી પ્રાસાદને
શ્રીમંત મુજ વૈભવે, ધનકુબેરના નાદને:

ન તો ય પરિતૃપ્તિ; સપ્ત જલસાગરે ગાજતા
નવે નવ દ્વિપે, ભૂ પે, સકળ લોકમાં રાજતા
જહાંગીર મહાન કો ભરખ-જવાલ-જવાલામુખી
તણે મુખ વિરાજીને ગગનને ભરૂં હું મૂઠી:


ગ્રહો, તરલ ધૂમકેતુ ય, નિહારિકા, તારલા,
મુકુટ સમ રાજતા મહતમાનવી હું શિરે:
પ્રદીપવિચિમાલ્યશી સુરસરિતની મેખલા
વિરાટ મુજ દેહની કટિપરે પ્રભા વીકિરે:

હવે તું કર-આમળું ! ઉછળતો તને ઝાલવા:
પિતા મુજ પદે પડયો ? મલિન પાંશુ પે ન્યાળવા
તને શરીર આ વિરાટ મુજ આજ આડું ખડું !

કૃષ્ણલાલ શ્રીધરાણી

મહત્ત્વાકાંક્ષા જ્યારે અહંતામાં સરી પડે છે ત્યારે કેવી અનિષ્ટકારી થાયછે તેની સામે ચેતાવતું આ પંદર લીટીનું કાવ્ય, એના જ જેવાં, સૉનેટ ન છતાં સૉનેટનું બલ (શબ્દબલ તેમજ ભાવબલ) દાખવતાં બીજાં ઘણાં કાવ્યોનીપેઠે, ધાર્યો ચિત્તક્ષોભ ઉપજાવનારૂં છે. એક બહુ સારૂં સામાન્ય વિધાન પોતાને કરવું છે; પણ શ્રી કૃષ્ણલાલે પોતાને સુલભ એવી ઉન્નત-પ્રબલ કલ્પના ને શબ્દબાહુલ્યવડે તેને બહલાવીને એ વિધાનમાં રહેલું સનાતન સત્ય ચિત્ત સોંસરૂં ઊતરી જાય એવી રીતે મૂક્યું છે. 'પશુઓની ખરી ને ડાબલાના સ્પર્શે મેલી બનેલી ધૂળ પર શું હું આળોટયા કરૂં ? નહિ—એ મને નહિ પાલવે. હું તો મારા વૈભવ વડે મોટા ધનકુબેરના અરમાનને પણ ટાળી દેતો, ઉન્નત થઇને ઊભીશ.' એ પ્રકારે, પહેલી કડીમાં,સામાન્ય સંજોગોમાંથી ઉચ્ચોન્નત ભૂમિકાએ પહોંચવાની મહદ આકાંક્ષા સેવતો માનવી એથી પરિતૃપ્તિ ન પામતાં, જે અભાનપણે અહંતામાં સરતો જાય છે તે પાંચમી લીટીથી બહુ સબલ વાણીપ્રવાહથી બતાવ્યું છે. 'સાત સાગરે ગાજતા નવ દ્વિપોમાં અને ભૂ-સમસ્ત પર તો શું પણ સકળ લોકમાં રાજતા કોઇ મહાન જગતવ્યાપી ભરખજવાલ જ્વાલામુખીના મુખ પર વિરાજીને ગગનને મૂઠી ભરવાની' વાત હવે તો એ કરે છે; અને ગ્રહો, ધૂમકેતુ, નિહારિકા ને તારા તો પોતા જેવા મહાન માનવીને શિરે મુકુટ શા શોભી રહ્યા છે તથા 'પ્રદીપવિચિમાલ્ય—દીપકનાં મોજાંઓની માળા—જેવી આકાશગંગાની મેખલા પોતાના વિરાટ દેહની કટિ ઉપર પ્રકાશ રેલાવી રહી છે એવડો મહાન પોતે થઇ ગયો છે.' આમ કલ્પના પહોંચે ત્યાં સુધીની મહત્તા પ્રાપ્ત કર્યાની અહંતાનો વિસ્તાર થઇ ગયો છે. હવે પ્રભુની યે શી વિસાત છે? 'તું તો હસ્તામલકવત્—હાથવેંતમાં !' પણ—પણ 'તને ઝાલવા જ્યાં ઊછળું છું ત્યાં તો ?' આખી પરિસ્થિતિ અહીંથી પલટો લે છે અને કાવ્યભાવને એવડું બલ આપે છે. 'પિતા ! તું તો મારા પગમાં જઇને પડયો છે ! અને ત્યાં મેલી ધૂળ ઉપર તને જોવા જતાં મારૂં આ વિરાટ શરીર(અભિમાનવિસ્તાર) જ હવે આડે આવે છે !'

શબ્દયમક સાધવા માટે યોજેલા કેટલાક શબ્દો સાર્થ નથી લાગતા અને પરિણામે સાદી વાણીનું જેમ કે સ્વાભાવિક અર્થપ્રવાહનું ઔચિત્ય ન આવવાને લીધે પહેલાં એકમે વાચનમાં કાવ્યભાવ મનોગમ્ય ન થતાં ક્લિષ્ટ લાગી જાય છે; છતાં કલ્પના અને શબ્દયોજના પર બેઠેલો, એમનો હાથ પરિસ્થિતિને સંભાળી રાખવાને સબળ છે અને ધાર્યું પરિણામ આણે છે. 'નહિ-નહિ જ પાલવે' જેવા પ્રબલ નકારાત્મક શબ્દોમાં મહત્ત્વાકાંક્ષાના જે જોસ્સા વડે કાવ્ય શરૂ કર્યું છે, તથા 'ભરખ જ્વાલ-જ્વાલામુખી તણે મુખ વિરાજીને ગગનને ભરૂં હું મૂઠી'માં જ્વાલામુખી જેવો જ અહંતાનો જે ધૂધવાટ છે, તેવી જ—બલ્કે તેથી પણ તીવ્ર અને કારી, એ ગર્વ ગળીને પોતાની પામરતાનું ભાન થવાની લાચારી છેલ્લી બે લીટીમાં આલેખાઇ છે. કાવ્યનું ભાવસામર્થ્ય સળંગપણે જળવાતું આવતું અંતમાં આમ ટોચે પહોંચે છે. —બ.રા.



થોડા વખત પહેલાં જ મારા એક મિત્ર યુરોપનો પ્રવાસ કરી આવ્યા. તેમને મેં પૂછયું કે આપણે શીખવા જેવા સદ્ગુણો યુરોપ પાસે કયા છે કે જેનો સ્વીકાર કરતાં ન રાજદ્રોહ કહેવાય કે ન જ્ઞાતિ-દ્રોહ કે કુટુંબદ્રોહ થઈ જાય? એમણે તરત ત્રણ ગુણો ગણાવી દીધા: સ્વચ્છતા, વિનય અને નિયમિતતા.

કોઇને પણ વિચાર કરતાં ખાતરીથી સમજાશે કે આ ત્રણ ગુણો વ્યક્તિ કે સમાજના સંસ્કાર અને સમુદ્ધારના ચ-ણતરમાં સીમેન્ટનું કામ કરનારા છે. એ વિના પ્રગતિનાપ્રયત્નો સફળ ન થઇ શકે.

સ્વચ્છતા વિષે આપણું અને તેમનું ધોરણ જુદું છે આપણે માત્ર નહાવા-ધોવાની નવેણ સાચવવામાં અને આ-ભડછેટ પકડી રાખવામાં સ્વચ્છતા માની છે; એ લોકો ખાનપાન અને હવાને મ-લિન કરનારાં તત્ત્વો તથા જંતુઓને દૂર રાખવામાં અને વિદારવામાં સ્વચ્છતા માને છે. આપણો કુલીન બ્રાહ્મણ નહાઇ-ધોઇ, ત્રિપુંડ તાણી, મુગટો પહેરી ઉકરડા સંડાસ કે ગટરના મોં આગળ બેસી મિષ્ટાન્ન આરોગી શકે છે; જ્યારે યુરો-પીયનોનો આગ્રહપૂર્વક પ્રયત્ન એ હોય છે કે કારખાનામાં બનતાં ખાદ્યો પણ કોઇ પણ માનવીના હાથ માત્રથી અ-સ્પૃશ્ય રહે. અને ચાલતી ટ્રેનમાં પણ ખાવા માટે સ્વચ્છ તથા આનંદદાયક વાતાવરણ હોવું જોઇએ. યુરોપનું નાનું ગામડું પણ જાહેર રસ્તા પર કચરાનો લેશ માત્ર દેખાવ સહન કરી લેતું નથી; આપણે ત્યાંના અમીરો, અમલદારો ને શિષ્ટ નાગરીકોનાં દિવાનખાનાં કે આં-ગણાં સફાઇનો પહેલો પાઠ સુદ્ધાં બતાવી શકતાં નથી. યુરોપમાં બર્લિન શહેર સ્વચ્છતામાં પહેલો નંબર ભોગવે છે. લંડનને તેઓ ગંદું માને છે, તો પછી હિંદનાં મુંબાઈ અને બીજાં શહેરોની શી લાયકી? વીએનામાં મારા એક મિત્ર રસ્તામાં ઊભા હશે ત્યાં ખિસામાંનો એક પત્ર વાંચતાં નકામો લાગ્યો અને તે ફાડી ટુકડા કરી ત્યાં જ ફેંકી દીધો. એ જ પળે ત્યાંનો પોલીસ તેમની પાસે આવી ખડો થઇ ગયો અને કંઇ કહેવા લાગ્યો. આ ભાઇને જર્મન આવડતું ન-હોતું, પણ રસ્તે જનાર એક ગૃહસ્થે તે-મને અંગ્રેજીમાં સમજાવ્યું કે એ આપની પાસે વિનયપૂર્વક રજા માગે છે કે પેલા પડેલા કાગળના ટુકડા આપને કામના ન હોય તો હું ઉપાડી લઉં? આ સાં-ભળીને મારા મિત્રની શરમનો પાર રહ્યો નહિ, તરત પોતાની ભૂલ માટે માફી માગી એ ટુકડા ઉપાડી લીધા ને નજીક કચરો નાખવાની પેટી હતી તેમાં ફેંકી આવ્યા.

સ્વચ્છતાપાલન માટેના આવા ઉત્કટ આગ્રહથી જ ત્યાંની પ્રજાઓ જીવનમાં આરોગ્યબળ, સ્ફુર્તિ અને ઉત્સાહ માણી રહી છે. કોઈ પણ માણસ—ગમે તેવું હલકું કે મેલું કામ કરનાર હોય તે પણ—કામ કરીને તરત જ અતિશય સ્વચ્છ ને કાળજીભરીરીતે કપડાં પહેરી જાહેરમાં રજુ થાય છે. આથી સમાજ સમસ્તનું દૃશ્ય તાજગીભર્યું ને ચાનક આપતું લાગે છે. આપણા દેશના પાકશાસ્ત્રીઓ જે સ્વરૂપે ભોજનગૃહમાં દર્શન દે છે એ કોઇ પણ સ્વચ્છતાપ્રેમીને કંટાળો અને અણગમો ઉત્પન્ન કરે તેવું હોય છે. સ્વચ્છ કપડાં માટેના થોડા ખર્ચની ખાતર જ એ નિભાવી લેવાય છે. આ પછી શયનખંડ, ઑફિસ, દુકાન કે મંદિરની વાતોનો હિ-સાબ કયાં લઇએ? યુરોપની કેટલીક સ-રસ સીનેમા ફિલ્મમાંથી ત્યાંનું સ્વચ્છતા-નું ધોરણ સમજી શકાય એમ છે. પૂર્વના મુલકોમાં જાપાન સ્વચ્છતામાં યુરોપને પણ શીખવે એટલું આગળ વધેલું મ-નાય છે. અત્યંત ઉદ્યોગી કામગરી અને જગતની બધી સત્તા વચ્ચે લડાયક બળ ટકાવી રહેલી આ પ્રજા સ્વચ્છતા માટે જે વખત અને મહેનત ખર્ચે છે તે જોઇ હિંદની બેકાર પડી રહેતી પ્રજા ચાનક મેળવી શકે.

યુરોપના દૈનિક વ્યવહારોમાં વિનય બહુ જ ધ્યાન ખેંચે છે. ઘોંઘાટથી વાત-ચિત કરવી, ધક્કામુક્કી કરી આગળ ધસવું કે અજાણ્યાને પૂછાપૂછ કરવી, તોછડો જવાબ દેવો યા પહેલો હાથ લાંબો કરી ખાવાનું ઝડપવું વગેરે ત્યાંના શિષ્ટ સમાજમાં ભાગ્યે જ નજરે પડે. ત્યાંના વેપારીઓની સલુકાઇ, તકલિફ સહન કરી લેવાની અને સગવડ આપવાની વૃત્તિ આપણે ત્યાં લગભગ અજાણ્યાં જ છે. કોઇ માણસ કોઇની જગ્યાએ બેસી જાય નહિ અથવા પૂછ્યા વિના ચીજ ખસેડે નહિ કે સામાના હાથમાંથી લઈ વાપરવા માંડે નહિ, એ તો ત્યાં જન-સાધારણની સમજ છે. પણ રસ્તા પરનો પોલીસ પણ રાહદારી કંઇ પૂછે તો અ-તિશય વિવેકથી રસ્તો બતાવે અથવા સાથ આપે. સ્ત્રીઓ અને બાળકોને સ-ગવડ આપવા દરેક જણ તત્પર રહે, એટલું જ નહિ પણ તે માટે પોતાની જગ્યા કે સગવડ જતી કરવામાં ધર્મ માને. પરદેશીને કોઇ મૂંઝવે નહિ, પરદેશીની ભૂલ પર ક્ષમાથી જુએ અને તેની નજરે પોતાનો દેશ હલકો પડે નહિ તે માટે પ્રત્યેક પ્રજાજન કાળજી બતાવે.

શેઠ નોકરને હુકમ કરતાં પણ 'પ્લીઝ'નો ઉપયોગ કરે; 'જરા આટલું કામ કરશો?' એમ કહે. સભાઓ ને નાટકશાળાઓ મેદનીથી ચિકાર હોય, છતાં કાર્યક્રમ શરૂ થયા પહેલાં પણ કોઇ જ ઊંચા સાદે બોલે નહિ અને પરમ શાંતિ જાળવે.

હવે આપણાં પોળો અને વાડીનાં

જમણો, કથાઓ, સભાઓ નાટકશાળાઓ ને નિશાળોનો ખ્યાલ કરો કે ત્યાં વિનયનું વાતાવરણ કેટલું છે. નિયમિતતાની વાત હિંદને મન તપની થડી સમાન થાય છે; જ્યારે યુરોપમાં તો તે સાધારણ ગુણ છે. આપણે ત્યાં આગગાડી જ માત્ર નિયમિતતાનું સ્વરૂપ છે ને તે ન હોત તો આપણે ઘડિયાળ સામે પણ જોત નહિ ! તે સિવાય આપણી નિશાળો, કચેરીઓ ને કોર્ટોમાં તો સમયની વધઘટ નિભાવી લેવાની ઉદારતા જાણીતી છે! નિયમિતતાના કાયદાઓ હોવા છતાં ગમે તે કારણે હિંદમાં એકલા સાહેબ લોકો પૂરતો જ તે માટે આગ્રહ રાખી શકાય એવી સમજ છે. કોઇ ઠેકાણે જો સાહેબનું કામ હોય તો દેશી કારીગર પણ ઊંઘ ખંખેરી દોડધામ કરી વખતસર કામ રજુ કરી શકે છે. તેનું કારણ એ સાહેબની ચીવટ ને ઇંતેજારી છે. પરંતુ યુરોપમાં તમે ચાહો કે ન ચાહો, તમારો નોકર મિનિટે મિનિટ તમારા હુકમ પ્રમાણે વસ્તુ કે વાહન હાજર કરી દે છે; પછી પોતે ભલે ગમે તેટલી અગવડ વેઠી લે. ને તમે પણ કોઇનો વાયદો જો પાળી ન શકો તો તમારો યે આંક મૂકાઇ જાય.

યુરોપની વખત જાળવવાની શક્તિમાં તેનો સંયમ, વ્યવસ્થા અને આરામનો ભોગ આપવાની પરીક્ષા રહેલી છે. યુરોપની યંત્રવિદ્યા, વિજ્ઞાન અને રાજકારણ વચ્ચે નિયમિત કામની આપલેથી જબરું સંગઠન થાય છે. અને ત્યાંની પ્રજાઓના સાર્વભૌમ વિજયની ચાવી આ ત્રણ સાદા ગુણોમાં રહેલી છે.

વતન



માણસજાતને પ્રાણથી યે કોઇ વધુ વહાલું હોય તો તે વતન છે. પહેલો પ્રભુપ્રેમ અને બીજો પ્રેમ વતનનો. એક વતનને ખાતર આજ સુધીમાં લાખ્ખો બત્રીશાઓએ પોતાનાં પ્રાણફુલ વતનની વેદીએ ચડાવ્યાં છે.

વતન કવિઓનું મહામનોરમ સ્વપ્ન છે. એ સ્વપ્નને તેઓએ હમેશ વણથાક ગાયું છે.

વતનને જન્મભૂમિ કહો, માતૃભૂમિ કે પિતૃદેશ કહો. વતન પોતીકા ઘર, ગામ ને પ્રાંતથી માંડી ખંડ પર્યંત વ્યાપક છે. આપણે તેને રાષ્ટ્ર કહીને સંબોધીએ છીએ. જ્ઞાનીને મન આખું વિશ્વ વતન હોય.

જ્યાં પિતૃઓ જન્મ્યા ને જીવ્યા, જ્યાં તેઓએ ધર્મો ને સંસ્કૃતિઓ સ્થાપી એ છે આપણું વતન. વતનને જુદા સંપ્રદાય, વર્ણ, લિંગ કે વયનો બાધ નડતો નથી.

જેની માટીમાંથી પેદા થયા, જેના અન્નજળે પ્રાણ અને પિંડ પોષાય છે, જે મન અને હૃદય સેવે છે જેની માટીમાં માટી રૂપે મળી જઇ નવું સંજીવન સજવાનું છે તે આપણું વતન છે. વતન જાણે બીજું પ્રભુરૂપ છે.

જેના આદર્શો ને અભિલાષો પર જેનાં નીતિવિદ્યા રસશાસ્ત્ર ને તત્ત્વજ્ઞાન પર કોઇપણ મનુષ્ય સંસારી તથા આત્મિક જીવનવિકાસ સાધે છે તે એનું વતન છે.

પરદેશ જતો વતની વતન છોડતાં આંસુ લાવે છે, વતનનો મહિમા ગાતાં ગર્વથી છાતી ફુલાવે છે, વતનને જ ઝંખ્યા કરે છે, અંતે વતનમાં જ મરવાનું માગે છે. વતનીની આંતર અને બાહ્ય સૃષ્ટિ વતન ઉપર નિર્ભર રહે છે.

વતન કોઇ એક જ ઉત્પન્ન થએલી વસ્તુ કે વ્યક્તિ નથી; એક જ કુટુંબ કે નાત નથી; અને છતાં વતન એ સર્વ છે; તથા એ સર્વથી પર એવી હૃદયોર્મિ છે, ચિત્તપાવની ભાવના છે.

સઘળી સમૃદ્ધિ ને સિદ્ધિઓ વતનમાંથી છે, વતનની છે ને વતનને અર્થે છે. આત્મકલ્યાણ ને માનવસુખની સફળ વૃત્તિઓ તથા પ્રવૃત્તિઓની એ જનેતા છે.

વતન પૂર્ણ સૌંદર્યફળ છે, વતન સૌ ગુણોનું હિરણ્યપાત્ર છે, એમાં રજમાત્ર અવગુણ નથી. વતન આપણું ચિરંતન વૈકુંઠ છે, એવા વતનનો સદા જયકાર હો.

દેશળજી પરમાર

નેપથ્યમાંથી

મારા ભર્યા મૌન સરોવરે આ
કો ફેંકશો ના અહીં શબ્દકાંકરી;
મારૂં વિંટાશે સ્થિર પ્રાણપુષ્પ
તરંગની વર્તુલ શૃંખલામાં ! (ઉમાશંકર જોષી)

કોઇ ઊંડો અર્થબોધ કે ગહન તત્ત્વબોધ આમાં નથી; જીવનધ્યેયનું કોઈ મહાદર્શન પણ નથી. પરંતુ મુક્તકમાં ગહન તત્ત્વભાવ જ અનિવાર્યપણે હોય એવું નથી. જીવનમાં પ્રિય એવી કોઈ નાનીશી તીવ્ર વાસના (Sentiment), એટલી જ તીવ્રતાથી, બે, ત્રણ કે ચાર લીટીમાં સુખચિત રીતે, મનોગમ રૂપકની સહાયથી દર્શાવવા માટે મુક્તક ઉચિત સાધન છે.

ઉપરના મુક્તકમાં પ્રકટ કરેલા એકાકી વૃત્તિના ભાવને બરોબર અનુરુપ ઉપમા ભાઈ ઉમાશકરને લાધી છે, અને કલ્પના તથા શબ્દનું માધુર્ય એ બંને પણ એટલા જ ઔચિત્યપૂર્વક સધાયાં છે. 'ભર્યા' શબ્દથી 'મૌન સરોવર'ની છલોછલતા ઉપરાંત શાંત સ્થિરતા પણ સૂચિત થાય છે, અને 'મારા' તથા 'ભર્યા' એ બંને આકારાન્ત રકારની વર્ણસગાઇ એ ભાવમાં ઉમેરો કરે છે. છેલ્લી બે લીટીમાં પણ દ્વિઅર્થી 'તરંગ' (મોજાંનું કુંડાળું. વિચારતરંગ) શબ્દ મૂકવામાં અર્થસાધક દક્ષતા વાપરી છે.

ꕥ

એમનાં જ બીજાં બે સૉનેટ આ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ થાય છે. એમાંનું પહેલું, એમનાં ઘણાં કાવ્યોની પેઠે દેશસ્થિતિ પ્રત્યેના સમભાવથી ઉદ્ભવેલા ચિત્તક્ષોભનું પરિણામ છે. કર્તવ્યક્ષેત્રને ઉંબરે ઊભેલા ભાવનાસેવી, મહદાકાંક્ષી, તરુણ કવિને પ્રશ્ન થાય છે કે જીવનવહેણ કયે માર્ગે વાળવું? સુભગ કલ્પનાવ્યોમમાં કવિતાની પાંખે ચડી વિહાર કરવો કે જડ પૃથ્વીતલ પર જડાઈ જઈને ત્યાંનાં અનેક પતિત માનવબંધુઓના મેલ ધોવામાં જીવનગંગા વહેવડાવી દેવી ? સુંદર રસપૂર્ણ સાહિત્યકૃતિઓ સરજવી કે પ્રજાજાગૃતિના ક્ષેત્રમાં પડી મૂંગા, કંગાલ, કચડાએલા આત્માઓનાં દુઃખ હૃદયના લોહીમાં બોળેલી લેખણે ચીતરવાં? આ જીર્ણ મંદિરના સૂને બારણે હૃદયગાન ગાતાં ઝૂર્યા કરવું કે માનવકલ્યાણની વેદી ઉપર વિશુદ્ધ બલિ તરીકે વધેરાઈ જઇને દેશનું ઉજ્જ્વલ ભાવિ સરજવામાં નિમિત્ત બનવું ?—પ્રશ્નો એક પછી એક તીવ્ર થતા જાય છે; ભાવ એક પછી એક ગાઢતર થતો જાય છે; કર્તવ્યભાન કડી પછી કડીમાં ઉગ્ર થતું જાય છે. ઇશ્વરે બક્ષેલી સર્જનશક્તિને મનોરંજક ભાવોત્તેજક સાહિત્યસર્જનમાં વાળવી કે દીનદલિત દેશબંધુઓના સેવાક્ષેત્રમાં ? એ આ યુગના પ્રત્યેક શક્તિસંપન્ન યુવક આગળ ઊભેલો પ્રશ્ન આ રીતે ત્રણ કડીમાં દર્શાવીને છેલ્લી બે લીટીમાં અંતરના અવાજ રૂપે તેનો ઉત્તર વ્યક્ત કર્યો છે: 'અણુમાં જ વિરાટનાં દર્શન કરી લે; વર્તમાનની પ્રત્યેક ક્ષણને ઉગ્ર કર્તવ્યથી એવી ભરી દે કે જીવનભર શાશ્વત બની રહે.' કાવ્યાંત માટે કેટલો સારગર્ભ સંદેશ !

બીજા સૉનેટમાં એમણે યુગરંગે રંગાએલાં પોતાનાં કાવ્યકથન શું છે ને શું નથી તે સ્પષ્ટ જોરદાર ભાષામાં વ્યક્ત કર્યું છે.

ꕥ

થોડા દિવસ પર એક મુરબ્બી સ્નેહી સાથે વાત થઈ તે મુજબ આ ૧૯૩૩નું વર્ષ પ્રકાશનોની બાબતમાં તો ગુજરાતી સાહિત્ય માટે ખરેખર Golden Year(સોનાનું) છે.ગુજરાતના લગભગ બધા જ અગ્રગણ્ય લેખકોનાં, અને તેમની શકિતને જેબ આપે તથા સાહિત્યને ઊજળું કરે એવાં પ્રકાશનો આ વર્ષમાં થતાં આવ્યાં છે, ને હજી થવાનાં છે. કવિતાના ક્ષેત્રમાં શ્રી ચન્દ્રવદન મહેતા અને શ્રી 'સુન્દરમ્' એ બંને જાણીતા યુવાન અને શકિતશાળી પદ્યકારોના સંગ્રહો હમણાં વડોદરાથી શ્રી મૂળશંકર સોમનાથ ભટ્ટે પ્રકટ કર્યા છે. રૂચિર સુરૂપતા તથા શિષ્ટ રસવૃત્તિ દાખવતાં પ્રકાશનો માટે હોંશ ધરાવનાર શ્રી ભટ્ટનાં આ બંને પ્રકાશનો એમાંની કવિતાસામગ્રી જેટલાં જ રૂપેરંગે પણ મનભર અને સમૃદ્ધ છે. શ્રી ચન્દ્રવદન મહેતાનાં 'ઈલાકાવ્યો'માંનાં પંચાવને કાવ્યો ઉપર શ્રી કનુ દેસાઇએ ખાસ આલેખેલું, એમાંના કાવ્યભાવને અનુષંગી એકએક શોભનચિત્ર મૂકેલું છે. બીજની કલા જેવા મૃદુ અને સુંદર ભગિનિપ્રેમ આલેખતા એ કાવ્યસંગ્રહના પૂંઠા પર સંધ્યાના એવા જ ગહન કોમળ ભાવ પ્રેરતા રંગોની રચના છે; અને મંગલભાવસૂચક પીતામ્બરી પીળા રંગના પૂંઠા ઉપર 'सत्यं शिवं सुन्दरम्'ની ભાવના આલેખતા શ્રી કનુ દેસાઇના ચિત્રવાળું 'કાવ્યમંગલા'નું પૂંઠું કમલસરના બે પ્રેમસૂચક રંગો સાથે સોહે છે. એ કાવ્યસંગ્રહના સુઘડ મુદ્રણની રૂપરચના નમૂનેદાર છે.

ꕥ

શ્રી ચન્દ્રવદન મહેતાને ગુજરાતી કાવ્યસાહિત્યના છેલ્લા દોઢ દશકામાં પ્રવર્તેલા નવયુગના અરુણ જેવા કહી શકાય. આ યુગની કવિતાનાં વિશિષ્ટ કલ્પનામાધુર્યવાળાં રૂપકોની શરૂઆત કરનારાઓમાંના એક તેઓ છે. સૉનેટનું બંધારણ ગુજરાતી કાવ્યમાં પ્રથમ ઉતારવાનો હક્ક શ્રી બલવન્તરાય ઠાકોરનો; તેને ઝીલીને પ્રચારવાની પહેલનો યશ શ્રી ચન્દ્રવદન મહેતાનો. પણ જેને માટે એમની કીર્તિ કદાચ ચિરંજીવ રહેશે તે, ગુજરાતના કાવ્યસાહિત્યમાં એમનું વિશિષ્ટ અર્પણ એ તો એમનું ભગિનિપ્રેમનું ગાન. નિર્દોષ એટલો જ ઉત્કટ અને રમતિયાળ તેટલા જ મૃદુ ભાવથી ભરેલો એ નિર્વ્યાજમનોહર ભાઈબહેનનો પ્રેમ ગુજરાતી કાવ્યરૂપમાં ઉતારવાની એમની સફળતા એમની પહેલ જેટલી જ અનન્ય હજી સુધી રહી છે. ઈલા નામધારી જૂજવી ભગિનિમૂર્તિને ઉદ્દેશીને રચાએલાં એમનાં કાવ્યોની ઓળખ 'કુમાર'ના વાચકોને આપવાપણું નથી. એ કાવ્યોમાં કિરીટ જેવું છેલ્લું સુંદર સૉનેટ 'સ્મારક' હજી ગયા આસોના જ અંકમાં આવી ગયું છે એટલો નિર્દેશ વાનગી પૂરતો અહીં કરી લઇએ. ભગિનિકાવ્યો ઉપરાંત એમના સુવિખ્યાત કાવ્ય 'વિસર્જન' જેવાં બીજાં સૉનેટો તથા બીજી બધી કાવ્યકૃતિઓ પણ એમના આ સંગ્રહમાં છે. **ઈ.ત.**

ઇરાનનો ઉદ્ધારક રીઝાશાહ પહલવી



કોઇ અણજાણ ઇરાની ગામડાના મામૂલી ખેડૂતનો છોકરો, અસંતોષની આગથી જલતો, મહત્વાકાંક્ષાની પાંખે ચડી ઇરાની લશ્કરમાં જોડાયો, અને સિપાહ, સિપાહસાલાર, અફસર, વઝીરેજંગ (લડાઇખાતાનો પ્રધાન), વડો વઝીર, સરમુખ્ત્યાર ને અંતે શાહનશાહે ઈરાન સરઝમીન—એમ જીવનની સીડીનાં પગથિયાં એક પછી એક ચડતો, આજ તેની ટોચે ચડી જગતભરના રાષ્ટ્રવિધાયકો અને સરમુખ્ત્યારોની હરોળમાં, પોતાની તેમજ પોતાની સાથે જ ઘડતર કરેલા પોતાના દેશની યશપ્રભા ઝળકાવતો ઊભો છે. એ રીઝાશાહ પહલવી એ કુદરતનો કોઈ અકસ્માત કે ચમત્કાર નથી, પણ પરિશ્રમ અને પુરુષાર્થ ખેડી ખેડી તેમાં વાવેલી મહત્વાકાંક્ષાની મંજરીઓનો મધુ છે.

દુનિયાના સરમુખ્ત્યારોમાં મુસૉલિની કે મુસ્તફા કમાલને બાજુએ રાખીએ તો આધુનિક ઇરાનનો ભાગ્યવિધાતા રીઝાખાં પહલવી તુલનામાં અન્ય કોઇ કરતાં ઊતરે નહિ. એણે પોતાના દેશનું–ઇરાનનું–મહત્ત્વ વધારીને એને જગતના પ્રગતિશીલ રાષ્ટ્રોની હરોળમાં આણી મૂક્યું છે, એટલું જ નહિ પરંતુ જે સામ્રાજ્ય પર સૂર્ય કદી આથમતો ન હોવાનો દાવો કરાય છે એવા સામ્રાજ્ય પાસે પણ પોતાનો કક્કો ખરો કરાવ્યો છે. રીઝાખાંએ જે દિવસે તેલના કૂવાઓના ઇજારા સંબંધે બ્રિટિશ કંપનીને સાફસાફ વાતો સુણાવી દીધી તે દિવસથી વિશ્વની નજરમાં રીઝાંખાની કીમત અનેકગણી વધી છે. ધ્વંસના ગર્ભમાં જ નવસર્જનનાં બીજ રોપાએલાં હોય છે. અમંગલની પાછળ મંગલ, અકલ્યાણની પાછળ કલ્યાણ, હજારો માઇલ દૂરથી કંટકમય પથને કાપીને મનુષ્યને દર્શન દે છે. યુરોપની મહાયુદ્ધની ઘટનાઓ એનું સાક્ષાત પ્રમાણ છે. પોતાનાં સંતાનોના તપ્ત રક્ત વડે ધરતીમાતા લાલ બની રહી હતી, દુઃખાર્ત માતાઓની ચીસોથી જનતા ત્રાસી ઊઠી હતી, નવયૌવના વિધવા પત્નીઓના કરુણ આક્રંદ વડે દિશાઓ કંપી રહી હતી; છતાં એ ભયંકર હાહાકાર વચ્ચેથી માનવજાતિના કલ્યાણની ભાવના ઉદ્ભવી.

એ નવીન જાગૃતિની એક લહેરે એશિયાના સૂતેલા પ્રાણને પણ ઢંઢોળ્યા. આજે એના જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અજબ પરિવર્તન નજરે ચડે છે. સૈકાઓ પૂર્વે દુનિયાને સભ્યતા અને સંસ્કૃતિના સંદેશ દેનારૂં ચીન બંધનમાં પડેલું હતું તે જાગ્યું અને ૪૦ કરોડની એ પ્રજા આજે સાભિમાન પશ્ચિમને પડકાર આપી રહી છે. બીજી તરફ તુર્કસ્તાન કોઇ અજબ પ્રગતિને પંથે પડ્યું છે. ભારત તો હલમલી ઊઠ્યો છે જ. એવો જ આ જાગૃતિની લહેરના સપાટે ચઢેલો બીજો દેશ તે રીઝાખાં પહેલવીનો ઇરાન છે.

પૂર્વાવસ્થા અને જન્મ

મહાયુદ્ધ પહેલાંનાં દસ વર્ષો ઇરાનને માટે મહા સંકટનાં વર્ષો હતાં. દેશમાં ચારે બાજુ ઘોર અરાજકતા ફેલાઇ હતી. દુષ્કાળને લીધે પ્રજા રાજદેણ અદા કરવા લાચાર હતી; પરિણામે રાજભંડાર ખાલી હતો. જે થોડીઘણી આવક કરની વસૂલાતમાંથી આવતી એ વિલાસી રાજાના વિલાસમાં ખતમ થઇ જતી. શાહ બેદરકાર બની યુરોપીય દેશોમાં રઝળ્યા કરતો; ક્યારેક ઇટલીમાં તો ક્યારેક ફ્રાંસમાં, ક્યારેક લંડનમાં તો ક્યારેક જર્મનીમાં; એ સર્વ સ્થાનોમાં પૅરીસની મોહિનીએ એને ભારે આંજ્યો હતો. કોણ જાણે દેશનું કેટલું યે દ્રવ્ય એ શાહે યુરોપનાં બજારોમાં વહેવડાવ્યું હશે!

આ તકનો લાભ લઇ યુરોપનાં બે શક્તિશાળી રાજ્યોએ ઇરાનના ઉત્તર અને દક્ષિણ ભાગોમાં પોતપોતાનો અડ્ડો જમાવ્યો. એક બાજુ ઝારશાહી રશિયાએ ઇરાનની સેના અને શાહને હાથમાં લઇ પોતાની સત્તા જમાવી હતી, બીજી બાજુ લાગ જોઇ તરાપ મારવા ટાંપી રહેલા બ્રિટનને પોતાના વ્યાપારને સ્થિર કરવાની ચિંતા હતી. પરંતુ બ્રિટનનો શાહીવાદ પોતાનાં મૂળિયાં ઇરાનમાં એટલાં ઊંડાં નાખી ન શક્યો. ઇરાનનું ભાવિ ઉજ્જવલ હતું. એ જ અરસામાં યુરોપને ખૂણે ખૂણે તલવારનો ખણખણાટ શરૂ થયો રણદુંદુભિનો નાદ ગાજી ઊઠ્યો અને મહાયુદ્ધમાં રોકાએલાં એ ઉભય રાષ્ટ્રોને ઇરાન ઉપરની આસુરી લાલસાને ટૂંક વખત માટે રોકવી પડી. ત્યાર પછી તો જે મહાપુરુષના અવિશ્રાંત પરિશ્રમ વડે જર્જરિત ઇરાન આજે પુનઃ ઊઠી શક્યું છે એ રીઝાખાં પહલવીએ શહેનશાહની પદવી ધારણ કરી.

એનો જન્મ આજથી પચાસ વર્ષ પૂર્વે મજનદરાન નામના પ્રાંતમાં એક રંક કૃષિકારને ઘેર થયો હતો. એનો બાલ્યકાળ એના પિતા સાથે ખેતીમાં જ વીતેલો. પરિણામે કોઇ પ્રકારનું શિક્ષણ—અક્ષરજ્ઞાન પણ—એને ન મળ્યું. એક દિન ઓચિંતું એનું દિલ જાગી ઊઠ્યું. એ ઘરથી ભાગીને ઇરાનની સર્વશ્રેષ્ઠ સેના કૅતીકમાં એક સાધારણ સિપાઇ તરીકે દાખલ થઇ ગયો. પણ ભાગ્ય એને પડખે હતું. ટૂંક સમયમાં તો એ પોતાની અસામાન્ય પ્રતિભા અને એવી જ અસાધારણ રણકુશળતા વડે ઉચ્ચ અફસરની પદવી પર પહોંચી ગયો. પછી તો એણે પોતાના સૈનિકોને એવા તો સંગઠિત અને કેળવાએલા બનાવ્યા કે જે જોઇને ઇરાન ઘડીભર ચકિત થઇ રહ્યું.

ઍંગ્લો-પર્શિયન કરાર

મહાયુદ્ધ સમાપ્ત થયું ન થયું ત્યાં ઇ.સ. ૧૯૧૯માં બ્રિટનના ચતુર રાજનીતિજ્ઞ લૉર્ડ કર્ઝન અને પર્સી કૉકસ નામની બીજી એક વ્યક્તિએ ઇરાનની સરકાર સાથે એક સંધિપત્ર તૈયાર કર્યું કે જે ઍંગ્લો પ્રર્શિયન કરારને નામે ઇતિહાસને પાને સુપ્રસિદ્ધ છે. આ સંધિનો પ્રથમ આશય તો ઇરાનમાં કોઇ બીજા રાષ્ટ્રનો પગપેસારો ન થાય એ હતો. એ સંધિ મુજબ ઇરાનની આર્થિક ઉન્નતિ અને સુધારા માટે ઈંગ્લંડે એને ૨૦ લાખ પૌંડની રકમ ધીરી. ઇરાનને પોલીસ અને સૈન્ય-ઑફિસરો તેમજ દારૂગોળો ઈંગ્લંડ પૂરાં પાડે; અને ઇરાનની સરકારની સહાય માટે નિષ્ણાત કર્મચારીઓ તથા રેલ્વે, તાર, ટપાલ, રસ્તાઓ ઇત્યાદિ તમામનો પ્રબંધ ઇંગ્લંડ કરે. આ સંધિનું સીધું પરિણામ એ થયું કે ઇરાનનું રાજ્ય અને સેના બંને અંગ્રેજોના નિયંત્રણ અને દેખરેખ હેઠળ આવ્યાં.

આ સંધિને અમલમાં લાવવાના ઇરાદાથી ઇ.સ ૧૯૧૯ના સપ્ટેમ્બર માસની ૧૯મી તારીખે લંડનમાં પરરાષ્ટ્રમંત્રી કુમાર ફિરોજ અને સમેઉદ્દૌલાને એક દમામભર્યું ખાણું આપવામાં આવ્યું. એ ભોજન વેળા બ્રિટનના ચાણક્ય કર્ઝને એમને એમ સમજાવવાનો પ્રયાસ કર્યો કે 'ઇરાન બહુ નિર્બળ અને અરક્ષિત રાષ્ટ્ર છે એટલે એને એક બળવાન દેશની સહાયતાની આવશ્યકતા છે; આ સંધિથી એની પૂર્ણ સ્વતંત્રતા તો એ હમેશાં કાયમ રાખી જ શકશે; અંગ્રેજો સ્વપ્નામાં યે નથી ઇચ્છતા કે ઇરાનને એ કોઇ દિવસ પોતાને આધીન કરી લે.' એનો એ મંત્રીઓએ વાળેલો ઉત્તર સાવ વ્યર્થ અને નિર્જીવ હતો. આખરે એ બંનેએ એ સંધિપત્ર પર પોતાના હસ્તાક્ષર કર્યા અને અંતે ઇરાનના વડા પ્રધાન વસૂકઉદ્દૌલાએ પણ સહી કરી દીધી. આના બદલા તરીકે આ ત્રણ મંત્રીઓને બ્રિટન તરફથી ૫૦ લાખ ડૉલર (તે દિવસે લગભગ ૧ાા કરોડ રૂપિયા)નું પારિતોષિક મળ્યું જે એમણે આપસમાં વહેંચી લીધું!

દેશમાં અશાંતિના ગણેશ

એ કહેવાની આવશ્યકતા ન હોય કે ઇરાનની પ્રજાના મોટા ભાગે આ સધિને અપમાનજનક સમજીને એનો વિરોધ કર્યો. સાથે અન્ય પ્રજાઓએ પણ અંગ્રેજોના આ અનુચિત અને પ્રયત્નની નિંદા કરી. પરંતુ વાસ્તવિક રીતે તો બ્રિટનની ચાણક્યનીતિનું પરિણામ ઇરાનની રાષ્ટ્રીય જાગૃતિમાં પરિણમ્યું. જે રીતે એશિયા માઇનર પર યૂનાન (ગ્રીસ)ની ચડાઇએ તુર્કસ્તાનમાં નવીન જીવન પેદા કરી સ્વતંત્રતાની ભાવના સીંચી હતી એ જ રીતે અંગ્રેજોની આ સામ્રાજ્ય-વિસ્તારની ચેષ્ટાએ ઇરાનને ચેતવ્યું—એક ધક્કો દઇ સચેત બનાવી દીધું.

એ વેળા એ રાષ્ટ્રવાદીઓ પ્રતિ સર્વકોઇની ખૂબ સહાનુભૂતિ હતી. દેશમાં અહીંતહીં બળવા અને વિદ્રોહ ફાટી નીકળ્યા, એટલું જ નહિ પરંતુ જંગલી જાતિઓના નેતા કુચીકખાંએ ઉત્તર-પશ્ચિમ પ્રાંતમાં સ્વતંત્રતાનો ઝંડો રોપી દીધો.

રશિયાના પ્રભાવ

ઇ.સ. ૧૯૨૦માં ઇરાનમાં રેશી-સામ્યવાદનું આંદોલન પૂર જોશથી ચાલતું હતું. ઇંગ્લંડનો વિરોધ કરવામાં ઇરાનના રાષ્ટ્રવાદીઓ ખુલ્લી રીતે રશિયાની સહાયતા લઇ રહ્યા હતા. આ પ્રમાણે પોતાનો પ્રભાવ કમી થતો જોઇને ઇંગ્લંડે ઇ. સ. ૧૯૧૯ના અંતમાં ટ્રાન્સકૉકેશિયાના બાકૂ અને બાટુમમાંથી પોતાની સેના હટાવી લીધી હતી; કારણકે એ સમયે એ તુર્કસ્તાનના રાષ્ટ્રવાદીઓ અને રશિયાના બૉલ્શેવીકોને કૉકેકસ તરફ વધવા દેવા નહોતું ઇચ્છતું, અને એ જ કારણે એણે આર્મીનિયાના સંબંધમાં પણ કોઇ પ્રકારનો હસ્તક્ષેપ કરવાનો વિચાર નહોતો કર્યો.

એ જ પ્રમાણે રશિયા પણ પોતાની તૈયારી કર્યે જતું હતું. એ ઇરાનને સામ્રાજ્યવાદી રાષ્ટ્રો અને ખાસ કરીને ઇંગ્લંડની વિરુદ્ધ ઉશ્કેરી રહ્યું હતું. સોવીએટ વર્તમાનપત્રો મિરઝાં કુચીકખાંને દેશના ઉદ્ધારક તરીકે ચડાવી રહ્યાં હતાં. એના તરફથી એક સેના પણ રૅંજીના માછલીના વ્યાપારની રક્ષાના બહાના હેઠળ મોકલવામાં આવી. પુરાણી વ્યવસ્થા પ્રમાણે એ સ્થળ રશિયાના તાબામાં હતું એ ખરૂં, પણ આ સેના મોકલવાનો ઉદ્દેશ તો અંગ્રેજો સામે ડોળા ઘૂરકાવવાનો જ હતો. એ જોઇને અંગ્રેજોએ પણ પોતાની સેના કેસ્ટ સુધી પાછી હટાવી લીધી. આ પ્રકારે ઇરાનમાં બીજી બાજુ રશિયાનું પ્રભુત્વ જામી રહ્યું હતું.

આ સમય સુધી અંગ્રેજોએ તહેરાનના મંત્રીમંડળ પર દબાણ કરવાની પોતાની નીતિમાં લવલેશ પણ ઊણપ ન રાખી અને દબાણ ચાલુ જ રાખ્યું. આ વેળા જ 'ઍંગ્લો પર્શિયન ઑઇલ કંપની'ને ઇરાનના તેલના કૂવાઓનો ઇજારો—એકાધિકાર—આપવામાં આવ્યો. રાષ્ટ્રવાદીઓમાં એક વખત પુનઃ અસંતોષ ફાટી નીકળ્યો અને એમના તરફથી આ ઇજારાનો તીવ્ર વિરોધ કરવામાં આવ્યો.

રીઝાખાંનું આક્રમણ અને નવા મંત્રીમંડળની રચના

આ પ્રમાણે દેશની વારંવાર થતી દુર્દશાથી દ્રવિત થઇને ઇરાનના અધીરા તરુણ કૅઝાક સૈનિકોએ પોતાના સરદાર સિપાહસાલાર રીઝાખાંના નેતૃત્વ હેઠળ સામે થઇ ૧૯૨૧ના ફેબ્રુઆરીમાં એકાએક રાજધાની તહેરાન પર આક્રમણ કર્યું; કશા પણ વિરોધ વિના એમણે એનો



ઇરાનના શાહી મહેલના બગીચાનું દૃશ્ય

કબજો મેળવ્યો. એ વખતે જે પ્રધાનમંડળ સત્તા પર હતું તેને બદલી નવું પ્રધાનમંડળ રચવામાં આવ્યું. નવા પ્રધાનમંડળનો મુખ્ય મંત્રી બનાવવામાં આવ્યો 'રૈદ' પત્રના સંપાદક સૈયદ ઝિયાઉદ્દીનને; અને 'સરદાર-ઇ-સિપાહ' રીઝાખાં પોતે સેનાપતિના આસને આરૂઢ થયો.

આ પદે આવ્યા પછી રીઝાખાંએ જોઈ લીધું કે આખું લશ્કર દેશનું કાબેલ, શક્તિશાળી અને સંપૂર્ણસજ્જ નહિ કરવામાં આવે ત્યાંસુધી દેશની સ્થિતિ સુધરવી અશક્ય છે. એટલે એણે આ ઉદ્દેશ માટે અવિરત પરિશ્રમ કરવા માંડ્યો અને રાત ને દિવસ અથાગ મહેનત ખેડી તેણે થોડા જ માસમાં કેળવાએલા સૈનિકોનું એક સુસજ્જ લશ્કર ઊભું કર્યું. રીઝાખાં લશ્કરી પ્રધાન-પદે આવ્યો તે વેળા દેશમાં કેવી અંધાધૂંધી પ્રવર્તતી હતી તેનું એક જ દૃષ્ટાંત બસ થશે. કહેવાય છે કે એક વાર રાત્રે રીઝાખાં પોતાના એક મિત્ર સાથે ગાડીમાં બેસીને ઘેર આવતો હતો ત્યાં રસ્તામાં હરામખોર લૂંટારાઓની એક ટોળીએ તેની ગાડી પર હુમલો કર્યો. રીઝાખાંએ જોકે તેનો સામનો કર્યો અને થોડીઘણી મુશ્કેલી બાદ તેમને કેદ કરાવી નસીરતે પહોંચાડ્યા; પણ લશ્કરી પ્રધાન જેવાની સામે જાહેર રસ્તા પર લૂંટારૂઓ હુમલો કરવાની હિંમત કરે એ દાખલો દર્શાવી આપે છે કે એ વેળા દેશમાં કેવી અરાજકતા પ્રવર્તતી હશે. આ રંજાડ ટાળવા માટે રીઝાખાંએ દેશભરમાં એકેએક જાહેર રસ્તા પર લશ્કરી પોલીસ નીમી અને પ્રજાજનોને નિર્ભય કરી દીધા.

સૈયદ ઝિયાઉદ્દીન લાંબો વખત પ્રધાનપદે ન ટક્યો, કારણકે સ્વદેશકલ્યાણની ભાવનાથી પ્રેરાઇ જે કાર્ય એ હાથ ધરવા ઇચ્છતો હતો તેને માટે અઢળક

દ્રવ્ય આવશ્યક હતું, અને એની પૂરતી માટે એ અંગ્રેજો પાસે સહાય લેવી ઉચિત સમજતો હતો. પરંતુ એની એ વિચારકોટિથી બીજા બધા ક્ષુબ્ધ થઈ ઊઠયા, એટલું જ નહિ પરંતુ ખુદ રીઝાખાંએ પણ એ પ્રસ્તાવ તરફ સંદેહની નજરથી જોવા માંડયું. આખરે એને પદચ્યુત કરીને એ સ્થાન મુશીરૂદ્દૌલાને આપવામાં આવ્યું, પરંતુ એણે પણ થોડા જ દિવસમાં મતભેદને કારણે એ પદનો ત્યાગ કર્યો.

આ પ્રધાનમંડળના પતન બાદ ઇ.સ. ૧૯૨૩ સુધી ઈરાનમાં ભારે અંધાધૂંધી પ્રસરી. રીઝાખાંના અવિરત પરિશ્રમ વડે એ દરમ્યાન પણ કૈક મંત્રીમંડળો રચાયાં, પણ કોઇ ઝાઝા દિવસ ટકી ન શકયું. એ સમય એવો હતો કે જ્યારે ઇરાનને એવી એક વીર અને પ્રભાવશાળી વ્યક્તિની જરૂર હતી કે જે રાજ્યકારભાર પોતાના હાથમાં લઈ રાષ્ટ્રઉત્થાનના કાર્યને સફળ બનાવે. રીઝાખાં સિવાય અન્ય કોઈ એવી વ્યક્તિ નજરે નહોતી આવતી. આખરે એને વડા મંત્રી અને સેનાપતિ બંને હોદ્દાઓ ગ્રહણ કરવા પડયા.

ઈરાન સાથે રશિયાની સંધિ

ઇ.સ. ૧૯૧૭માં રશિયામાં જે ભીષણ બોલ્શેવિક ક્રાન્તિ થઇ તેના પરિણામે રશિયાનું આધુનિક સૉવીએટ રાજતંત્ર હસ્તીમાં આવ્યું. એણે ઈરાન સાથે પોતાની જૂની નીતિ તદ્દન બદલી નાખી. તહેરાનમાંના સૉવીએટના પ્રથમ એલચી એમ. થીઓડોર રોથસ્ટેઇને પોતાની સમગ્ર શક્તિ ઇરાન પર રોકી. ઈ.સ. ૧૯૨૧માં ઇરાન ને રશિયા વચ્ચે એક સંધિ થઈ જેના અન્વયે ઈરાનનું રશિયા તરફનું ૫૦ લાખનું ઋણ રદ કરવામાં આવ્યું અને ઇરાનની જમીન, ઇમારત, સડક તથા જલયાન ઇત્યાદિ જે રશિયાને આધીન હતાં એ તમામ ઉપરથી રશિયાએ પોતાનો અધિકાર તજ્યો. સૉવીએટ સરકારની એ ઉદારતાનો રીઝાખાંએ કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કર્યો, છતાં રીઝાખાંએ બૉલ્શેવિઝમ—સામ્યવાદના ફેલાવા માટે બહુ ઉત્તેજન ન દીધું, અને ઊલટું પરરાષ્ટ્ર-સચિવ અમાર ઇખતેપારને બૉલ્શેવિકોને સહાય દેવાના આરોપસર ગિરફતાર કર્યો.

આર્થિક સુધારો

પણ રીઝાખાંનો પંથ એટલો સરળ નહોતો. એને વિદ્રોહી જાતિઓને પરાજિત કરવા ઉપરાંત અનેક આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો ઉકેલ કરવાનો હતો. એની મુખ્ય જરૂર તો હતી આર્થિક સુધારાની. દેશનો ધનભંડાર તદ્દન ખાલી થઇ ગયો હતો, અને મહેસુલપદ્ધતિ પણ ઠીક નહોતી. આથી એણે વિદેશથી કોઇ નિષ્ણાત અર્થશાસ્ત્રીને બોલાવવાનો નિશ્ચય કર્યો. એક વેળા આગળ ઇ.સ. ૧૯૧૧માં એ પ્રમાણે અમેરિકાથી એક નિષ્ણાતને બોલાવવામાં આવેલો. આ વેળા પણ ત્યાંથી એક અર્થશાસ્ત્રી ડૉ. એ.સી. મિલ્સપાઉ (Dr. A. C. Millspough)ને ૧૫૦૦૦ પાઉંડના પગારે બોલાવવામાં આવ્યો. ઈરાનની આર્થિક દશા ભયંકર હતી. એ સુધારતાં એને અતિ મુશ્કેલી નડી; છતાં સમય જતાં એણે દેશને ઠીકઠીક સ્થિતિ પર આણવામાં સફળતા પ્રાપ્ત કરી. ઇ.સ. ૧૯૨૩માં બજેટમાં ખાધ હતી. ઇ.સ. ૧૯૨૫–૨૬માં ખાધ વિનાનું બજેટ રજુ કરી શકાયું.

નવેસરથી સેનાની વ્યવસ્થા

એ પછી રીઝાખાંએ નવેસરથી સેનાની વ્યવસ્થા કરવા માંડી. એ પહેલાં ઇરાનનું લશ્કર 'રાઈફલ', 'કૅઝાક' અને 'પોલીસ' એમ ત્રણ વિભાગમાં વહેંચાયું હતું. એ ત્રણેની સંખ્યા અનુક્રમે ૫૦૦૦, ૧૦૦૦૦, અને ૮૪૦૦ હતી. એ યોજના વિદેશીઓની સલાહ પ્રમાણે કરવામાં આવી હતી અને એના અફસરો પણ વિદેશી જ હતા.

રીઝાખાંએ નવીન વ્યવસ્થા હેઠળ વિદેશીઓને સ્થાને પોતાના દેશવાસીઓની નિમણુક કરી. એણે બહારથી વાયુયાન પણ મંગાવ્યાં અને પોતાની સેનાને છ વિભાગોમાં વહેંચી એ પ્રત્યેકની સંખ્યા ૩૫,૦૦૦ની રાખી. જ્યાંત્યાં લશ્કરી શિક્ષણ માટે શાળાઓ ખોલવામાં આવી અને ૨૫ થી ૪૦ વર્ષ સુધીના પુરુષો માટે લશ્કરી શિક્ષણની વ્યવસ્થા કરી એ માટે ફરજિયાત ધોરણ ઠરાવ્યું; એટલું જ નહિ પણ દર વર્ષે એ માટે પચાસ વિદ્યાર્થીઓને ફ્રાંસ મોકલવાનો પ્રબંધ કર્યો.

એ સેનાના બળ ઉપર રીઝાખાંએ એવા અમીર-ઉમરાવોને પણ કર આપવાની ફરજ પાડી કે જેને મન પહેલાં ઇરાની સરકારની કોઇ ગણત્રી નહોતી. ઇરાનનો સર્વેથી શક્તિશાળી સરદાર મહમ્મરાનો શેખ અંગ્રેજોના હાથમાં રમકડું હતો. ઍંગ્લો-પર્શિઅન ઑઇલ કંપનીનું મુખ્ય કાર્યાલય એના રાજ્યમાં હતું. એણે અંગ્રેજો પાસેથી આર્થિક સહાયના મેળવીને વિશાળ



જાપાની કન્યા
ચિત્રકાર · રસિકલાલ પરીખ



જૈન મંદિર · જામનગર

ફોટો · જે. જે બુદ્ધ

ગયા અંકની ફોટો હરીફાઇમાં પહેલું ઇનામ મેળવનારૂં ચિત્ર

સંપત્તિ સંચિત કરી લીધી હતી અને એ રીતે એ મહા શક્તિશાળી અને ઉદ્ધત થઇ ગયો હતો.

ઇ.સ. ૧૯૨૪ના પ્રારંભમાં શેખ અને મધ્યસ્થ સરકાર વચ્ચે ઝગડો ચાલતો હતો. એ કર આપવાની ના પાડતો હતો, અને પોતાના પાડોશી બખ્ત્યારી તથા કાશગઇ જાતિઓને પોતાને પડખે મેળવી લઇ કેન્દ્રસ્થ સરકાર સામે બળવાની તૈયારી કરી લીધી હતી.

શેખની આ ઉદ્ધતાઇ રીઝાખાં શી રીતે સાંખી લે ? એણે પોતાના સુશિક્ષિત ૨૦,૦૦૦ સિપાહીઓની સાથે બખ્ત્યારી રાજ્ય પર ચડાઈ કરી. એની સેનાની સામે વિરોધીઓનો પરાજય થયો અને શેખ વિમાસણમાં પડ્યો. આખરે લાચાર થઈ એણે રીઝાખાંને શરણે જવાની માગણી કરી. પણ એમ એનો વિશ્વાસ કરી શકાય એમ નહોતું. એ એક શસ્ત્ર-સજ્જિત નૌકા પર આરૂઢ થઇને ઇરાનની ખાડીને રસ્તે શેખની રાજધાનીમાં પહોંચ્યો. શેખ આખરે શરણે તો આવ્યો અને જમાનત તરીકે પોતાના પુત્રને રીઝાખાંને તહેરાન લઈ જવા સોંપ્યો. આ રીતે રીઝાખાં કેન્દ્રસ્થ સરકારને સ્થિર અને સુવ્યવસ્થિત કરવામાં સફળ નીવડ્યો.

આ સફળતાઓના પરિણામે રીઝાખાંની સત્તા દેશમાં જામી ગઈ અને એ બહુ લોકપ્રિય થઈ પડ્યો; એટલે એણે પોતાની શક્તિ અન્ય દિશાઓમાં રોકવી શરૂ કરી. એણે ઇ.સ. ૧૯૨૩ તથા ૧૯૨૪માં રાષ્ટ્રીય રાજસભામાં (મજલિસમાં) પોતાના અમલની જગ્યાએ પ્રજાતંત્ર સ્થાપવાનો પ્રયાસ કરી જોયો; પણ એમાં એને સફળતા ન મળી.

રીઝાખાંનો રીઝાશાહ

આ વેળા રીઝાખાંએ આખા દેશમાં પર્યટન કર્યું અને ઠામઠામ એનું સુંદર સ્વાગત થયું. એને એ ઉપરથી ખાતરી થઇ કે આખા દેશમાં પોતાની હાક વાગતી હતી, એટલે પોતે નિર્વિઘ્ન શહેનશાહ થઇ શકતો હતો. પણ એ વિચાર એણે દબાવી રાખ્યો. ઇરાનના લોકો બાદશાહને ઇશ્વરનો અંશ માનતા અને દેશમાં એવા મુલ્લાં તથા સરદારોનું પ્રાબલ્ય હતું કે જેઓ શાહી વંશના કોઈ તનુજને બાદશાહના આસને બેસાડવામાં ધર્મ માનતા હતા અને અનુકૂળ અવસરની રાહ જોઈ રહ્યા હતા.

આ વેળા કજર વંશનો જૂનો શાહ ફ્રાન્સના મહાલયોમાં મોજશોખમાં મશગૂલ હતો. પ્રજાએ તેને પાછા આવીને દેશની લગામ સંભાળી લેવાને વારંવાર વિનવ્યો, પણ તેની મોહનિદ્રા ઊડી નહિ. માત્ર ૧૯૨૪માં ટૂંક વખત માટે તે દેશમાં આવ્યો અને પાછો ફ્રાન્સ જવા ઊપડ્યો. આ બેપરવાઇથી લોકોનાં દિલ તેના પ્રત્યે ખાટાં થઇ ગયાં અને ચોમેરથી પ્રજાજનોએ પોકાર ઉઠાવી એ શાહને પદભ્રષ્ટ કરવાની રીઝાખાંને વિનંતિઓ કરી. આખરે ૧૯૨૫માં ઇરાનની 'મજલિસે' કજર રાજવંશનો અંત જાહેર કરીને નવી યોજના ઘડાતાં સુધી રાજ્યની લગામ રીઝાખાંને હાથ સોંપવાનો ઠરાવ કર્યો. થોડા જ વખત પછી ફરીથી 'મજલિસ' મળી અને તેને સર્વાનુમતે શહેનશાહ તરીકે ચૂંટાયો. ૧૯૨૬ના એપ્રિલની ૨૫મીએ રીઝાખાંએ શાહ રીઝાશાહ પહલવીનું બિરૂદ ધારણ કર્યું. પોતે પુરાણા વંશનો તાજ ધારણ ન કરતાં પહલવી વંશનો નવીન મુકુટ ધારણ કર્યો.

ઇરાનની રાજગાદી પર આવ્યા પછી રીઝાશાહે દેશને સર્વતોમુખી સુધારા અને પ્રગતિના પંથ પર મૂકવા માંડ્યો. પ્રજાજીવનના એકેએક પાસામાં નવા વિચાર અને નવા સંસ્કારના પાશ પાડી આખી પ્રજાનું નવેસરથી પુનર્જીવન ઘડીને ઇરાનીઓને દુનિયાભરની અગ્રણી પ્રજાઓની હરોળમાં બેસાડવાના તેને કોડ છે. પહેલું કામ તેણે દેશને મુલ્લાંઓની સત્તામાંથી મુક્ત કરવાનું કર્યું. રાજ્ય તરફથી નીમણુંકનું સર્ટિફિકેટ મેળવેલા વિદ્વાન અને સંસ્કારી મુલ્લાંઓ સિવાય બીજો કોઇ પણ માણસ પ્રજા ઉપર ધાર્મિક હકુમત ન ભોગવી શકે એવું તેણે ફરમાન કાઢ્યું. લશ્કરને તો તેણે છેલ્લી ઢબની યુરોપી તાલીમ આપી જ હતી. ગાદીએ આવ્યા પછી તેણે ફરજિયાત લશ્કરી તાલીમ સમસ્ત પ્રજાને માટે ઠરાવી. આ કાયદાથી પ્રજાજીવનમાં વિચાર અને આચારનો ઝડપી પલટો આવી જશે, કેમકે ઇરાનના ગામડાનો યુવાનવર્ગ જ્યારે માત્ર બે જ વર્ષની લશ્કરી તાલીમ પામીને ઘેર જાય છે ત્યારે પોતાની સાથે નવયુગના તાજા ને તેજસ્વી વિચારો સાથે લેતો જાય છે.

એણે પોલિસખાતું અને ન્યાયખાતું પણ સુધાર્યાં છે, અને કાઝીઓની જૂની પ્રથાને નાબૂદ કરી છે. દેશની આર્થિક સ્થિતિ સુધરે તથા તેના પર દેશની જ પ્રજાનો કાબુ રહે એ માટે ઇરાનની રાષ્ટ્રીય બૅંક (બૅંકે મિલીયે ઇરાન) સ્થાપી છે. દેશભરમાં નવા રસ્તા ને સડકો નાખીને વાહનવ્યવહાર અત્યંત સરળ કરી દીધો છે.

ઈરાન આજ સુધી બાહ્ય દુનિયાથી એક પ્રકારે નિરાળું—અલગ હતું. એક તો ત્યાં વ્યવહારના સરળ માર્ગો નહોતા. ઘોડા અને ખચ્ચરો વડે લોકો પોતાનો વ્યવહાર નિભાવતા. પણ હવે તો બગદાદથી તહેરાન સુધી મોટરો દોડવા લાગી છે. પાટનગરમાં ટ્રામ પણ ચાલે છે અને રેલવેની નવી સડકો નાખવાની તૈયારીઓ થઇ ગઈ છે.

માત્ર થોડાં વર્ષ પર ઈરાન આખામાં ૫૦૦ જ મોટરો હતી તેને બદલે આજે ૭૦,૦૦૦ ઉપર મોટરો ઇરાનીઓની સગવડ માટે દેશભૂમિ પર દોડી રહી છે. એ ઉપરાંત ઇરાનને વીંધીને એક છેડાથી બીજે છેડે જાય એવી નવી રેલવે લાઇનનું કામ એક જર્મન અમેરિકન કંપનીને ૧૯૨૮ માં સોંપ્યું છે, જે તૈયાર થયે કાસ્પીઅન સમુદ્ર અને ઇરાની અખાતને જોડતો એક મહાન વ્યાપારમાર્ગ ખડો કરી દેશે.

નૌકાખાતાની ખીલવણી પણ એના ખ્યાલ બહાર નથી રહી. ઇટાલિયન ઉસ્તાદો અને અફસરોના હાથ નીચે તે ઈરાનનું નૌકાખાતું અને તેને લગતું સૈન્ય તૈયાર કરાવે છે અને વેપારની સરળતા માટે ઘણાં નવાં બંદરો ઉઘાડ્યાં છે જેમાંનું એક બંદરે પહલવી (પહેલાંનું કાસ્પીઅન સમુદ્ર પરનું પૉર્ટ અંઝેલી) તો આજે યુરોપ સાથેના વ્યાપારનું કેન્દ્ર થઇ પડ્યું છે.

કારખાનાંઓમાં બનેલી વસ્તુઓના પ્રચાર પહેલાં ઈરાનનું હસ્તકૌશલ્ય મશહૂર હતું; પરંતુ છેલ્લાં દસવીસ વર્ષોમાં યુરોપીય વસ્તુઓની આયાતે એ હસ્તકૌશલ્યનો નાશ કરી દીધો હતો. ખાસ કરીને ઇરાનનો રેશમનો વ્યાપાર લગભગ નષ્ટ થઇ ગયો હતો. રીઝાખાં પહલવીએ પોતાના હાથમાં સત્તા આવતાં સ્વદેશી કળાકૌશલ્યને ખૂબ ઉત્તેજન આપ્યું. આજે પોતે પણ કેવળ સ્વદેશી વસ્ત્રો ધારણ કરે છે ને દેશમાં બનતી જ ચીજોનો ઉપયોગ કરે છે; એટલું જ નહિ પરંતુ એના કર્મચારીઓ પણ એમ વર્તે એવું ફરમાન એણે કાઢ્યું છે. આજે ત્યાં રેશમ, ઊન, પિત્તળ અને ચાંદીના પદાર્થો મોટા પ્રમાણમાં બનવા માંડ્યા છે. એણે પોતાનું લક્ષ વૈજ્ઞાનિક પદ્ધતિએ ખેતી કરવા તરફ પણ આપવા માંડ્યું છે.

એ ઉપરાંત વિજ્ઞાન હુન્નરની ખીલવણી કરવા માટે તેજસ્વી વિદ્યાર્થીઓ અને આશાસ્પદ જુવાનોને પરદેશ તાલીમ માટે મોકલવા માંડ્યા છે. લશ્કરી તાલીમ માટે ફ્રાન્સ, વૈજ્ઞાનિક અને વાયુયાનના શિક્ષણ માટે જર્મની, નૌકાશાસ્ત્ર માટે ઇટાલી ને વાયરલેસ તથા એન્જીનીઅરિંગ માટે ઈંગ્લંડ દર વર્ષે રાજ્ય તરફથી તેમજ દેશના શ્રીમંત વર્ગ તરફથી ઉત્તેજન આપીને સંખ્યાબંધ વિદ્યાર્થીઓ મોકલવામાં આવે છે. વૈદક તથા આરોગ્યશાસ્ત્ર માટે કન્યાઓ પણ પરદેશ જવા લાગી છે.

કેળવણી-પ્રચાર

રીઝાખાં કેળવણીનો પ્રખર હિમાયતી છે. ઇરાનમાં આજે નવીન શાળાઓ ખૂલતી જ જાય છે. વિદેશીઓ માટે ૮૦ શાળાઓ તો છે. એમાંની ૨૦ અમેરિકન પાદરીઓની વ્યવસ્થા હેઠળ છે. ઇરાનની પ્રત્યેક શાળામાં ફારસીનું શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે; પરંતુ સામ્પ્રદાયિકતાના પ્રચારની સખત મનાઇ છે. સ્ત્રીકેળવણી માટે પણ પ્રયાસો શરૂ થયા છે. છોકરીઓ માટે ઘણી શાળાઓ ખોલવામાં આવી છે. પ્રત્યેક વર્ષે ૫૦ બાળાઓને વિજ્ઞાન, સાહિત્ય તથા કળા શીખવા પરદેશ મોકલવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. યુવકો તો

આત્મ ટહુકે

· પૃથ્વી ·

નથી કવિત આ, નથી લલિત મંજુ શબ્દાવલિ,
નથી સરલ લોલડોલનવતી સૂરીલી છટા,
ન વા પ્રણયબંસરી હૃદયગીત આલાપતી,
નથી સુભગ કલ્પનો, ગહનનાં ઊંડાં ચિંતનો,
ન કે ગગન વીંધતાં ઉલટતાં ઉરે મંથનો,
અનેક દુઃખતપ્તની ઉપર છાંય ઓઢાડતી
સુશાંત મનભાવતી નથી જ શબ્દઘેરી ઘટા,
નથી અરસ જીવને અલસ સ્વપ્નછાયા ઢળી.

પરંતુ નભ માપવા વિફલ પાંખ ફફડાવતા
પડ્યા વિષમ પાંજરે અરુણ ચંચુ ફેલાવતા
દુઃખી કરુણ પંખી પોપટ તણાં ઊઠે ક્રન્દનો!
અકંપ સળિયા પરે હૃદયનાં વૃથા સ્પન્દનો!

ન પિંજર તૂટે! તદા હલવી દેહબંધો મહા
અતાગ ઉરવ્યોમ આત્મ ટહુકે ઊંડું ગીત આ!

ઉમાશંકર જોષી

સેંકડોની સંખ્યામાં વિજ્ઞાન, વાણિજ્ય શીખવા પરદેશ જાય છે જ. તહેરાનમાં એક વિશ્વવિદ્યાલય પણ સ્થાપવામાં આવ્યું છે. ઇરાનમાં પ્રથમ કેળવણીના માર્ગમાં બે મોટી મુશ્કેલીઓ હતી: એક દ્રવ્યની અને બીજી યોગ્ય અધ્યાપકોની. આથી અધ્યાપકો તૈયાર કરવા ટ્રેનિંગ સ્કૂલ પણ ખોલવામાં આવી છે, જેમાં ફ્રાંસ ને જર્મનીથી કેક શિક્ષણશાસ્ત્રીઓને નોતરવામાં આવ્યા છે.

રીઝાશાહ અને મુસ્લીમ જગત

રીઝાશાહ ઇસ્લામી એકતાના મહાન પક્ષપાતી છે. પોતે પ્રથમ મુસલમાન હોવાનું ગૌરવ લે છે, પછી શીઆ કે સુન્ની. એક વખત ઈસ્લામની વર્તમાન શક્તિ ઉપર બોલતાં પોતે કહ્યું હતું કે, 'અહા ! આજે અમારા ઇસ્લામની એ મહાનતા કયાં છે? આજ તો એ એક ક્ષુદ્ર નદી જેવો સીમાગત દેખાય છે.' ઇસ્લામની એકતાને ઐક્યસૂત્રમાં પરોવવાની ખાહેશથી પોતે તુર્કસ્તાનના વિજય પર હર્ષ પ્રગટ કર્યો હતો, અને કમાલપાશાને એક મણિમય–રત્નજડિત–તલવારની ભેટ મોકલી હતી. પોતે અનેક બાબતોમાં તુર્કસ્તાનના રાજ્યશાસનનું અનુકરણ પોતાને ત્યાં કર્યું. કમાલપાશાની માફક એ પોતે પણ પ્રાચીનતાનો શત્રુ અને નવીનતાનો પ્રેમી છે, પણ પાશ્ચાત્ય આદર્શના અંધ અનુકરણ દ્વારા નહિ, બલ્કે પોતાના ધર્મ ને પોતાની જાતિની સંસ્કૃતિના આધારે. ઇરાન આજે જગતનાં રાષ્ટ્રોની હરોળમાં પોતાનું શિર ગૌરવથી ઊંચું રાખી ઊભું રહેતું કર્યું છે, એ એના પ્રતાપે.

જેવો રણકુશળ તેવો જ રાજકાજમાં એ કુશળ છે. હજુ હમણાં થોડા માસ ઉપર જ ઇગ્લંડ જેવા કાબેલ રાષ્ટ્રને પણ ભારે શિકસ્ત આપી રીઝાશાહે પોતાના મુત્સદ્દીપણાની–રાજનીતિનિપુણતાની–સારા યે જગત ઉપર અચૂક છાપ બેસાડી છે અને એના યશશિખરે એક વધુ કળશ ચડયો છે. પોતાના પુરોગામી રાજકર્તાએ કે એના પ્રતિનિધિઓએ કોઇ નબળાઇને વશ થઇને કરેલા કરાર જો દેશના હિતને હાનિકર્તા હોય તો નવી સરકારને હમેશાં માન્ય હોવા જ જોઇએ એ સૂત્ર રીઝાશાહને માન્ય નહોતું. એને મન ઇરાનનું હિત સર્વોપરિ હતું. એની ચકોરતાએ એ જોઇ લીધું કે બ્રિટિશ ઑઈલ કંપનીને આપેલા ઇજારાથી એ કંપની અનહદ લાભ ઉઠાવે છે, છતાં એનો ઈરાનને પૂરતો બદલો મળતો નથી. એટલે એ કંપનીને એણે પરખાવી દીધું કે એ જૂના કરાર પોતાને માન્ય નથી. અને ઇરાનની પદભ્રષ્ટ સત્તા તરફથી કંપનીને અપાએલા ખાસ લાભો હવે ખેંચી લેવામાં આવશે, સિવાય કે કંપની હાલની સરકાર સાથે નવું કરારનામું કરવાનું પસંદ કરે. પ્રથમ તો ઇંગ્લંડે ડોળા ઘૂરકાવ્યા. જરા જરામાં જેનેતેને ડરાવવામાટે એમ આંખ લાલ કરવાની ઇગ્લંડને ટેવ છે. રશિયામાં મેટ્રોપોલિટન વિકર્સ કંપનીના ઇજનેરોને જાસૂસી માટે રશિયન ન્યાયાસન આગળ ખડા કરવામાં આવ્યા તેમાં યે ઇગ્લંડે ધમપછાડા માર્યા અને પોતાની એ કુટેવનો જગતને પરિચય કરાવતાં વિશ્વની દૃષ્ટિમાં પોતાને હાંસીપાત્ર ઠરાવ્યું. આવી જ ધાકધમકી ઇગ્લંડ ઇરાનને આપવા તો ગયું, પણ એટલામાં જ એણે ઈરાનના હિતના એ વીર દુર્ગપાળની આંખનાં તેજ પારખી લીધાં. રીઝાશાહ પહલવીના નેત્રોના ચમકારાએ ઈંગ્લંડને ડાર્યું અને ઑઇલ

ત્રણ પ્રશ્નો

· પૃથ્વી ·

ફલંગ ભરી ઊડવું ક્ષિતિજ પાર આનંદમાં,
સુખે વિહરવું સદા સુભગ કલ્પનાવ્યોમમાં;
અડોલ અથવા ધરાતલ પરે જડાઉં, અને
તળે પતિત સંગમાં જીવનની વહું ગંગને?

ચિરંતન લસંત માનવસ્વભાવ આલેખતાં
રુડાં અગર શબ્દચિત્ર રસપૂર્ણ કૈં દોરવાં;
શું વા દલિતપ્રાણ મૂક જનની જ કંગાલની
દશા ચીતરવા સ્વરક્તમહીં બોળવી લેખની?

થઇ પથિક જીર્ણ મંદિરતણે સૂને બારણે
રડી રવડી ઝૂરવું હૃદયએકતારા પરે;
થવું જ બલિ વા વિશુદ્ધ જન-મુક્તિવેદી પરે,
અને શમવું સૃષ્ટિના સુભગ ભાવિને ઉંબરે?

'નિહાળ અણુમાં વિરાટ' શ્રવણે પડે ઉત્તર,
'બનાવ ક્ષણ વર્તમાન ચિર-જીવને શાશ્વત!'

ઉમાશંકર જોષી

કંપનીના વડાને રીઝાશાહની સરકાર સાથે નવેસરથી કરાર કરવા ઇરાનને આંગણે આવવું પડ્યું. નવા કરાર થયા તેમાં કંપનીએ ઇરાનની સરકારને અમુક કરોડ રૂપિયાની નુકસાની આપવાનું તથા એક ગૅલન તેલ પર ૪ શિલિંગ પ્રમાણે 'જકાત' અગર 'વેરો' ભરવાનું ઠર્યું, એટલું જ નહિ પણ એ ઉપરાંત ઇરાન એને પોતાને આંગણે વ્યાપાર કરવા દે એના બદલા તરીકે ઇરાની બાળકોને પરદેશી કેળવણીના ઉત્તેજનાર્થે વરસ દિવસે દસ હજાર પૌંડ કંપનીએ આપવાનું કબૂલ્યું. સ્વાતંત્ર્યની મિઠાશ ઓર જ હોય છે. સ્વતંત્ર રાષ્ટ્રનો રાજા જ પોતાના રાષ્ટ્રની આણ અને પ્રતિષ્ઠા આ પ્રમાણે જાળવી શકે તથા ગમે તેવી બળવાન મનાએલી સત્તાને પણ ડારવા શિર ઊંચકવાની હિંમત કરી શકે.

ઈ. ૧૯૦૮માં જે માત્ર બેકુત હતો, જે ૧૯૧૭માં સાધારણ સંત્રી ને ૧૯૨૨માં વડો પ્રધાન થયો એવો એ નર આજે ઇરાનનો શાહ થઇ બેઠો છે. એને ચાર રાણીઓ છે. એમાં પટરાણીથી એને આજે ૧૬ વર્ષનો એક રાજકુમાર–ઇરાનનો ભાવિ શાહ–છે, જે હમણાં સ્વિટ્ઝર્લૅંડમાં શિક્ષણ લઇ રહ્યો છે. શાહને સૌથી નાની રાણી સૌ કરતાં વધારે પ્રિય છે. એની ઉમર કેવળ ૨૬ વર્ષની એટલે પટરાણીની મોટી રાજકુંવરી કરતાં યે ૬ વર્ષ નાની છે. શાહ આજે ૬૩ વર્ષના છે, છતાં એ ૪૫ વર્ષ જેવા નવયુવાન લાગે છે.

ઇરાન જેવા દેશનો બાદશાહ હોવાથી પોતે ધારે તો ભારે એશઆરામ અને મોજશોખથી રહી શકે, પણ રીઝાશાહ ખાનગી જીવનમાં અત્યંત સાદો, ઉદ્યોગી અને નિયમિત છે. કર્તવ્યની તીણી ધાર ઉપર પોતાના જીવનને તે સદા જાગૃત રાખે છે. સવારના વહેલો નિયમિત ચાર વાગ્યે ઊઠે છે અને લશ્કરની તપાસ તથા નિરીક્ષણ પછી લાગટ બાર વાગ્યા સુધી તે ટેબલ પર બેસી અત્યંત સૂક્ષ્મતાથી તથા એકાગ્રતાથી રાજકાજ કરે છે. તે પછી અઢી વાગ્યા સુધી તે આરામ લે છે, જેમાં એના ખાણાનો સમય પણ આવી જાય છે. ખાણું યુવરાજ હોય ત્યારે તેની સાથે નહિતર તે એકલો લે છે. ખાણામાં ત્રણથી વધારે વાનીઓ ભાગ્યે જ હોય છે અને તે અત્યંત સાદું તથા પૌષ્ટિક હોય છે. પોશાક પણ એ સાદો જ પહેરે છે. દબદબાભર્યા જામા અને જવાહીરો કોઇ મોટા પ્રસંગે જ વપરાય છે. તેનો ચાલુ પોશાક તો ખાખી રંગનો લશ્કરી યુનિફૉર્મ જ મોટે ભાગે હોય છે. આમ પોતાનું ખાનગી જીવન પણ પ્રજાજનોને આદર્શરૂપ થાય એવું તે રાખે છે.

રીઝાખાંની મહત્તા એ છે કે તે સમયવર્તી છે. ઉપરાંત તે આદર્શસેવી પણ છે. ઇરાનની પુરાતન કીર્તિને જેબ આપે એવું ભાવિ ઇરાનનું નવસર્જન કરવાના તેને કોડ છે અને એને પાર પાડવા માટે તે રાત ને દિવસ અવિશ્રાંત માનસિક તથા શારીરિક શ્રમ બેડે છે. પોતે 'પહલવી' નામ ધારણ કર્યું એ પણ રોમન મહારાજ્યની સામેના યુદ્ધમાં લેશમાત્ર ઓછું ન ઊતરનાર પ્રાચીન ઇરાની રાજ્યસત્તાની જાહોજલાલીના સ્મરણમાં. દુનિયામાં સૌ પહેલું જગતવર્તી મહારાજ્ય સ્થાપવાની કીર્તિ ઇરાનની છે અને એ કીર્તિવંતું ઇરાન જેટલું સંસ્કારી, શક્તિમાન ને સમૃદ્ધ હતું તે જ કક્ષાએ તેને ફરી પહોંચાડવાની રીઝાખાંની મહત્ત્વાકાંક્ષા છે.

'વિનોદ'

ફોટોગ્રાફિક કળાનું પહેલું અખિલ હિંદ પ્રદર્શન

આ પ્રકારનું પ્રદર્શન સમસ્ત હિંદમાં આ પહેલી જ વાર ભરાય છે. તેનું નામ 'ધ ફર્સ્ટ ઑલ-ઇન્ડિયા સૅલૉ ઑફ ફોટોગ્રાફિક આર્ટ' છે. મુંબાઇમાં 'કૅમેરા પિક્ટોરિયાલિસ્ટ્સ ઑફ બૉમ્બે' એ નામની સંસ્થા સ્થપાઇ છે. એ સંસ્થાના ઉપક્રમથી સર કાવસજી જહાંગીર (જુનિયર)ના આશ્રય નીચે ઉપલું પ્રદર્શન યોજાયું છે. આવતા નવેમ્બર માસની ૪થી થી ૧૨મી તારીખ સુધીના દિવસોમાં મુંબાઇના ટાઉન હૉલમાં તે ભરાશે. તેને માટે ફોટોચિત્રો મોકલવાની છેલ્લી મુદત તારીખ છઠ્ઠી ઑક્ટોબર છે. શ્રી ઊનવાલા, બંડાલાવાલા અને રત્નાગર જેવા કાબેલ અને બાહોશ ફોટો–કલાકારોની સમિતિ પ્રદર્શન માટે કૃતિઓની પસંદગી કરશે. ફોટો હરીફાઇમાં તથા ફોટોગ્રાફીની કલામાં રસ લેતા 'કુમાર'ના સૌ વાચકોનું તે તરફ લક્ષ ખેંચીને તેમાં ભાગ લેવા અનુરોધ કરીએ છીએ. સૅલૉના સેક્રેટરી શ્રી એફ. આર. રત્નાગર સાથે, સેંટ્રલ બૅંક બિલ્ડિંગ ફોર્ટ મુંબાઇ–૧ એ સરનામે પત્રવ્યવહાર કરવાથી પ્રદર્શનના નિયમોને લગતી વિશેષ માહિતી તથા તેનાં ફૉર્મ વગેરે મેળવી શકાશે.

જે કરડયા વિના જીવલેણ નીવડયો એવો લીલો સાપ

મનહર અને વિઠ્ઠલ મુંબાઈમાં દાકતરીનો અભ્યાસ કરતા પોતાના મિત્ર જગમોહનને ત્યાં રજા ગાળવા આવ્યા હતા. આવ્યા પછી તરત બીજે જ દહાડે છેલ્લા શોમાં તેઓ 'ઝેરી સાપ'ની ફિલ્મ જોઇ આવ્યા. ફિલ્મ જોઇ આવીને વિદ્વાન કહેવાતા વિઠ્ઠલ અને જગમોહન વાતો કરવા બેઠા. મનહરને એમાં રસ ન પડયો એટલે એમનાથી કંટાળીને સૂવાનું બહાનું કાઢીને ઊઠયો.

એ સૂવા ગયો તો ખરો, પણ એને ઊંઘ ન આવી ને 'ઝેરી સાપ'ની ફિલ્મના જ વિચારો આવવા માંડયા. આથી તેણે વાંચવા માટે સામેના કબાટમાંથી એક ચોપડી કાઢી. ચોપડીનું નામ 'સાપ અને તેમની જાતો' હતું.

ચોપડીમાં તેને રસ બહુ ન પડયો, પણ તેને ઊંઘ તો ન આવી તે ન જ આવી. અંતે કંટાળીને તેણે ઊંઘવા માટે આમતેમ નજર કરી, ત્યાં સામા ખૂણામાં ખાટલા નીચે તેની દૃષ્ટિ પડી. ખૂણામાંથી આંખ તગતગાવીને તેની સામે કોઇ વસ્તુ જોઇ રહી હતી.

જોઇને તે ચમકયો, પરંતુ એ પોતાની કલ્પના જ માત્ર હશે એમ ધારીને ચોપડીમાં આગળ ચલાવ્યું. તો યે એની નજર વારંવાર સામા ખૂણામાં જ જતી હતી અને એને લાગ્યું કે જરૂર ત્યાં કાંઇક હતું.

ફરી તેણે ચોપડીમાં આગળ વાંચવા માંડયું: 'એ જાતના લીલા સાપોની આંખોમાં અમુક જાતની મેલી આકર્ષણશક્તિ છે અને તે શક્તિ વડે તે માણસને મહાત કરી શકે છે એવી માન્યતા. . . .'

તેની નજર પાછી ખૂણામાં પડી અને તે ફફડી ઊઠયો. ચોપડી હાથમાંથી ધબાક લઇને નીચે પડી ગઇ. આ વખતે તેને સ્પષ્ટ જણાયું કે એ ખૂણામાં એક અતિશય લાંબો લીલો સાપ ગૂંચળું વળીને પડયો હતો અને તેની સામે ઘણી ભયંકરતાથી જોતો હતો.

મનહર ગભરાયો. શું મુંબાઇ જેવા સુધરેલા શહેરના આવા ચોખ્ખા રસ્તા ઉપરના ઘરમાં પણ સાપ? કયાંથી આવ્યો હશે? કોઇક દૈવી ચમત્કારથી?

તે થથરી ઊઠયો અને સફાળો ઊભો થઇ ગયો. પાસેની એક ખુરશી તેણે ઉઠાવી. સાપની આંખો મોટી ને મોટી થયે જતી હતી, અને તેમાં જાણે પોતે ખેંચાતો હતો. તેના હાથમાંથી ખુરશી પણ પડી ગઇ.

તેને છાનામાના બહાર ચાલ્યા જવાનો વિચાર આવ્યો, પણ કદાચ ને પેલું ભયંકર પ્રાણી પણ પાછળ પડે તો? બધા પોતાને બાયલો ગણે તો?

સાપ કયારે એના પર તરાપ મારશે તે ચોક્કસ નહોતું જણાતું, જાણે હમણાં જ એના પર ધસી આવી ચોંટી પડશે એમ તે તાકી રહ્યો હતો.

હવે તો સાપની આંખો તેને બે મહાન સૂર્યો જેવી લાગવા માંડી. તેને જાણે એ બે આંખો બાળી નાખતી હતી અને એ આંખોને લીધે તે હાલવાચાલવાને પણ અશક્તિમાન થઇ ગયો. . . . .

અચાનક તેના મોઢા અને છાતી પર તેને કાંઇક સખત વાગ્યું અને ત્યારે જ એને ભાન આવ્યું કે પોતે પડી ગયો છે. એના માથામાંથી લોહી નીકળવા માંડયું.

એ ખુશ થયો કે પોતે સાપની મેલી આંખોમાંથી મુક્ત થયો. એ વિચારે તેને જરા હાશ થઇ. પણ તરત જ તેને ભાન થયું કે પોતે એ જ ઓરડામાં છે, અને સાપ પોતાથી થોડે જ છેટે પડયો છે. એ વિચારથી એનું હૃદય બમણા જોરથી ધબકવા માંડયું.

પળે પળે તે ઠંડા અને લીસા સાપને પોતાને ગળે વીંટળાતો કલ્પવા લાગ્યો અને તેના મોઢામાંથી ફીણ નીકળવા માંડયું. તેનું શરીર કોઈ અજબ શક્તિથી હાલવા લાગ્યું.

તેણે પોતાની જાતને ઘસડીને દૂર લઈ જવા ઘણું મથન કર્યું, પણ નિષ્ફળ. કોઇ અગમ્ય બળથી જાણે એ પોતાની મેળે જ સાપની પાસે ખેંચાતો જતો હતો!

ॐ

આ તરફ વિઠ્ઠલ અને જગમોહન પણ સાપની વાતો પર જ ચડયા હતા.

'પણ મેં કયાંક એવું વાંચ્યું છે કે અમુક જાતના સાપોમાં મેલી આકર્ષણશક્તિ હોય છે અને તેને લીધે તે માણસને મહાત કરી શકે છે.' વિઠ્ઠલ બોલ્યો.

'છટ્.' જગમોહન બોલ્યો, 'એવી માન્યતા કેટલાક ગધેડાઓની છે.'

'અને તું ઘણો ડાહ્યો છે, ખરૂં?'

'અરે મેં તો એવા એક સાપની શોધ કરી છે કે જે

બધા સાપોને મહાત કરી દે.' જગમોહન હસતાં બોલ્યો.

'એમ કે?' વિઠ્ઠલે પણ મજાક ઉડાવી, 'ક્યાંથી?'

એટલામાં તો એક ઘણી જ ભયાનક ચીસ સંભળાઇ અને ઉપરાઉપરી બીજી પણ બેચાર ચીસો પડતી ગઈ. પછી પાછું બધું શાંત થઈ ગયું.

'એ શું થયું?' વિઠ્ઠલ ઊભો થઈ ગયો.

'ચાલ! જોઇએ!' જગમોહન અને વિઠ્ઠલ જે તરફથી ચીસો આવી હતી તે ઓરડામાં ગયા. અંદર ઉથલી પડેલી એક ખુરશી પાસે મનહર પડ્યો હતો. તેનું માથું અને શરીર ઘણાં જ લોહીલુહાણ થઇ ગયાં હતાં. જગમોહને તેને તપાસ્યો. તે મરી ગયો હતો. બંને આ આઘાતથી આભા જ બની ગયા!

'વિઠ્ઠલ! આનું મોત તાણમાં ને તાણમાં થ[ઇ] ગયું લાગે છે. શું એને તાણનો રોગ હતો?'

'ના ભાઇ,' વિઠ્ઠલ ચિંતાતુર મોઢે બોલ્યો, 'મ[ને] કશી ખબર નથી.'

'ત્યારે આ કશાથી બીનો હોવો જોઇએ. નહિ તો—

'પેલું શું છે?' વિઠ્ઠલે ભયથી બૂમ પાડી.

'અરે! જગમોહન તે તરફ ખૂણામાં જોતો બોલ[ી] ઊઠ્યો, 'આ અહીં ક્યાંથી? આ તો મારી પેલી શોધ!

આમ કહી તેણે પલંગ નીચેથી પેલો સાપ ખેંચ[ી] કાઢ્યો અને સામેની ભીંત પર પટક્યો.

સાપ કપડાંનો બનાવેલો હતો અને તેની આંખોન[ી] જગ્યાએ ખમીસનાં બે બટન ચોંટાડેલાં હતાં.

નિરંજન સુકુમદા[ર]

આકાશ

બે દસકા પહેલાં કોઇએ પ્રશ્ન કર્યો હોત કે 'આપણે આકાશને પેલે પાર કેમ ન જઇ શકીએ?' તો તેને એમ જવાબ મળ્યો હોત કે 'આપણને ઊડવાની શક્તિ નથી; અને હોય તો પણ વિશ્વ એટલું અનંત છે કે આખું વીંધતાં અનંતકાળ લાગે અને તે આપણી પાસે સિલિકમાં ન હોય.' પરંતુ કોઇ તીવ્ર બુદ્ધિનો કુમાર એમ પ્રશ્ન પૂછે કે 'ધારો કે એ બધું મળી ગયું તો?' આ પ્રશ્ન સામે સમસ્ત માનવજાતિ બે દસકા પહેલાં સુધી નિરૂત્તર હતી. પ્રશ્ન આળસુ લાગતો પણ એનો જવાબ ઘણો ગંભીર હતો.

અને હવે મહાત્મા આઇન્સ્ટાઇન (મહાત્મા એટલા માટે કે સર્જનહારની સૃષ્ટિનું મનુષ્યે નહિ જોએલું કે નહિ કલ્પેલું સૌંદર્ય તેણે આપણને સ્થૂલ ભૂમિકા પર જ બતાવ્યું છે) આપણને એ પ્રશ્નનો જવાબ આપે છે. એની પહેલાં ઘણાએ એ પ્રશ્ન આળસુ માનેલો અને તેથી ઉત્તર મેળવી નહિ શકેલા. આ મહાપુરુષે એ પ્રશ્નને બહુ જ ગંભીર માની તેનો અભ્યાસ કર્યો. જો કે તે આપણને તેનો જવાબ તો નકારમાં જ આપે છે. પણ આઇન્સ્ટાઇનના એ નકારમાં અને એની પૂર્વેના વૈજ્ઞાનિકોના નકારમાં જુદાંજુદાં રહસ્યો છે.

આઇન્સ્ટાઇન કહે છે કે તમને અસંખ્ય યુગોનું આયુષ્ય અને વીજળીના વેગે ઊડવાની ઝડપ મળે તોપણ તમે આ વિશ્વનો પાર ન પામી શકો. કારણકે વિદ્યુત અને પ્રકાશ કરતાં વધારે ગતિ કોઇ પણ સ્થૂળ પદાર્થની થઈ શકતી નથી (એ અસંભવિત છે, એટલું જ નહિ પણ હાલની સૃષ્ટિની યોજના સાથે અસંબદ્ધ છે; અને એમ કરતાં કુદરતને પોતાની આખી યોજના બદલવી પડે તેમ છે) અને વળી વિશ્વ પોતે એટલી જ (?) ઝડપથી ક્યાંક ગતિ કરી રહ્યું છે. પણ વિશ્વની આ ગતિમાં એવો ચમત્કાર છે કે, જેમ ચાલતી ગાડીએ ડબાની અંદર ને અંદર ગમે તે દિશામાં આપણે એક સરખો જ કુદકો મારી શકીએ તેમ, વિશ્વ પોતે ગતિ કરે છે છતાં, વિશ્વમાં ગમે તે દિશામાં પ્રકાશ એક સરખી ગતિથી જ જઈ શકે. આથી સૂર્યમાંથી નીકળતો પ્રકાશ પોતે પણ જોકે યુગો થયાં ગતિ કરી રહ્યો છે, છતાં પાછો સૂર્યમાં આવીને જ વિરમે છે. વિશ્વની બહાર તે જઇ ન જ શકે, કારણકે પ્રકાશ પણ એક સ્થૂળ પદાર્થ છે. ટૂંકમાં સ્થૂળ બંધનોથી પર થયા પહેલાં આ સ્થૂળ વિશ્વનો પાર પામવાની શક્યતા નથી જ. અને એ પછીની સ્થિતિ માટે અત્યારનું ગણિતશાસ્ત્ર કાંઇ જવાબ આપી શકતું નથી.

હરિકૃષ્ણ વ્યાસ

હૃદય નથી?

હાથમાં થેલી લઇ બજારે જવાને ચંપલ પહેરતો હતો ત્યાં ઉતાવળે બારણામાં ધસી આવી માળી બખાળી કાઢવા લાગ્યો.

'દેખો તુમ્હારે હરિજન લડકોંને બેચારે ચીલ (સમળી) કે બચ્ચેકો માર ડાલા. તુમ 'હરિજન' 'હરિજન' કહ કર ચાહે ઉતના સિખાઓ, યે નીચ લોગ કુછ ભી સીખને વાલે નહિ હૈં. અબસે હી કિતના ચાંડાલપન કરતે હૈં! બાહેર આ કર દેખો તો સહી.'

હરિજનોની ચાલની અડોઅડ આવેલા એક ધનાઢ્ય બ્રાહ્મણની વાડીમાં એક ઓરડી માગી લઇ અમે રહેવાનું રાખ્યું હતું. અમે 'હરિજન પંડિતો' રહીએ ત્યાં હરિજન બાળકો અમારા મકાનની આસપાસ રમતા ફરે એ જેટલું સ્વાભાવિક હતું એથી ત્રણગણું અળખામણું, વાનરો તથા બાળકોના શત્રુ એવા માળીને ભંગી છોકરાઓનું અમારી આસપાસ આવવાનું લાગે એ હું સમજતો હતો. પણ મહેરબાનીની રૂએ હું કોઇના બગીચામાં રહેલો એટલે હરિજન બાળકો પર માળીના અપમાનભર્યા હુમલા આખો દિવસ સાંખ્યા કરવાને મેં મનને તૈયાર કરી રાખ્યું હતું. આ કારણે 'દેખો તુમ્હારે હરિજન લડકોં' એ વાકય મને ખૂંચ્યું, છતાં ઉદાસીનતાપૂર્વક એ બધી વાત પર મેં ધ્યાન ન આપ્યું. માળી શું બોલી ગયો એ પણ હું પૂરેપૂરૂ સમજ્યો નહિ. સમજ્યો એટલું કે છોકરાઓએ કંઇક બગાડયું છે. એ શું છે તે જોવાને હું બહાર નીકળ્યો ત્યાં તો લચી ગએલી ગરદનવાળી લોહી ટપકતી સમળીને લઈ અમારા બે વિદ્યાર્થીઓ હસતા હસતા સામા મળ્યા. મેં ધાર્યું કે સમળી કયાંક ફસાઈ પડી હશે ત્યાંથી એ લોકો એને ઊપાડી લાવ્યા છે, કારણકે નાનું કે મોટું કોઇ પણ પક્ષી હાથ આવે તો બાળકો પકડયા વિના ન રહે. એટલે મેં સમભાવથી પૂછયું: 'તુમને ઇસે કહાં પર પકડા? કહીં ગિર ગયા થા કયા?'

'નહિ હજૂર, હમને ઇસકો અભી મારા; અભી!' જાણે વાઘ મારી લાવ્યા હોય એમ બોલ્યા.

મેં ધારીને જોયું તો બીચારી સમળીની ગરદન તેઓએ સાવ મચરડી નાખી હતી. ધોતિયું નીચોવતાં પાણી નીતરે તેમ આમળો ખાઇ ગએલી તેની ડોકમાંથી લોહી ટપકતું હતું. એ જોઇને મારો જીવ ચૂંથાવા લાગ્યો. મનમાં મને ગુસ્સો યે આવ્યો; પણ એ નાદાન બાળકોને શું કહું? તેઓ તો ઉમંગથી છલકાતા હતા. જેમ આપણાં બાળકો ઊંચે માંડવેથી ટોપલી ભરીને જાઇનાં ફૂલ ચૂંટી લાવે ને હરખભર્યા પોતાના શિક્ષકને એ બતાવવા લાવે તેમ તેઓ પોતાનો જીતેલો શિકાર મારી સામે ધરી રહ્યા હતા. કેવા કુસંસ્કાર સામે મારે લડવાનું છે એ વિચાર મારા મગજમાંથી વીજળીની પેઠે પસાર થઇ ગયો અને પછી ધીરે અવાજે બાળકોને સમજાવવાનો મેં પ્રયત્ન કર્યો: 'કયોં મારા? મારના કુછ અચ્છી બાત હૈ કયા?'

મને વધુ ઉન્મત્ત જવાબ મળ્યો: 'હમ કયોં ન મારે? ઉસને હમારા નુકસાન કિયા હૈ. ઇસ શયતાનકો તો ઐસી હી સજા હોની ચાહીયે થી.' એમ કહી બંનેએ પોતે પકડેલી બંને બાજુની પાંખોને એકસાથે આંચકો માર્યો અને સમળીનું શબ હિલોળે ચડાવી તેઓ પોતાના ઘર તરફ ચાલતા થયા. મારે પણ એ જ રસ્તે બજારે જવાનું હતું એટલે હું એમની પાછળ ચાલ્યો. મારી પાછળ નાની નાની હરિજન બાળાઓ તથા બાળકો પણ એ સમળીનું કૌતુક કરતાં અને તેને ગાળો દેતાં ચાલ્યાં. પછી ફરી સમજાવવાનો પ્રયત્ન કરતાં મેં પૂછયું: 'ઇસને તુમ્હેં કયા નુકસાન પહુંચાયા?'

'નુકસાન? ઇસને તો બહુત નુકસાયા પહુંચાયા, હજૂર. કઇ મર્તબે ઇસકો હમને ભગાયા, ફિર ભી આ કર વો હમારે યહાંસે માંસકે બડેબડે ટુકડે ઊઠા લે ગયા.'

'તો કયા ઇસકો માર ડાલનેસે માંસ કે વે ટુકડે તુમ્હેં વાપિસ મિલ ગયે?'

'નહિ હજૂર, વહ માંસ ચુરા કર ભાગા તો હમ ભી ઉસકે પીછે હો લિયે. વહ ઉસ ખુમાની (જરદાલુને આ તરફ—ઉત્તર હિંદમાં—ખુમાની કહે છે. તેનું ઝાડ જાંબુના ઝાડ જેવું મોટું ને લીલુંછમ હોય છે.) કે પાસ બૈઠા સો રહા થા. હજૂર, ઉસી વખ્ત મૈંને દબે પાંવ જા કર ઉસકો પકડ લિયા, ઔર વહ ભાગને કો કરતા થા કિ ઇસને ઉસકી ગરદન મોડ દી.'

વીરરસથી ઊભરાતા એમના ઉદ્‌ગારો મને વધુ ને વધુ હતાશ કર્યે જતા હતા. એમને કંઇ પણ વધુ સમજાવવાની મારી હિંમત ન ચાલી. 'તુમને અચ્છા નહિ કિયા.' એટલું કહીને હું ચૂપ થઇ ગયો.

એ જ વખતે જે સમળીનું જુવાનજોધ બચ્ચું માર્યું ગયું હતું તે મોટી સમળી અમારા માથા પર કીકિયારી કરતી આવી ગોળ ઘેરાવો લેતી ઊડવા લાગી. એ સમળી માતાનું આક્રંદ સાંભળ્યું જાય એમ ન હતું. વાલ્મીકિને રામાયણ લખવાની પ્રેરણા કરનાર ક્રૌંચીના રૂદનની જાણે એ પુનરાવૃત્તિ હતી. સમળીનું તીણી ચીચિયારીભર્યું એ રૂદન ઘાતકી હૈયાના એ હરિજન બાળકોથી યે સ્વસ્થપણે સાંભળી ન શકાયું. સમળીની ચીચિયારી એ શિકારીઓની છાતી સોંસરવી પેસી ગઇ. પણ એમનું હૃદય એટલું જાગૃત ન હતું કે તેઓ પોતે કરેલા ખૂનનો પસ્તાવો કરે. ઊલટું, હૃદયાઘાત થતાં પ્રત્યેક જાલિમ હમેશાં કરે છે તેમ તેમાંના એકે એ કકળતી સમળીને ધમકાવી કાઢીઃ

'અજી, ચિલ્લાતી કયા હો! ચૂપ હો જાઓ! જ્યાદા રોઓગી તો તુમ્હારા ગલા ભી ઘોંટ દેંગે. હમારા માંસ ખાનેમેં મીઠા લગતા થા; ઔર અબ ચિલ્લાતી હો? માર ડાલેંગે, માર! ભાગ જાઓ યહાંસે.'

એમ કહેતાકને તેઓ દોડી પોતાના ઘરમાં ઘૂસી ગયા. હું બજાર તરફ વળ્યો. પોતાના બચ્ચાનું મડદું અદૃશ્ય થયું એટલે સમળી પણ પોતાની ચીસો બેવડા જોરથી પાડતી પાડતી આકાશમાં ઊંચે ચડવા લાગી.

બજારે જવાનો ચડાવ ધીમે ધીમે ચડતાં મારી ગમગીની વધી ગઇ. આ બાળકોના સંસ્કાર સુધાર્યા કેમ સુધરશે એ પ્રશ્ન મગજમાં ઘોળાયા કર્યો. મારાથી ઉદ્‌ગાર નીકળી ગયો કે આ હરિજનો સાવ હૈયાસૂના છે. એમને હૃદય જ નથી. કઠોરતા અને ગંદકીના જ તેઓ ઘડાએલા છે. હૃદય હોય તો એ સંસ્કાર ઝીલેને?

વળી વિચાર આવ્યો: 'ત્યારે શું એમને ભણાવવાનું છોડી દેવું? હું અને મારા સવર્ણ ભાઇઓ જ સુસંસ્કારી થઇ શકીએ અને આ લોકો ન થઇ શકે?' ત્યાં પેલી રોતી સમળીની ચીસ પાછી મારે કાને પડી. મરેલી સમળીનું મને દુઃખ ન હતું, પણ એ રોતી સમળીને હું શી રીતે સમજાવું કે 'સમળી માઇ, હવે રોયે કશું વળે એમ નથી. મારા એ વિદ્યાર્થીઓને ફરી એવું ન કરવા સમજાવવા હું મથીશ. બીજું શું થાય? તું એમને ક્ષમા આપ ને આ દુઃખ ભૂલી જા.' મારી પાસે પક્ષીની ભાષા ન હતી, તેમ સંત તુકારામે કબૂતરોને પોતાના માથા પર બેસવા નોતર્યાં હતાં ને કબૂતરોએ એ નોતરૂં સ્વીકાર્યું હતું એવી આત્મશ્રદ્ધા પણ ન હતી કે જે વડે સમળીને કંઇ આશ્વાસન પહોંચાડી શકું.

પણ એક વિચાર મને આવ્યો: 'આ સમળીમાં આટલું હૃદય છે, એ પોતાનાં બચ્ચાં માટે આટલું આક્રંદ કરે છે, તો પછી હરિજન બાળકોમાં હૃદય નથી એમ હું શી રીતે કહી શકું? આજે અત્યારે તે જ બાળકોના આત્મજનને આઘાત પહોંચે તો તેમનું હૃદય પણ આટલું જ—આ સમળી કરતાં દસગણું દ્રવે. ફક્ત એ હૃદય પ્રગટ થવાનો એમનો અવસર જુદો છે એટલું જ.'

મારી ગમગીની ને નિરાશાને બદલે આશા આવી. હરિજનોને પલાળવા અશક્ય માની કામથી ભાગું તો કેવી ભીંત ભૂલું એ મેં જોયું. મનુષ્યમાત્રને હૃદય છે, એ હૃદયને જાગૃત કરવાની જ જરૂર છે એ શ્રદ્ધા ઉપજી. ફક્ત એ કરવાની વિધિ શોધવામાં મારા જેવા કાચા છે એ સાર મેં કાઢ્યો અને રાષ્ટ્રહૃદય જાગૃત કરવા બાપુજી રાતદિવસ બલિદાનની વેદી પર જીવતા બળ્યા કરે છે તેનો મહિમા કંઇક વધુ મારા મગજમાં સ્પષ્ટ થયો.

(આલમોડા) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

એમ કેમ? [અનુસંધાન પૃ. ૨૭૨થી]

જંગલોને લીધે ત્યાં વરસી જાય છે. આથી જ વરસાદનો પહેલો પ્રવાહ હિંદી મહાસાગર અને બંગાળના ઉપસાગર ઉપરથી આવે છે. તે પછી જે વાદળાં અરબી સમુદ્ર તરફ ગયાં હોય તે સહ્યાદ્રિ પર્વતમાળા તથા તે ઉપરનાં ઝાડોનાં આકર્ષણથી ત્યાં વરસી જાય છે. આથી સિલોન ને બ્રહ્મદેશ પછી મુંબઇ તરફ વરસાદ થાય છે. બ્રહ્મદેશ તરફથી જે પ્રવાહ આગળ વધે તે બંગાળ તરફ જાય. મુંબઇ તરફનાં વાદળાં વરસતાં વરસતાં આગળ વધે ને કાઠિયાવાડના દક્ષિણ કિનારે પહોંચે ત્યાં ગીરનાં જંગલને લીધે ત્યાં પહેલો વરસાદ થાય. જે સમુદ્રકાંઠે ઓછાં ઝાડ ત્યાં વરસાદ મોડો થાય છે. મધ્ય કાઠિયાવાડમાં જંગલને બદલે વેરાન ભાગ વિશેષ હોવાથી ત્યાં વરસાદ મોડો અને થોડો પડે છે. કાઠિયાવાડ તરફથી વરસાદનો પ્રવાહ આગળ વધતાં રજપૂતાના તરફ જાય, પરંતુ ત્યાં રણને લીધે ઓછો વરસાદ પડે છે.

જો વરસાદ પહેલી જૂન લગભગ સિલોનમાં શરૂ થયો હોય તો મુંબઇમાં ૧૦મી જૂન લગભગ આવે છે. તે પછી દસ દિવસે કાઠિયાવાડમાં અને તે પછી દસ દિવસે રજપૂતાનામાં આવે છે. **વેણીલાલ બૂચ**



પ્રકરણ ૭મું
મિસર દેશ

નદીનાં પાણી ખૂબ જ ભૂરા રંગનાં હતાં. આસપાસનો પ્રદેશ તદ્દન રેતાળ હતો. દૂર કંઇક ડુંગર જેવું દેખાતું હતું. નદીનાં ભવ્ય સૌંદર્ય સિવાય આસપાસ કંઇ જોવા જેવું જણાતું નહોતું.

'આ કયો દેશ?' મેં ગરુડરાજને પૂછ્યું.

'આ મિશ્ર અથવા મિસર દેશ. અને આ નદી તે દુનિયામાં બીજે નંબરે ગણાતી નીલ નદી.'

'અહીં તો કંઇ જોવા જેવું લાગતું નથી.' મેં આસપાસ નજર કરતાં કહ્યું.

ગરુડરાજ હસતાં હસતાં મર્મમાં જ બોલ્યા: 'અહીં જોવા કરતાં જાણવાનું વધારે હશે. પહેલાં આ પુરાણી પવિત્ર નદીમાં નાહી લે; પછી વાત.'

'ગંગાજી કરતાં પણ એ વધારે પવિત્ર છે?' મેં નહાવાની તૈયારી કરતાં પૂછ્યું.

'પવિત્ર શું, એ તો મિસરનો પ્રાણ જ છે. નીલ નદી ન હોત તો મિસર દેશ પણ ન હોત.' ગરુડરાજે જવાબ દીધો.

નીલમાં સ્નાન કરી હું બહાર નીકળ્યો. ગરુડરાજે કોણ જાણે ક્યાંથી નાસ્તો તૈયાર કરી જ રાખેલો! ખજૂર ને ગરમ ગરમ કૉફી મેં ખૂબ સ્વાદથી ખાધાં ને પીધાં. ખાતાં ખાતાં ગરુડરાજે નીલ નદીનું માહાત્મ્ય કહી સંભળાવ્યું:


'મિસર દેશની કથા એટલે રોમ કરતાં યે વધારે જૂની કથા. લગભગ પાંચ છ હજાર વર્ષની વાત.'

'હિંદ કરતાં યે જૂની?' મારાથી વચ્ચે જ પૂછાઇ ગયું.


'એ સરખામણી શા રીતે કરાય? હિંદુસ્તાન વિષે જોઇએ તેવું સંશોધન જ ક્યાં થયું છે? હમણાં તમારે ત્યાં સિંધુ નદીની ખીણમાં "મોહન-જો-ડેરો" આગળ ખોદકામ કરતાં કોઇ પુરાણા નગરનાં ખંડિયેરો નીકળી આવ્યાં છે. એ પણ આશરે પાંચ છ હજાર વર્ષો જૂનાં છે એમ પુરાવા મળી આવ્યા છે. ત્યાંની સંસ્કૃતિનાં જે ચિહ્નો મળ્યાં છે તે પરથી એ મિસરની સંસ્કૃતિને મળતી આવતી જણાય છે. મિસર કે મિશ્ર દેશ એ નામ એ દેશની પચરંગી પ્રજા પરથી પડ્યું હશે. પરંતુ



મિસર દેશનો તથા નીલનાં પાણીથી ફલવતી થતી ભૂમિનો નકશો. નીલ નદી વિક્ટોરિયા સરોવરમાંથી નીકળી ૩૪૭૩ માઇલની સફર કરી ભૂમધ્યસમુદ્રને મળે છે. ઈશાન આફ્રિકાનો ચોમેર રણથી ઘેરાએલો પ્રદેશ એ નદીના પ્રતાપે જ નંદનવન સમો બને છે. તેનાં પાણીથી પોષાતો પ્રદેશ નકશામાં ટપકાં વાળી લીટીથી દર્શાવ્યો છે.



મિસર તેમજ ઇશાન આફ્રિકાના એ સમસ્ત પ્રદેશમાં વરસાદ વિરલ હોવાને લીધે ખેતીનો આધાર નીલનાં પાણી ઉપર જ છે, અને તે નહેરો વાટે અથવા જ્યાં નદીનો કિનારો ખૂબ ઊંચો હોય ત્યાં ઉપલા ચિત્રમાં બતાવ્યા તેવા રહેંટ દ્વારા ખેંચી જઇને લોકો ઉપયોગમાં લે છે. આ રહેંટને મિસરમાં શદુફ કહે છે અને ઊંચી ભેખડમાં પગથિયાં જેવા ખાંચા પાડી તેમાં એવો એકએક શદુફ ગોઠવી ઠેઠ મથાળે પાણી પહોંચાડે છે.




કૅરો અને લક્સર વચ્ચે નીલ નદીમાં મુસાફરી કરવા માટે ઉપરના ચિત્રમાં બતાવી તે પ્રકારની અમીરી સફરી-હોડી વપરાય છે. ઍકૅશિયા અને સાઇકામોર લાકડાંમાંથી બાંધેલી આ હોડીઓમાં સર્વ પ્રકારના આસાયેશની સગવડો હોય છે.

જે લોક નીલ નદીના મુખ આગળ આવીને વસ્યા અને મિસરને એક જબરદસ્ત પ્રજા બનાવી તે તો આર્ય લોક જ હતા એમ માનવાને સબળ કારણો છે. આર્ય લોક મૂળ ક્યાંથી આવ્યા તે હજી કોઇ ચોક્કસપણે કહી શક્યું નથી. કેટલાએક વિદ્વાનોનો મત છે કે એશિયાના મધ્ય ભાગમાંથી આવ્યા; કેટલાએક માને છે કે ઉત્તર ધ્રુવ તરફથી આવ્યા. ઉતર ધ્રુવથી નીકળી કેટલાએક સ્કૅન્ડીનેવિયન દેશ—એટલે નૉર્વે, સ્વીડન વગેરે—માં રહ્યા; કેટલાએક જર્મનીમાં ઘર કરી રહ્યા; કેટલાએક એથી યે નીચે ઊતરી ગ્રીસ, રોમ, ઇરાન અને હિંદુસ્તાન લગી પહોંચ્યા અને કેટલાએક મિસર તરફ પણ ગયા.

'હજારો વર્ષ પર આ બન્યું હશે તે અત્યારે શી રીતે ખબર પડે?' મેં સવાલ પૂછ્યો.

'એ બધા લોકોની ભાષાનું કંઇક સરખાપણું, તે ઉપરાંત દંતકથાઓનું સરખાપણું અને શરીરરચનાનું સરખાપણું.' ગરુડરાજે જવાબ દીધો. 'જોકે હવે શુદ્ધ આર્યો તો ભાગ્યે જ મળી આવે; એટલે શરીરરચના પરથી પણ કહેવું મુશ્કેલ તો ખરું. પરંતુ દંતકથાઓનો પુરાવો મજબૂત ગણાય. તમારા તિલક મહારાજે "ઓરાયન" નામનું પુસ્તક લખ્યું છે—'

'કયા તિલક મહારાજ?' મેં વચ્ચે જ પ્રશ્ન કર્યો: 'સ્વરાજ્યનો મંત્ર આપ્યો છે તે?' 'એ જ;' ગરુડરાજ બોલ્યા: 'એ જેટલા દેશપ્રેમી હતા તેટલા જ વિદ્વાન હતા. એ "ઓરાયન"માં એમણે જ્યોતિષ પરથી વેદકાળની અતિ પ્રાચીનતા સિદ્ધ કરી છે. ઓરાયન એ એક અદ્ભુત નક્ષત્ર છે જેને તમે મૃગશિર નક્ષત્ર કહો છો અને જેના પરથી માગશર મહિનાનું નામ પડ્યું



મિસર દેશની ચિત્રલિપિ · હાઇરોગ્લિફ


હાઈરોગ્લિફનો મૂળ શબ્દાર્થ તો ઇશ્વરના અક્ષર (અથવા બ્રહ્માના લેખ). આ ઉપરથી ઇજિપ્તની પ્રાચીન કાળની પવિત્ર મનાતી ચિત્રલિપિને જૂના લેખકોએ એ નામ આપ્યું, જે આજે પણ પ્રચલિત છે. એ લિપિ અક્ષરરચનાના સમય પહેલાંની છે અને ચિત્રોની સંજ્ઞાઓ વડે તેમાં લખાણો થયાં છે. એ સંજ્ઞાઓના થોડા નમૂના, નીચે તેના અર્થઉકેલ સાથે, અહીં આપ્યા છે. પહેલાં તો એ કોઈ ઉકેલી શકતું નહિ, પણ ઈ.સ. ૧૭૯૯માં 'રોઝેટા સ્ટોન' નામની પથ્થરની એક એવી તકતી મળી આવી કે જેમાં એ ચિત્રલિપિની સાથોસાથ તેનો શબ્દાર્થ બતાવતું ગ્રીક લખાણ પણ હતું. એ લખાણમાં ઇજિપ્તના બાદશાહ ટૉલેમીની રાજઆજ્ઞાઓ હતી, જે તેના સામ્રાજ્યની બધી રૈયત વાંચી શકે તે માટે બે ભાષામાં ઉતારેલી હતી. બ્રિટિશ મ્યૂઝિયમમાં સંગ્રહાએલી એ તકતી આ લખાણો ઉકેલવા માટે બહુ અગત્યની ગુરુકૂંચીરૂપ બની અને આજે તો તે દુનિયાભરમાં નામચીન છે. એ ઉકેલવા માટે ટૉમસ યંગ અને ઝોએગા નામના વિદ્વાનોએ પણ પ્રયત્નો કરેલા, પરંતુ સંપૂર્ણપણે તો શાંપોલિયાં નામના ફ્રેન્ચ વિદ્વાને એ ઉકેલી આપી.



ઇ.સ ૧૭૯૯માં નેપોલિયન નીલનો પ્રદેશ સર કરવા ગયો ત્યારે પોતાની સાથે કેટલાક વિદ્વાન ભાષાશાસ્ત્રીઓને પણ લઇ ગયો હતો. ઇજિપ્તનાં પુરાતન શિલ્પો, મૂર્તિઓ અને ચિત્રલિપિવાળાં જે સાધનો ખોદકામ કરતાં ત્યાં મળી આવ્યાં તે ઉપરથી, એ પંડિતોની મદદ વડે મિસરની લિપિ ઉકેલાઇ અને ત્યાંની સંસ્કૃતિ તથા પ્રાચીન ઇતિહાસ સમજવામાં ઘણી સરળતા થઈ.

છે. એ નક્ષત્રને ગ્રીક ભાષામાં 'ઓરાયન' કહે છે. ખરેખર તો ઓરાયન શબ્દ સંસ્કૃત શબ્દ અગ્રહાયનનો અપભ્રંશ છે. મૃગશિર નક્ષત્ર અગ્રહાયન તરીકે પણ ઓળખાય છે. અગ્રહાયનનો અર્થ વર્ષની શરૂઆતમાં આવે તે, વર્ષનું પહેલું નક્ષત્ર. એ સમયમાં વસંતઋતુ પણ વર્ષની પહેલી ઋતુ ગણાતી. એટલે એનો અર્થ એ થયો કે સૂર્ય મૃગશિર નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારે વસંતઋતુનો આરંભ થાય અને નવું વર્ષ બેસે. આજે સૂર્ય અશ્વિની નક્ષત્રમાં પેસે છે ત્યારે વર્ષનો આરંભ ગણાય છે, કારણકે ત્યારે વસંતઋતુ બેસે છે. આ બે નક્ષત્રના અંતર પરથી અને સૂર્યની ગતિની ગણત્રી પરથી તિલક મહારાજે વેદની અતિ પ્રાચીનતા સિદ્ધ કરી છે. આ અગ્રહાયન નક્ષત્ર વિષે ઉલ્લેખ વેદમાં તેમ જ ઇરાની, ગ્રીક અને મિસરની પ્રાચીન દંત-કથાઓમાં પણ છે. એ ઉપરથી આ બધા દેશોમાં આર્ય સંસ્કૃતિ હશે એમ માનવાને કારણ મળે છે.

'આર્ય લોકો મિસરમાં કઇ બાજુએથી આવ્યા એ પ્રશ્ન પણ બહુ મહત્ત્વનો છે. અનેક માન્યતાઓ-માંની એક એવી છે કે સિંધુ નદીના મુખ આગળથી તેઓ આવ્યા હશે. મોહન-જો-ડેરોમાં જે પ્રાચીન સંસ્કૃતિનાં ચિહ્નો મળી આવ્યાં છે તે પરથી આ માન્યતાને સબળ કારણ મળી શકે. હિંદની આર્ય સં-સ્કૃતિને મિસરની સંસ્કૃતિ સાથે કેટલો સંબંધ છે એ જાણવું હોય તો મિસરના પ્રાચીન લેખો સંસ્કૃત જાણ-નારે ઉકેલવા જોઇએ. તને કદાચ ખબર હશે કે એ પ્રાચીન જમાનામાં ભાષા લખવાને કોઇ લિપિ શોધાઇ નહોતી. હિંદમાં પણ વેદઋચાઓ મોંએ કરવામાં આવતી. જ્યારે દેવનાગરી લિપિ યોજાઇ ત્યારે પુસ્તકો લખાવા માંડ્યાં. મિસરની પ્રાચીન ભાષા લખવામાં ચિત્રામણની લિપિ વપરાતી, જેને 'હાઇરોગ્લિફ' કહે છે. એનો અર્થ એ કે ચિત્રો પરથી શબ્દો ગોઠવવાના. દાખલા તરીકે મિસરના એક પ્રાચીન દેવનું નામ 'હૉરસ' છે. એની સંજ્ઞા માટે બાજ પક્ષીનું ચિત્ર દોરાય છે. હૉરસ એ રોમન ઉચ્ચાર છે. મિસરમાં એને 'હર' કહેતા હશે, પરંતુ સંજ્ઞા પરથી સંસ્કૃત જાણનાર એને ઇન્દ્ર જે પ્રાચીન આર્યોનો દેવ હતો તે કહી શકાય.



ઇસિસ દેવીનું ભવ્ય દેવળ અને 'ફારાવનો પલંગ'. ખેતીના ઉપયોગમાં લેવા માટે હમણાં નીલ નદીમાં અસ્વન આગળ એક મોટો બંધ બાંધ્યો ને તેનાં પાણી ઊંચાં આવી ગયાં તે પહેલાં આ સ્થળે રમણીય તાડવૃક્ષ અને બીજી લીલોતરી ઊગતી અને એ સૂર્યપ્રકાશથી સોહતું. ડાબી બાજુએ દૂર દેખાય તે પુરાતન ઇજિપ્તવાસીઓની ઇસિસ દેવીનું મંદિર છે. ફારાવના પલંગ તરીકે ઓળખાતી જમણી બાજુની થાંભલાઓ વાળી ઇમારત બંધાવા માંડી હશે ત્યારથી પૂરી જ થઇ નથી.

કારણ બાજને આપણે શકરો પણ કહીએ છીએ. સંસ્કૃતમાં એને શક્ર કહેતા હશે; અને શક્રનો અર્થ ઇન્દ્ર પણ થાય છે. આ તો એક જ દાખલો કહ્યો. એવા તો અનેક દાખલા મળી આવે.

મિસરની સંસ્કૃતિ જ્યારે લોપ થઇ ત્યારે આ ચિત્રામણના અક્ષરો ઉકેલવાનું પણ લોકો ભૂલી ગયા. ચોથા સૈકાથી તે છેક અઢારમા સૈકા લગી આ લિપિ આમ ગૂઢ રહી. ઇ. સ. ૧૭૯૯ની સાલમાં નેપોલિયન બાદશાહ નીલ નદીનો પ્રદેશ જીતવા એક જંગી લશ્કર લઇને ગયા ત્યારે આ પ્રાચીન દેશનો અદ્‌ભુત ઇતિહાસ ઉકેલવા એમણે થોડા પંડિતો પણ સાથે લીધા હતા. એ લોકોને એક પુરાણો પથ્થર મળી આવ્યો જેના પર ચિત્રામણના અક્ષરો ઉપરાંત ગ્રીક ભાષાના પણ અક્ષરો હતા. એ પંડિતોની ચર્ચા પરથી તેમજ બીજા એકબે વિદ્વાનોની શોધખોળ પરથી શાંપોલીયાં નામના ફ્રેંચ ભાષાશાસ્ત્રીએ એ ચિત્રાક્ષરનો કોયડો ઉકેલ્યો. પરંતુ એ કોયડો મુખ્યત્વે તો ગ્રીક ભાષાની મદદથી જ ઉકેલાયો. તે પરથી લાગે છે કે કોઈ સારો સંસ્કૃત ભાષાશાસ્ત્રી એ ભાષા સંસ્કૃત દૃષ્ટિએ વાંચવાનું માથે લે તો કંઇ નવીન જ અજવાળું પડે અને હિંદ તથા મિસરનો સંબંધ કેટલો હતો તેની ખબર પડે.

આ નીલ નદીનો જ બીજો દાખલો આપું. નીલ એટલે ભૂરૂં. નીલ નદીનાં પાણી અતિશય ભૂરા રંગનાં છે તે પરથી એ નામ પડયું હશે. નીલ શબ્દ પણ સંસ્કૃત છે. તે પરથી પણ સંસ્કૃત ભાષા સાથે મિસરને સબંધ હોવો જોઇએ એ પુરવાર થાય છે.' હું શાંતિથી સાંભળ્યે જતો હતો તે જોઇને ગરુડરાજ હસીને બોલ્યા: 'આ બધા ટાયલામાં કદાચ તને બહુ રસ નહિ પડે. હિંદ અને મિસરનો જે સંબંધ હો તે હો; આપણે તો નીલ નદી અને એની આસપાસનો પ્રદેશ જે મિસર કહેવાતો અને હવે ઇજિપ્તને નામે ઓળખાય છે તે તે વિષે વાત કરવાની છે.

મિસરની ઉત્તરે ભૂમધ્ય સમુદ્ર છે અને બંને બાજુએ બે મહાન રણો આવેલાં છે. ડાબી બાજુએ લીબિયાનું

રણ અને એ મૂકીએ એટલે સહારાનું ભયંકર મહારણ. જમણી બાજુએ અરબસ્તાનનું રણ આવેલું છે. આમ આ મરુભૂમિ વચ્ચે ઉપવન જેવું મિસર સ્વર્ગની ગરજ સારે છે. અને એ સ્વર્ગ છે તે નીલ નદીને લીધે જ. અહીં વરસાદની મોસમ હોતી નથી. વરસાદ ભાગ્યે જ પડતો હશે. તેવા દેશમાં નીલ નદીનાં પાણી વડે જ જમીન ફળદ્રુપ રહે છે. નીલ નદીનો ચમત્કાર—પાંચ હજાર વર્ષ પર તો એ ચમત્કાર જ ગણાતો હશે —એ છે કે દર વર્ષે અમુક નિયમિત વખતે નદીમાં પૂર આવે છે. મિસરવાસીઓ વર્ષની ગણત્રી કરતાં પણ આ પૂર ઉપરથી શીખ્યા. જુલાઇની વીસમીએ જ્યારે એમનું નવું વર્ષ બેસે છે ત્યારે નદીમાં પૂર આવતાં હશે. તે ધીમે ધીમે ઓસરતાં એપ્રિલ કે મે લગીમાં તો તદ્દન ઓસરી જાય. આ પૂર તો ઍબિસીનિયાના—પ્રદેશ જ્યાંથી નદી નીકળે છે ત્યાં પહાડનો બરફ ઓગળે કે ખૂબ વરસાદ વરસે તેને લીધે જ આવે છે.

પણ આ વાત તે વખતે તો લોકો જાણતા નહોતા, એટલે એમને મન તો આ દૈવી નદીનો ચમત્કાર જ ગણાતો. આ કારણથી મિસર ખેતીપ્રધાન દેશ બન્યો. લોકો નદીમાંથી નહેરો કાઢી પાણીનો સારો ઉપયોગ કરવા લાગ્યા. ખેતીને સહાય કરવા ઉપરાંત નીલ નદી મિસરનો ધોરી માર્ગ પણ બની. એ વિશાળ નદીના પટ પર વહાણો ચાલવા લાગ્યાં. મિસરની વસ્તીનો મોટો ભાગ નદીના બંને તટ પર જ આવેલો છે. મોટાં શહેરો પણ નદીકિનારે જ આવેલાં છે. નીલ નદી આ રીતે મિસરનું જીવન જ બની છે અને એ દૃષ્ટિએ તે ઈશ્વરરૂપે પૂજાય તેમાં શી નવાઇ?

તલાવણી

તળાવને કાંઠે રહેતી તલાવણી,
ગાતી ગોવિન્દની લાવણી,
તલાવણી રે રૂહેતી તળાવને કાંઠડે.

દુનિયાનાં શહેર મહેલ આઘાં ભલે રિયાં
મીઠાં તળાવ મારે લ્હેરિયાં: તલાવણી રે૦

આ રે તળાવડી સૂકી ભરેલી,
મારે હૈડે એ હરેલી: તલાવણી રે૦

ભરી તલાવડીમાં પીએ સૌ ઢોરાં,
સૂકીમાં ખેલશે છોરાં: તલાવણી રે૦

દુનિયામાં કાળ કે મોતીની વાવણી,
મારે કાયમની નીંદણી: તલાવણી રે૦

દુનિયાને ઘેર ફૂલ મોતીની છાબડી,
મારે શકોરૂં ને રાબડી: તલાવણી રે૦

દુનિયાના મહેલ ભલે આભલાને બાઝિયા,
મારે તો ઝૂંપડાં છાજિયાં: તલાવણી રે૦

દુનિયાને મહેલ ભલે મખમલ સુંવાળી,
મારે પરાળની પથારી: તલાવણી રે૦

દુનિયાનાં સુખદુઃખ મારે શા કામનાં?
મારે ગાવાં ગાણાં રામનાં: તલાવણી રે૦

આ રે જનમ હું જનમી તલાવણી
હું સીમ શેઢાની રાણી: તલાવણી રે૦

સુન્દરમ્

('કાવ્યમંગલા' નામના તાજેતરમાં બહાર પડેલાં સંગ્રહમાંથી)

પ્રાચીન મિસરના લોકો એને દેવરૂપ જ ગણતા. તમારે ત્યાં નદી એ નારીનું સ્વરૂપ મનાય છે. નીલ નદી એટલી વિશાળ છે કે કદાચ એને નારીનું સ્વરૂપ આપવું મિસરીઓને અયોગ્ય લાગ્યું હશે. એ જ કારણથી અહીં એ દેવીસ્વરૂપ નહિ પણ દેવસ્વરૂપ મનાય છે. પાંચ હજાર વર્ષ પર મિસરીઓની એવી માન્યતા હતી કે સૃષ્ટિની શરૂઆતમાં બધું જળજળ જ હતું. એ જળમાંથી એક મોટું ઇંડું પેદા થયું તે 'રા' એટલે સૂર્ય-રવિ. 'રા'એ 'શુ' એટલે હવા (શ્વાસ) ઉત્પન્ન કરી; 'શુ'એ 'ગેબ' (=પૃથ્વી) અને 'નત'(=આકાશ) ઉત્પન્ન કર્યાં. પૃથ્વી (પુરુષ) અને આકાશ (સ્ત્રી) એ બેમાંથી ઑસિરિસ (=નીલ નદી) અને આઇસિસ=ફળદ્રુપ દેશ–મિસર પેદા થયાં. એ રીતે ઑસિરિસ અને આઇસિસ મિસરીઓનાં કુળદેવતા થયાં. એ ઑસિરિસ વિષે અનેક દંતકથાઓ પ્રચલિત થઇ. આકાશ–પૃથ્વીનો બીજો પુત્ર તે

રણનું ભયંકર તોફાન-સેથ અને નેપથીસ-મરુભૂમિ. દરેક દેશની દંતકથાઓમાં એક સારો અને બીજો ખરાબ. અને એ બંને વચ્ચે હમેશની દુશ્મનાવટ એ ચિત્ર હમેશાં અપાય છે. ઑસિરીસ અને આ સેથ વચ્ચે પણ આવી જ જાતનું હમેશનું વેર.

મિસરમાં આર્ય લોક નીલ નદીના મુખ આગળ વસ્યા હતા. ઑસિરીસ એમનો રાજા હતો. દક્ષિણ મિસર એટલે નદીના મૂળ તરફનો પ્રદેશ સેથના હાથમાં હતો. આ બંને સત્તાઓ વચ્ચે વારંવાર લડાઇ થતી. આખરે સેથ ઑસિરીસને દગાથી મારી નાખીને આખા મિસરનો રાજા થઈ બેઠો. ઑસિરીસને શોધવા નીકળતાં રસ્તામાં આઇસિસે એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ હૉરસ પાડ્યું. મોટપણે એ હૉરસ સેથને મારી બાપની ગાદી પર બેઠો અને એ પણ દેવ તરીકે પૂજાયો.

લગભગ હજાર વર્ષનો મિસરનો ઇતિહાસ આવી દંતકથાઓથી ભરપૂર છે. એમાં ઐતિહાસિક સત્ય કેટલું એ કહેવું મુશ્કેલ છે. પહેલો માનવ રાજા મેનિસ થયો. એણે લગભગ ઇ.સ. પૂર્વે ૩૩૧૩ની સાલમાં ઉત્તરદક્ષિણ મિસરને એકત્ર કરી હાલની રાજધાની કૈરોથી થોડે દૂર આવેલા મેમ્ફિસ-શ્વેતકોટ-નગરમાં રાજ્યધાનીની સ્થાપના કરી. એ મેનિસ પણ પૃથ્વી અને આકાશનો પુત્ર ગણાય છે. તમારે ત્યાં પણ પહેલો માનવ રાજા મનુ એ ઇલા એટલે પૃથ્વીનો પુત્ર ગણાય છે. મિસરના બાદશાહો ફારાવ (Pharaoh) તરીકે ઓળખાતા. ફારાવનો અર્થ 'મોટા ઘરમાં રહેનારા' એવો થાય છે. જ્યારે સારા યુરોપ પર અજ્ઞાનનો અંધકાર છવાયો હતો, લોકો કેવળ જંગલી અવસ્થામાં હતા, ગ્રીસ અને રોમની સંસ્કૃતિનો ઉદય પણ થયો નહોતો તે સમયમાં આ ફારાવોના અમલ નીચે મિસર અગ્રગણ્ય સંસ્કારી દેશ ગણાતો. થુથેમીસ, ઍમનહોટેપ, રૅમિસિસ જેવા શૂરવીર ફારાવોએ તો મધ્ય એશિયા પણ કબજે કર્યું હતું. ત્રણ હજાર વર્ષ લગી મિસરમાં આ ફારાવોનું રાજ્ય રહ્યું. તે દરમ્યાન અંદર ઘણા યે ફેરફારો થયા. રાજધાનીનાં શહેરો અનેકવાર બદલાયાં. મેમ્ફિસથી થાબીસ અને થાબીસથી ટૅનિસ વગેરે એક પછી એક રાજધાનીનાં શહેરો બન્યાં. રાજ્યવંશો પણ અનેકવાર બદલાયા અને દેવો પણ બદલાયા. ત્યાર બાદ બહારના હુમલા શરૂ થયા.

ઇ. સ. પૂર્વે ૫૨૫માં ઇરાનના બાદશાહ કૅમ્બિસિસે મિસર પર ચડાઇ કરી એને સર કર્યું ત્યારથી એની પડતી શરૂ થઇ. ઇ. સ. પૂર્વે ૩૩૨માં સિકંદરે મિસરને સર કર્યું અને મિસરમાં ટૉલેમીનું રાજ્ય સ્થપાયું. આ ગ્રીક વિજેતાઓએ મિસરની પૂર્વની જાહોજલાલી આણવાનો સારો પ્રયત્ન કર્યો. એ ટૉલેમી વંશની છેલ્લી રાણી તે કલીઓપૅટ્રા. ઇ.સ. પૂર્વે ૩૦માં રોમના બાદશાહ ઑગસ્ટસ સીઝરે મિસરનો પરાજય કર્યો, રાણી કલીઓપૅટ્રા આપઘાત કરીને મરણ પામી અને મિસર રોમનું એક સંસ્થાન બન્યું. આ પછી રોમની પડતી થતાં મિસર તુર્કોના હાથમાં ગયું.

તુર્કસ્તાનના બાદશાહ ખલીફ અબદુલ હમીદ (જેના વખતમાં તુર્કસ્તાનને Sick man of Europe-યુરોપનો માંદલો માણસ-એવું ઉપનામ મળ્યું હતું) પોતાના રાજ્યનું રક્ષણ કરવા અસમર્થ નીવડ્યો એટલે યુરોપનાં રાજ્યોએ એક પછી એક પૂછ્યાગાછ્યા વિના અને વગર કારણે એનું રાજ્ય પચાવી પાડવા માંડ્યું. ફ્રાંસે મોરૉક્કો પડાવ્યું; ઇંગ્લંડે ઇજિપ્ત-મિસર પચાવી પાડ્યું અને છેવટે ઇટલીએ ત્રિપૉલી ઉચાપત કર્યું. આજે મિસરની રાજધાની કૈરોમાં ત્યાંનો ખેદીવ નામનું રાજ્ય ચલાવે છે. બધી સત્તા બ્રિટિશોના હાથમાં છે. એક વખતનો બળવાન દેશ આજે ગુલામી અવસ્થા ભોગવે છે. ગ્રીસ અને રોમની જ્ઞાનસમૃદ્ધિમાં મોટો ફાળો આપનાર આ દેશ આજે મોટે ભાગે નિરક્ષર ને અજ્ઞાન છે. એ પણ કાળની બલિહારી!

હાલના મિસરનિવાસીઓને એમની સ્થિતિનું હવે


સાવિત્રી

•વસંતતિલકા•

ને એ ભગી ચિર સુદૂર અનંત એવા
તારાજડિત નભમાં પરિત્યક્ત દેવી;
આંખે વહે નીર મુખે વહતી સુવાણી
રીઝાવવા મથતી કાલ પ્રચંડને એ.

અંધાર, ને, દૂર ઉંડાણ મહીં ભમીને
શોધી રહે પગલી કાલની એમ આત્મા,
જો રીઝવે કદિય તો વરદાનમાં એ
પામે પ્રકાશ, વળી ચેતન, પ્રેમ, મોંઘાં.

હરિશ્ચન્દ્ર ભટ્ટ



નીલના કિનારા પર ઊંચાં તાડવૃક્ષ અને દૂર પીરામિડથી સુશોભિત વિશાળ આસમાની આકાશવાળુ મિસર દેશનું લાક્ષણિક દૃશ્ય

કંઈક ભાન થયું છે એ આશાજનક ચિહ્ન ગણાય. ત્યાંના ઝગ્લૂલ પાશાએ સ્વતંત્રતા માટે લડત ઉઠાવેલી અને એમાં જ પ્રાણ ખોયા. હિંદુસ્તાન જવાનો ટૂંકો જળમાર્ગ સુએઝની નહેરમાંથી છે. મિસર સ્વતંત્ર થાય તો સુએઝની નહેર પરનો બ્રિટિશ કાબુ ઓછો થાય. એટલે હિંદુસ્તાનને જ્યાં લગી હાથમાં રાખવું છે ત્યાંલગી આ માર્ગ બ્રિટિશો પોતાના કબજામાંથી કેમ છોડે? આ દૃષ્ટિએ આ બંને પુરાણા દેશોનાં ભાગ્ય એકબીજા સાથે જોડાએલાં છે.'

આમ વાતો કરતાં અમારૂં ભોજન પૂરૂં થયું. ત્યાં તો એક નાનો છોકરો બે ગધેડાં લઈને આવ્યો. ગધેડાં પર જીનબીન નાખી સવારી માટે તૈયાર કર્યાં હતાં. આપણે ત્યાં તો ગધેડાં પર બેસવું એ બહુ જ નામોશી-ભરેલું ગણાય છે. નાક કાન કાપી, બોડે માથે ચૂનો ચોપડી, અવળે મોંએ ગધેડે બેસાડી, આખા ગામમાં ફેરવવા એ આપણે ત્યાં જૂના વખતમાં મોટામાં મોટી શિક્ષા ગણાતી! પણ ગરુડરાજના કહેવા પ્રમાણે મિસર-માં તો લોકો ગધેડા પર જ બેસે!

'એ જ એમનું વાહન. હજારો વર્ષ સુધી ઘોડાથી તો અહીંના લોક તદ્દન અજાણ્યા જ હતા. મધ્ય એશિયાના લોકો પણ ઘોડાથી અજાણ્યા હતા. ઍસીરિયાના લોકોએ પહેલો ઘોડો જોયો ત્યારે એને તેઓ 'પૂર્વ દેશનું ગધેડું' એ નામથી ઓળખતા! મિસરમાં પૂર્વના આર્યોએ જ ઘોડો દાખલ કર્યો એમ મનાય છે. હિંદમાં તો અશ્વમેધ થતા અને ઘોડો જ વાહન ગણાતો, એટલે હિંદના આર્યોએ જ મધ્ય એશિયા તેમ જ મિસરમાં ઘોડાનો પ્રચાર કર્યો હોય તો તેમાં નવાઇ નહિ.'

મિસરનાં ગધેડાં આપણા દેશનાં ગધેડાં કરતાં મોટાં તો ખરાં; અને દેખાવે પણ વધારે સારાં.

'આ ગધેડાં આપણે માટે છે?' મેં ગરુડરાજને પૂછ્યું. એમણે હકારમાં ડોકું હલાવ્યું.

'આખી દુનિયામાં સાતેક ચીજ અદ્‌ભુત ગણાય છે. મિસરના પીરામીડો એ સાતમાં આવી જાય. એ જોવાથી તને પ્રાચીન મિસર વિષે ઘણું જાણવાનું મળશે.' એમ કહી ગરુડરાજે મને ઊંચકીને એક ગધેડા પર બેસાડી દીધો અને બીજા પર પોતે બેઠા.

થોડી વારમાં અમે પીરામીડ નજીક પહોંચી ગયા. દૂરથી તો એ નદી આગળ કોઈ ડુંગર હશે એમ લાગેલું. એ મનુષ્યની કૃતિ હશે અને તે પણ હજારો વર્ષો જૂની એનો તો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

(ચાલુ)

સા મહેતા

વર્ષામંગલનો ઉત્સવ

શાંતિનિકેતનમાં જે શિક્ષણ અને સંસ્કાર મળે છે તેમાં ઉત્સવોનો પણ સારો હિસ્સો છે. સામાન્ય રીતે અહીં દર ચોમાસે વર્ષામંગળનો ઉત્સવ ઊજવવામાં આવે છે. એ રીતે આ વર્ષે પણ ગઇ શ્રાવણ વદ ૨ ને દિવસે તે ઉત્સવ થયો. આ ઉત્સવ ખાસ તૈયારી કરીને ઊજવવામાં આવે છે.

જ્યારે જ્યારે જોરથી વરસાદ આવે અને વધારે વખત ચાલુ રહે ત્યારે ત્યારે શાંતિનિકેતન આખાયમાં આનંદ આનંદ થઇ રહે. રજા તો પડે જ. કેટલાક ચડ્ડી પહેરણ પહેરીને ફરવા ઊપડે; નાનાં છોકરાં કૂદાકૂદ કરી મૂકે; અને બાકીના એકાદ મોટા ઓરડામાં એકઠા મળીને સંગીતની ધૂન લગાવે. ઇસરાજ, તબલાં, સારંગી કે સતાર જે હોય તે વાજિંત્રો લઇને સૌ આવે. ત્યાં ગુરુદેવ (રવીન્દ્રનાથ)નાં વર્ષાને લગતાં ગીતો ગવાય અને કુદરત જે તાલમાં બહાર નાચી રહી હોય તે તાલમાં પોતાના સૂર મેળવી તેની સાથે એકતાર થવા સૌ મથે. તે દિવસે વળી રોજના દાળભાતના ખોરાકમાં પણ પલટો થાય અને ખીચડી ને શાકનું ભોજન થાય.

જો માત્ર એકાદ વરસાદ જોરમાં આવે અને એથી પણ વાતાવરણ આટલું ગાજી ઊઠે તો સમસ્ત વર્ષાઋતુને અંગે એક ઉત્સવ થઇને આખું વાતાવરણ રંગાઈ જાય તેમાં શી નવાઈ?

જૂના વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે તો આ વખતનો ઉત્સવ જરા મોળો કહેવાય. નૃત્યમાં આગળ વધેલી કેટલીક બાળાઓની સંખ્યામાં પણ ઘટાડો થએલો એટલે નૃત્ય પણ આ વખતે બહુ ઓછું થયું, અને ઉત્સવ અગાઉ એક અઠવાડિયે ગુરુદેવના દૌહિત્રના મૃત્યુના સમાચાર જર્મનીથી આવ્યા તેને લીધે પણ કાંઇક ફેર પડ્યો.

ઉત્સવને દિવસે તૈયારીનું કામ કલાભવનના હાથમાં જ હોય. સવારમાંથી જ અમે રંગભૂમિ ઊભી કરી શણગારવા માંડી હતી. કાઠિયાવાડનાં આભલાંવાળાં તથા રંગીન ભાતવાળાં કપડાં, સાડીઓ, ફૂલહાર વગેરેથી રંગભૂમિની આગળપાછળની ભીંતો ભરી દીધી. છ છ ફૂટ ઊંચું એક જાતનું ઘાસ થાય છે તેના બે પડદા બનાવીને ભીંત આગળ ઊભા કરી દીધા. ઉપાડવાના પડદા તો રાખવામાં જ આવ્યા નહોતા.

વર્ષામંગળમાં બે ભાગ હોય છે: વૃક્ષારોપણ અને વર્ષા-ગીત-નૃત્ય. બપોરે વૃક્ષારોપણ માટે તૈયારી કરી. ખુલ્લી જગ્યામાં લાલ જમીન ઉપર ચોખા, દાળ વગેરે જુદા જુદા રંગનાં અનાજથી સુશોભનો પૂર્યાં. એક બાજુએ ત્રણ આસનો ગોઠવવામાં આવ્યાં, જ્યાં ગુરુદેવ બિરાજમાન થઇ વૃક્ષારોપણની ક્રિયા કરવાના હતા. તેને ચાર ખૂણે ચાર વાંસ ઊભા કરી તેના ઉપર કેસરી, લાલ વગેરે જુદા રંગના ખેસ ફરકાવવામાં આવ્યા.

લગભગ સાંજના પાંચ વાગતાં વૃક્ષારોપણ માટે બધાં એકઠાં મળ્યાં. કલાભવનના તેમજ બીજા થોડા વિદ્યાર્થીઓ ઝાલર, શંખ, ઘંટ, ઢોલક વગેરે વાજિંત્રો લઇને હારમાં ગોઠવાઈ ગયા. તેમણે દરેકે સામાન્ય રીતે સફેદ વસ્ત્રો પહેર્યાં હતાં અને તેના ઉપર કેસરી અગર બીજા રંગના ઉપરણા ઓઢ્યા હતા. ગળામાં ફૂલની માળાઓ હતી.

દસબાર બહેનોને માથે જુદાંજુદાં વૃક્ષોનાં પ્રતિનિધિરૂપ ફૂલપાન ગોઠવેલા ઘડા મૂકવામાં આવ્યા હતા. કેટલીકના હાથમાં ધૂપ, દીપ, પાણીનાં વાસણ, ફૂલો, ઘંટ વગેરે હતાં. દરેકના ગળામાં ફૂલમાળા તો ખરી જ; તેમાંથી કોઇએ માથે, કોઇએ હાથે તો કોઇએ ગળામાં તે વીંટાળેલી. એમણે પણ ખભે રંગીન ઉપરણા ભેરવેલા. જે નાના છોડવા રોપવાના હતા તેની છાબ થોડા ભાઇઓને માથે મૂકવામાં આવી. આ પ્રમાણે એકઠાં થઈ, વર્ષાનાં ગીત ગાતાં સૌ નાના સરઘસ રૂપમાં થોડું ફરી, નક્કી કરેલા સ્થળે જ્યાં ગુરુદેવ હાજર હતા ત્યાં પહોંચ્યાં. વૃક્ષ-કુંભ તથા રોપ-છાબ ગુરુદેવ સમક્ષ પધરાવવામાં આવ્યાં. શંખનાદ તથા ઝાલરના નિનાદ તો ચાલુ જ હતા. પછી સંસ્કૃત શ્લોકોથી શરૂઆત થઈ. ગુરુદેવે સમયને અનુકૂળ સ્વરચિત ગીત ગાયું અને ગુરુદેવની વતી ક્ષિતિમોહન સેને છોડને જલસિંચન કર્યું. આ પ્રમાણે વૃક્ષારોપણની ક્રિયા પૂરી થઇ. આખી ક્રિયા જૂની સંસ્કૃતિ તાજી કરવા માટે ગોઠવવામાં આવી હોય તે પ્રમાણે ઊજવવામાં આવી. નાનાં મોટાં બધાંનાં હૃદયને વૃક્ષનું માહાત્મ્ય અસર કરે તેવો સમારંભ થયો.

સાંજના સાત વાગ્યે વર્ષામંગળ—સંગીત અને નૃત્ય—નો કાર્યક્રમ હતો. તૈયાર કરેલા રંગમંચ ઉપર શ્રી દીનુબાબુ (જેઓ ગુરુદેવનાં ગીતોનાં સંગીત નોટેશન તૈયાર કરે છે) અને ગીત ગાનારાં તથા નૃત્ય કરનારાં ભાઇબહેનો ગોઠવાઈ ગયાં. સંગીત શરૂ થયું.

આખું મંડળ એકરાગે તે ઉપાડે. સાથે સતાર, ઇસરાજ, સારંગી, તબલાં, વીણા પણ સૂર પૂરાવે. સારી જમાવટ જામી. વચ્ચે વચ્ચે એકાદું છુટક ગીત પણ કોઈ બ્હેન આવી ગાઈ જતી. 'હૃદય નાચિ છે, મયૂર મત્ત, હૃદય નાચિ છે'નું ગીત એક બાળાએ ખૂબ ભાવપૂર્ણરીતે ગાયું.

વચ્ચે એક નૃત્ય રાખવામાં આવ્યું હતું. ત્રણ ભાઇઓએ નૃત્ય માટે ખાસ વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. ધોતિયાં ઉપર ભેટ, શરીર ઉપર ઉપરણા અને માથે પણ રંગીન કપડાંના ટુકડા બાંધેલા. ગળામાં માળા તથા થોડાં બીજાં જરૂર પૂરતાં આભૂષણો પણ હતાં. પગમાં ઝાંઝર બાંધ્યાં હતાં. એક ભાઈ તો અહીંના નૃત્યશિક્ષક હતા. તેમના સિવાયના બીજા બે ભાઇઓમાં થોડી ભૂલો થઈ જતી હતી.

બીજું નૃત્ય છેવટના ભાગમાં રાખ્યું હતું. તેમાં એક બ્હેન અને પેલા નૃત્યશિક્ષક હતા. તે નૃત્યની છાપ મારા ઉપર ઘણી પડી. બંનેનાં નૃત્યની મુદ્રાઓ અને ગતિ વગેરે સરખાં હતાં, છતાં એકમાં સ્ત્રીનું માર્દવ અને બીજામાં પુરુષનું પૌરુષ તરી આવતાં હતાં. તે બ્હેનના શરીરનો બાંધો અને ઊંચાઈ પણ પ્રમાણસરનાં હોઇને નૃત્યમાં તેમના વળાંક સુંદર લાગતા હતા.

આ રીતે વર્ષામંગલ અને વૃક્ષારોપણના ઉત્સવો પૂરા થયા. આપણી પ્રાચીન પરંપરાને નવા રૂપમાં સજીવન કરવામાં તથા જીવનમાં ઉલ્લાસ અને પ્રાણ પૂરવામાં ઉત્સવો કેવો ઉન્નત ફાળો આપી શકે તે આ પ્રસંગ ઉપરથી પ્રતીત થયું. **કૃષ્ણલાલ ભટ્ટ**

[સંવત ૧૯૮૮માં શાંતિનિકેતનથી લખેલો પત્ર]

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતે આવેલા સમૂહમાંથી ઠીક પ્રમાણમાં ચિત્રકક્ષાના ફોટોગ્રાફો મળ્યા છે. પહેલું ઈનામ ભાઇ અખતરહુસેન સૈયદ (પાલનપુર)ને 'ત્રણ એ કીદારો' માટે મળે છે. આ ભાઈ ધીરજથી પોતાની ફોટોગ્રાફીમાં પ્રગતિ કરી રહ્યા છે તેનું આ ફળ છે. વસ્તુમાં રસ, આકર્ષણ, કંઈક વિનોદ, કંઇક મન્ત હોય તે સમજવાં અને બીજા પર અસર કરે એવી રીતે તે ફોટોગ્રાફીમાં ઉતારવાં એ સહેલું તો નથી જ, પરંતુ ઉમેદવાર સૂર્યપ્રકાશ ઉપર જ વિશ્વાસ રાખી વિષયો શોધે તો યે પાર વગરના મળી રહે છે.

બીજા ઇનામને પાત્ર ભાઈ નૃસિંહ પરમાર (બનારસ)નું 'ઘટઘટમેં રામ'નું ચિત્ર સરસ પસંદગી છે. માત્ર પાત્રની આસપાસની જગ્યા વધુપડતી છોડી છે તે ઓછી કરવી જોઇતી હતી. વળી ચિત્રનું નામ 'નિત્યપાઠ' આપ્યું હોત તો વધુ બળતું લાગત. ત્રીજું ઇનામ લેનાર ચિત્ર પ્રાણલાલ પટેલ (અમદાવાદ)નું 'ફુરસદે' નામનું છે. એમાંનાં બંને પાત્રનો અભિનય એકાગ્ર બનતો જણાતો નથી. બીજી રીતે ચિત્રનું 'ફ્રેમિંગ' સારૂં છે. ભાઇ ચંદ્રશંકર રાવળ (અમદાવાદ)નું ચિત્ર 'માટીના ચિરાડા' લોકગમ્ય નામ માગે છે. એમણે નવી દિશામાંથી ચિત્રવિષય ઉપાડ્યો તે માટે ઉત્તેજક પારિતોષિક આપીએ છીએ. ભાઇ છગનલાલ જાદવ (અમદાવાદ)નું 'ભજનિક' અને જયંતીલાલ મહેતા (પાલનપુર)નું 'ઘરભણી' સારા ચિત્રવિષયો હોવા છતાં ઉઠાવ લેવામાં પાછા પડે છે. તેમના તરફથી વધુ સારાં પરિણામોની આશા રાખીએ.





મથાળે: ઘટઘટમેં રામ (નૃસિંહ પરમાર-બનારસ: બીજું ઇનામ)
નીચે: ફુરસદે (પ્રાણલાલ પટેલ-અમદાવાદ: ત્રીજું ઇનામ)

નોંધપાત્ર ચિત્રોમાં ડાકોરના ભાઇ સી સેવકનું ચિત્ર 'કુદરતની અટારીએ' પહેલું ધ્યાન ખેંચે છે; જોકે નામ બરોબર અપાયું નથી. મનુષ્યરચિત મહાલયમાં બેઠેલા પાત્રને કુદરતની અટારીએ કહી શકાય નહિ. પણ ચિત્રની ગોઠવણ સારી છે એટલે બીજી રીતે તેમાં ચિત્રના અંશો ઠીક ઊઠ્યા છે.



મથાળે ડાબી બાજુથી: ભજનિક (છગનલાલ જાદવ--અમદાવાદ), ઘર ભણી (જયંતીલાલ મહેતા-પાલણપુર); વચ્ચે: ત્રણ ચોકીદારો (અખતરહુસેન સૈયદ-પાલણપુર: પહેલું ઇનામ); નીચે: માટીના ચિરાડા (ચંદ્રશંકર રાવળ-અમદાવાદ: ઉત્તેજના પારિતોષિક); આરામનો વખત (અખ્તરહુસેન સૈયદ-પાલણપુર).

રાજમહેન્દ્રીથી ભાઇ છગનલાલ પુરોહિતે પાડી મોકલેલા ચિત્ર 'જલવિહાર'ને તેનું નામ ઉચિત લાગતું નથી. એ ચિત્રમાંથી આસપાસનું દશ્ય કમી કરી મુખ્ય બાબતને મોટી બનાવી લીધી હોત તો ઇનામયોગ્ય બની રહેત. એ જ ભાઇએ 'મીનાક્ષીનો મિનારો' પાડ્યો છે. ખરૂં જોતાં આ સ્થાપત્યને 'ગોપુરમ્' કહે છે. આવા ચિત્રમાં સ્થાપત્યની ઝીણવટ ઊઠે છે કે નહિ તે ખાસ જોવાનું છે. વલસાડથી ભાઇ પર્વત શુક્લે મોકલેલું ચિત્ર બેશક સરસ ફોટોગ્રાફ છે, પરંતુ તેમાં વ્યક્તિગત આકર્ષણ વિશેષ રહે છે. સાર્વજનિક રસ લાવવા માટે આસપાસની રચના જમાવવી જોઇએ. ભાઇ દીનુભાઇ રાવળ (અમદાવાદ) ચિત્રની પાછળ જગ્યા જરા ઘેરી લાવી શક્યા હોત અને કારીગરીનાં સાધનોની ઝીણવટ બતાવી શક્યા હોત તો ચિત્ર સારૂં ગણાત. ભાઇ મોહનલાલ વખારિયા (સુરત)ની ફોટોગ્રાફી સારી પણ ચિત્રવિષય દમ વગરનો છે.

હરીફાઈના કેટલાક ઉમેદવારોની પાસે ચિત્રો લેવાનું વિશાળ ક્ષેત્ર પડ્યું છે એમ અમને જણાયું છે. આ ભાઇઓ ફોટોગ્રાફી વિશેષ ખીલવવા માગતા હોય તો તેમને અમારી સલાહ છે કે એકાદ સારૂં અંગ્રેજી કે અમેરિકન ફોટોગ્રાફીનું માસિક મંગાવી મેળવી લઇ તેમાં આવતા લેખો ને ફોટોગ્રાફો પ્રમાણે પોતાની તાલીમ સુધારવી.

અમેરિકાના પત્રો

[‘કુમાર’ના અંકો મોડા પડવાને લીધે, આ નીચે પ્રકટ થતા પત્રોમાંના કેટલાક બનાવો ઘણા વખત પર બની ગએલા જણાશે; છતાં એ હકીકતોનો રસ ઓછો થએલો નહિ જણાય.]

વિજ્ઞાનશાસ્ત્રીઓ અને ઇજનેરોનો એક વર્ગ કહે છે કે અત્યારના વેપારઉદ્યોગનો વહીવટ રાજદ્વારીઓ પાસેથી લઈ અમને સોંપી દો. મૂડીવાદ, નફાખોરી વગેરેનો અમે નાશ કરીશું. વીસથી પિસ્તાળીશની અંદરનો દરેક માણસ રોજના ચાર કલાક અને અઠવાડિયાના ચાર દિવસ તથા વર્ષમાં દસ મહિના કામ કરશે, અને દરેક જણની આવક વાર્ષિક ૨૦,૦૦૦ ડૉલર થશે. આને ટૅકનોક્રસી કહે છે. આ સાથે બુકપોસ્ટથી બે લેખો મોકલ્યા છે. તેમાં વિસ્તારથી તેની સમજ આપી છે.

કૂલિજનો પ્રેસિડૅન્ટ થયા પહેલાં અને પછીના ફોટો મોકલ્યા છે. ચહેરા પર બોજા અને થાકની નિશાની સ્પષ્ટ જણાય છે. ‘કૂલિજ માત્ર સાઠ વર્ષની આશ્રેડ વયે મરી ગયો માટે પ્રેસિડૅન્ટનો બોજો હળવો કરવો જોઇએ’ એમ અહીંનાં છાપાં કહે છે. આપણે સાઠ વર્ષે ઘરડા થઇએ છીએ, અહીં ૮૦ વર્ષે ઘરડા થાય છે; એટલો જ ફેર. રૉકફેલર આજ ૯૪ વર્ષની ઉંમરે પણ દરરોજ ગૉલ્ફ રમવા નિયમિત જાય છે.

...આ અઠવાડિયે પરીક્ષા શરૂ થઇ. થોડીક આવતા અઠવાડિયામાં છે. પરીક્ષાનો જુદો જ ખ્યાલ અહીં આવ્યો.

... લોકમત જાપાનની વિરૂદ્ધ છે. લોકો યુરોપીઅનો કરતાં વધારે નિખાલસ તો છે જ. છાપાંઓમાં છૂટથી ચર્ચા આવે છે. સીનેમા ફિલ્મમાં સૅનેટરોનાં ભોપાળાં બહાર પાડે છે. યુરોપ કે હિંદમાં એવી ફિલ્મ તરત જ censor થાય. રશિયા માટે છાપાંઓમાં પુષ્કળ લેખો આવે છે. ટીકા ગમે તેવી હોય પણ ખબરો, આંકડા વગેરે તદ્દન સાચા હોય છે. રોઇટરના ગપગોળા અહીં નથી હોતા.

... ...માટે અહીંનો અભિપ્રાય મોકલી આપ્યો છે. સાઉથ કૅરૉલિના જવું કે લૉવેલ એ એણે નક્કી કરી લેવું જોઇએ. લૉવેલમાં દાખલ થવું હોય તો cotton option સારૂં છે....... થોડુંઘણું ગોળમરચું ભભરાવીને કહે છે એટલું ધ્યાનમાં રાખવું. મિ. ....ને એણે કહેલું કે અહીં ૨૫૦૦–૨૮૦૦ રૂપિયાનો ખર્ચ આવશે; એટલે કે ઍક્સચેન્જ રેટ સારો હોય ત્યારે ૭૦૦ ડૉલર વાર્ષિક બસ થશે. હવે અહીં કૉલેજ અને લેબૉરેટરીની ફી ૩૫૦ ડૉલર વાર્ષિક છે. એ સિવાય ૫૦–૭૫ ડૉલર પુસ્તકો–નોટબુકો વગેરેમાં જાય. બાકીના ૨૫૦–૩૦૦ ડૉલરમાં આખા વર્ષનો ખાવા–રહેવાનો–કપડાનો ખર્ચ કેવી રીતે નીકળે એ તો એ જ સમજાવી શકે. પૈસા બાબતમાં આવી ખોટી ખબર આપવી એ મને ઠીક નથી લાગતું. એટલી જ જોગવાઇ કરીને કોઈ અહીં આવ્યો હોય તો એની શી દશા થાય? બહારથી કમાવાની તો આશા જ ન હોય!

ત્યાં આખા પ્રાંતમાં કૉલેજો છુટી છુટી ફેલાએલી છે, અને પરીક્ષા લેવાની પદ્ધતિ ઘણી જ ખરાબ છે એને લીધે સારૂં શિક્ષણ પણ વેડફાઈ જાય છે. ત્યાંના કોર્સની અહીં શાખ મળી, છતાં અહીંના છોકરાઓ જેવી જ મને સારી કેમિસ્ટ્રી આવડે છે. Pure science ત્યાં સારૂં શીખવે છે; appliedનો રીતસર કોર્સ ગોઠવે તો બહુ વર્ષો સુધી પરદેશ જવાની જરૂર ન રહે.

...ગયે અઠવાડિયે ખૂબ બરફ પડ્યો. લૉવેલમાં ચોંટેક ઇંચનો થર જામી ગયો હશે. કેટલેક ઠેકાણે ટ્રેઇનનો વહેવાર પણ અટકી પડેલો. બધાં શહેરોમાં બરફ ખસેડવાને ‘ઑટોમૅટિક મૉટરલૉરી’ વાપરવાની મેયર તરફથી મનાઈ થએલી. એને બદલે હજારો બેકારોને કંઇક કામ મળ્યું.

આઈન્સ્ટાઈન માટે ત્યાં છાપાંમાં કંઇ આવ્યું જણાતું નથી. એ હવેથી છ મહિના જર્મની અને છ મહિના અમેરિકા રહેશે. ન્યૂ યૉર્કની પાસે બૅંગલોર જેવું ‘રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ’ ઊભું કર્યું છે એ direct કરશે. એને માટે resident visa માગ્યો એટલે વૉશિંગ્ટનમાં કોઇ women's league છે તેણે ગવર્નમૅંટને અરજી કરી કે આઇન્સ્ટાઇન કમ્યુનિસ્ટ હોવાથી અમેરિકામાં દાખલ ન થવા દેવો--કદાચ અમેરિકાને ભયરૂપ થઇ પડે. ગવર્નમૅંટે આ મેમોરૅન્ડમ બર્લિન કૉન્સલ ઉપર મોકલી આપ્યું. કૉન્સલે આઇન્સ્ટાઇનને પોણો કલાક સુધી નિશાળિયાની માફક ‘ક્યાં રહો છો, શું કરો છો . . .’ વગેરે સવાલો પૂછ્યા પછી છેલ્લે પૂછ્યું, તમે communist છો? અમેરિકામાં શું કરશો? એટલે આઇન્સ્ટાઇનનો મિજાજ ગયો. એણે કહ્યું, ‘What is this? I am going to America because your countrymen invited. You begged me to go there, otherwise Germany is as good for me. If you don't want to give me visa, I must know that definitely within 24 hours; otherwise I will cancel my visit.’ Then he abruptly got up and left the Consullate. બીજે દિવસે એને વીસા આપ્યો. બધાં છાપાંએ અહીં ગવર્નમૅંટની ખૂબ ઝાટકણી કાઢી, અને પેલી લીગની પણ ઠીક મશ્કરી કરી. ન્યૂ યૉર્ક ટાઇમ્સ જેવા ધીર અને ગંભીર છાપાએ પણ કડક શબ્દોમાં અહીંની બ્યુરૉક્રસી માટે લખ્યું.

...આ વખતે કેટલીક મીલો જોવાની તક મળશે; જોકે અત્યારે

લૉવેલની આસપાસમાં બહુ મીલો રહી નથી. ઘણીખરી ફિલાડેલ્ફીઆ તરફ છે. ઉનાળાની રજાનું પ્રોગ્રામ નક્કી નથી કર્યું

દક્ષિણમાં રંગભેદ સારી રીતે છે; પણ મુખ્યત્વે હબસીઓની સામે. હિંદીઓ મુસાફરી માટે જાય છે'ને માથે ફેંટો વીંટાળે છે કે તરત ઓળખાઇ જાય. હિંદીઓ સામે ખાસ રંગભેદ નથી. કૉલેજોમાં તો નહિ, પણ બહાર રેસ્ટોરાં, સીનેમા વગેરેમાં હશે. ત્યાં ચાલુ રહેવામાં મુશ્કેલી તો પડે ખરી.

...આજે બપોરે એક વાગે રૂઝવેલ્ટ ગાદીએ બેઠો. નવું વરસ–નવો પ્રમુખ–new deal, એટલે અમેરિકનો સારા વખતની આશા રાખે છે. આજના ટૂંકા ભાષણમાં પૈસા ધીરનારાઓ (વૉલ સ્ટ્રીટ) ઉપર આક્ષેપો હતા. અત્યારની પરિસ્થિતિ માટે એમને મુખ્યત્વે જવાબદાર ગણ્યા. એનો બરાબર સામનો કરવા માટે કૉંગ્રેસ પાસે broad executive power માગ્યો. છેલ્લે કહ્યું કે we want friendly neighbours. એ ઇંગ્લંડને લાગુ પડે છે એમ જ રશિયા અને જાપાનને પણ લાગુ પાડી શકાય. લડાઇનાં દેવાં સિવાય બૅંકોનો પ્રશ્ન અહીં સૌથી અગત્યનો છે. બૅંક ઑફ ઇંગ્લંડ જેવી controlling agency અમેરિકામાં નથી એટલે બૅંક ભાંગવાના કિસ્સા ઘણા થાય છે.અહીંની મુખ્ય દસબાર બૅંકો જેમાં નૅશનલ સિટી બૅંક, ચેઇઝ નૅશનલ બૅંક (દુનિયામાં મોટામાં મોટી), જે પી. મૉર્ગન ઍન્ડ કં. વગેરેએ સંપ કરી ઉદ્યોગોમાં પૈસા ધીર્યા અને અત્યારે બધાને dictate કરે છે. કહે છે કે મજૂરોના પગાર ઘટાડવાની સૂચના અથવા આજ્ઞા આ લોકોની છે. યુરોપમાં પણ સારી રીતે પૈસા ધીરેલા. એ ડૂબી ન જાય એટલા માટે અમેરિકાને લડાઇમાં ઘસડયું. એ સિવાય બીજી ભ્રાતૃભાવની કે માનવતાની લાગણી જેવું કાંઇ જ નહોતું. રૂઝવેલ્ટ ઉદ્યોગોને બૅંકોના પાશમાંથી છુટા કરી શકશે ? આજે ભાષણમાં એ મતલબની સૂચના હતી, પણ કરવું સહેલું નથી. Cost of production માટે લખ્યું, પણ મજૂરી ઘણી મોંઘી છે. અહીંના જીવનનું ધોરણ જ ઊંચું એટલે ઓછે પગારે કામ કરે નહિ. આને લીધે light Industries કે જેમાં વધારે લેબરની જરૂર પડે એમાં માલ સસ્તો નથી કરી શકતા. ધાતુકામ, પેટ્રોલ, ગૅસ વગેરેમાં ઘણુંખરૂં કામ મશિનથી જ થાય. એમાં આ લોકોના હાથમાં આખી દુનિયાનાં બજારો છે. પણ નાના ઉદ્યોગોમાં ઘણાં માણસોની જરૂર પડે: જેવા કે કાપડ, ઊન, રમકડાં અને બીજી નાની પરચુરણ ચીજો.

આજે અમેરિકાની બધી બૅંકોનું મોરૅટોરિયમ ચાર દિવસ માટે રૂઝવેલ્ટે જાહેર કર્યું છે. કોઇને પૈસા મળી ન શકે. દેશમાંથી સોનું કે રૂપું બહાર મોકલવાની મનાઇ ફરમાવી છે. કહેવાય છે કે જાન્યુઆરી પછી ૩૫ કરોડ ડૉલરનું સોનું અમેરિકાની બહાર ગયું છે. ક્યાં ગયું એ ખબર નથી પડતી.

...અહીં બનતા બનાવો ખૂબ રસથી વાંચતા હશો. આવતા સોમવારથી બૅંકો ઊઘડવી શરૂ થશે. હવેથી બૅંકો ઉપર ગવર્મેંટનો કાબુ રહેશે. બૅંકોની પૉલિસી ગવર્મેંટની સૂચના પ્રમાણે જ રહેશે. આજ સુધી બૅંકો ઉપર ખાસ કાબુ નહોતો એટલે દર વર્ષે બૅંકોનાં દિવાળાં ઠીક પ્રમાણમાં ફૂંકાતાં. લોકોને બૅંકોમાંથી વિશ્વાસ ઊડી ગયો એટલે સોનાના સિક્કા અને સોનું સંઘરવા માંડયું. બૅંકોમાંથી કરોડોની અનામત ખેંચી લેવાઇ. બૅંકોની સ્થિતિ ઘણી ખરાબ થઇ ગઇ. મોરૅટોરિયમ જાહેર કરવાનું કારણ સોનું બહાર લાવવા માટે હતું. વળી ગવર્મેંટે ધમકી આપી કે જે લોકોએ લાખોનું સોનું અથવા સોનાંના સિક્કા સંઘર્યા છે તેઓ અમુક દિવસ સુધીમાં ફેડરલ રીઝર્વ બૅંકમાં પાછા નહિ લાવે એનાં નામ જાહેર કરશે. આવી રીતે લોકોની નજરે ચડવાની કોઈની ઇચ્છા નથી એટલે ગયા મંગળવારથી જ લગભગ કલાકના પચાસ હજાર ડૉલરના હિસાબે ગવર્મેંટ વોલ્ટમાં સોનું પાછું આવવા લાગ્યું છે. જે બૅંક સધ્ધર હોવાની પૂરી ખાત્રી આપશે અને ગવર્મેંટ ઑર્ડર પ્રમાણે પૉલિસી અખત્યાર કરશે એને જ આવતે અઠવાડિયે ઊઘડવાની રજા આપશે. બૅંકોના સંબંધમાં કૉંગ્રેસે રૂઝવેલ્ટને કુલ સરમુખત્યારી આપી છે. બિલ બુધવારે કૉંગ્રેસમાં રજુ થયું ત્યારે માત્ર સ્પીકર પાસે એક કૉપી હતી. એણે વાંચી સંભળાવી અને સર્વાનુમતે બિલ પસાર થયું. આવો જબ્બર ફેરફાર કરનારૂં બિલ માત્ર ચાલીસ મિનિટમાં પસાર થયું. આ ગંભીર બનાવો સાથે રમૂજી બનાવો પણ એટલા જ બને છે. પેન્સિલ્વાનીઆના ગવર્નરે બૅંક મોરૅટોરિયમ જાહેર કર્યું અને ખીસામાં જોયું તો એક ડૉલર બાકી રહેલો! હુવર સાહેબ પૈસા ઉછીના લઇ ન્યૂ યૉર્ક પહોંચ્યા. એક પેઢીના ટ્રાવેલિંગ સેલ્સમૅને બહારગામથી પત્ની ઉપર તાર કર્યો કે પૈસા નથી એટલે બૅંકો સાથે મારૂં પણ મોરૅટોરિયમ જાહેર કરૂં છું! નૅશનલ સિટી બૅંકનું પોગળ બહાર આવ્યું છે તે વાંચ્યું હશે. આજે તો એ બૅંક પ્રતિષ્ઠા ખોઇ છે. અંદરના કારભારમાં sweeping changes થાય અને લોકોની સોએ સો ટકા ખાત્રી થાય ત્યાં સુધી પ્રતિષ્ઠા પાછી આવવી મુશ્કેલ છે. અહીંના સમાચાર ત્યાં છાપાંમાં વિગતવાર આવતા હશે.

...અહીંની પ્રજાની નિયમિતતા અને વ્યવસ્થા એ બે આપણે ખાસ અનુકરણ કરવા જેવાં છે. આ લોકો કાયદાનું બહુ ચીવટથી પાલન કરે છે. સીનેમાની ટિકિટ ઑફિસ પાસે ગીરદી હોય તો ધક્કામુક્કી ન કરે, પણ એક લાઇનમાં ઊભાં રહે. મોટરનો અકસ્માત થયા પછી શૉફરે નાસી જવાનો પ્રયત્ન કર્યો હોય એવો દાખલો મેં જાણ્યો નથી. જીવનના સામાન્ય વહેવારમાં લોકો સરળ ને પ્રામાણિક હોય છે. માલ વેચવામાં ભેળસેળ કરવી, કહેવું કાંઇક અને સેરવી દેવું કાંઈક, એ આપણે ત્યાં સામાન્ય અનુભવ છે. અહીં એ રીતે ઠગાવાની બીલકુલ ધાસ્તી નહિ. બેકાર માણસો ઉપર જણાવેલો રસ્તો નહિ લે

પણ રીવૉલ્વર ધરીને જ પૈસા માગી લેશે. *

એ સિવાય અહીંના જીવનમાં નિરાંત બહુ ઓછી છે. લોકો દરેક કાર્યમાં ઉતાવળમાં જ હોય. કોઇ ઠેકાણે હવા ખાવા કે દરિયાકિનારે ફરવા જાય ત્યાં પણ કાંઈક exciting (ઉત્તેજક) શોધી કાઢે. અમેરિકનોને યુરોપ બહુ ધીમું લાગે છે.


સૌથી અગત્યનું તો અહીંના અભ્યાસક્રમની ગોઠવણ અને શીખવવાની પદ્ધતિ છે. હાર્વર્ડમાં economicsમાં ૪૦ ભાગ પાડ્યા છે. પહેલો કોર્સ general principles બધાને માટે compulsory (ફરજિયાત) છે. એ કોર્સ પ્રો. ટાઉસીગ લે છે. બાકીના ૩૯માંથી ગમે તે ત્રણ પસંદ કરવાના. આપણી ઇલાકાની બધી કૉલેજો એક ઠેકાણે centralise—કેન્દ્રિત કરી હોય તો શક્તિનો કેટલો બચાવ થાય ! દરેક પ્રોફેસર એક એક કોર્સમાં નિષ્ણાત હોય અને દરેક જણ અનુકૂળ વિષયો જ લઇ શકે. પરીક્ષાઓ અત્યારે છે એવી કડક રાખવાની જરૂર ન રહે. યુનિવર્સિટીની આવક સરખે ભાગે વહેંચી લેવા સિવાય ત્યાં યુનિવર્સિટી-પ્રોફેસરો યુનિવર્સિટી માટે શું કરે છે ?

અહીં બધી કૉલેજોમાં દર પંદર દહાડે એક પરીક્ષા લે છે એને 'quiz' (ક્વિઝ) કહે છે. ટર્મની આખરે બધી quizની average (સરેરાશ) કાઢે. એ માર્ક અને ટર્મિનલના માર્કનો સરવાળો કરી છેવટે grade આપે. એટલે દરેક જણને પહેલેથી એકધારો અભ્યાસ કરવો જ પડે. છેક M.A. સુધી quiz લે છે.

શાન્તિ

* હજી આ અનુભવો નવા છે.





સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય

ત્રણ વાનગી

મદ્રાસની યંગ મેન્સ ફ્રી એસોસીએશનમાં તાલીમ લઇને 'વ્યાયામ-નિષ્ણાત' થએલા આ (ડાબી બાજુના) ભાઈ હરિપ્રસાદ ત્રિવેદી કપડ-વણજની બજરંગ વ્યાયામશાળાના સંચાલક છે. ખભા પરના સ્નાયુ દેખાડવામાં બીજાં અંગો કંઇક વિકૃત થતાં દેખાય છે, તોપણ તેથી ખભા છાતી અને પેટના સ્નાયુઓનો વિકાસ ઢાંક્યો રહેતો નથી દેશી પદ્ધતિના વ્યાયામની ઉપાસનાનું આ ફળ છે.

મહેસાણા પ્રાંત વ્યાયામ મંડળનો પહેલો વ્યાયામવર્ગ કડી મુકામે ચાલેલો તે પ્રસંગનું એક પ્રેક્ષણીય દૃશ્ય ઉપર ડાબી બાજુએ રજુ થયું છે.

ઉપર : જમણી તરફ–ચીખલી વ્યાયામશાળાના બે વિદ્યાર્થીઓ. શરીરને રજ પણ મારીમચડી કે તાણીતોડીને વિકૃત કર્યા સિવાય પણ અંગસૌષ્ઠવ દેખાડી શકાય છે તેનો આ દૃષ્ટાન્ત છે. નીચે ઊભેલા ભાઇને તોલ જાળવવા શરીરના બધા ય સ્નાયુ-ઓનો ઉપયોગ કરવો પડ્યો છે, છતાં આખું શરીર ડહોળવાળું અને એકધારો વિકાસ દેખાડનારૂં છે. વ્યાયામનું ધ્યેય 'ગોટલાબાજી' નહિ પણ સુસંહત શરીર—'સ્વાસ્થ્ય' 'શક્તિ' 'સૌન્દર્ય'—હોવું જોઇએ એનું આ સરસ ઉદાહરણ છે. —હ.આ.

૪૦ પ્રશ્નોની ઇનામી હરીફાઇનું પરિણામ

ગયા વર્ષના છેલ્લા (૧૦૮મા) અંકમાં જાહેર કરેલી ૪૦ પ્રશ્નોની ઇનામી હરીફાઇનું પરિણામ સંજોગવશાત ધાર્યા કરતાં ઘણું મોડું બહાર પાડી શકાય છે તે માટે ગ્રાહકોની ક્ષમા માગીએ છીએ.

ચાલીસે પ્રશ્નોના બધા ઉત્તરો સાચા ૧૦ જણના છે. તેમની ચિઠ્ઠીઓ નાખતાં પહેલું ઈનામ ('કુમાર'નું બે વર્ષનું લવાજમ) શ્રી ગોવર્ધનદાસ કહાનદાસ અમીન-સીનોર (ગ્રા. નં. ૨૯૭)ને મળે છે. તે પછીનાં, 'કુમાર'ના એક એક વર્ષના લવાજમનાં ચાર ઇનામો નીચેના ચાર ભાઇઓને મળે છે: ચતુરભાઇ પુરુષોત્તમ-ખાનપુર (ગ્રા. નં. ૩૩); ભીમજીભાઇ છ. પંડ્યા-કુરાઇ (ગ્રા. નં. ૧૩૬૦); સેક્રેટરી જ્ઞતલી ક્લબ-વડોદરા (ગ્રા. નં. ૧૧૦૪); કેશવલાલ જેઠાલાલ શાહ-આણંદ (ગ્રા. નં. ૮૮). ત્યાર પછીનાં પાંચ ઇનામો 'કુમાર'ના છ માસ માટેનાં લવાજમોનાં છે તે નીચેનાં પાંચ જણને જાય છે: મિસિસ પી. ડી. ડોટી-સંજાણ (ગ્રા. નં. ૧૨૭); પિનાકીન ઠાકોર-વડોદરા (ગ્રા. નં. ૮૨૯); રાયસંગજી રાઠોડ-ભુજ (ગ્રા. નં. ૭૪૮); દિનકરરાય ભટ્ટ-ભાવનગર (ગ્રા. નં. ૧૮); રમણિકલાલ c/o ચુનીલાલ સાંઘાણી-મુંબાઇ (ગ્રા. નં. ૧૪૦).

બધા જ પ્રશ્નોના સાચા ઉત્તરો આપનાર ઉપરના દસ જણ પછી ૩૯ સાચા ઉત્તરો આપનારા ચાર, ૩૮ સાચા જવાબો આપનાર ચાર, અને છત્રીસ ખરા ઉત્તરો મોકલનાર ત્રણ મળીને કુલ અગિયાર જણને પ્રત્યેકને ત્રણ ત્રણ માસ માટેનું 'કુમાર'નું લવાજમ ઇનામ મળે છે. તેમનાં નામ તેમના પ્રશ્નોના ખરાપણાના ક્રમમાં આ નીચે આપ્યાં છે: ચન્દ્રકાન્ત હીરાલાલ મહેતા-કલકત્તા (ગ્રા. નં. ૧૦૫૮); સાર્વજનિક પુસ્તકાલય-ગંભીરા (ગ્રા. નં. ૧૯૧); જટિલરાય કેશવલાલ વ્યાસ-પોરબંદર (ગ્રા. નં. ૧૩૦૬); લલિતચંદ્ર દીવાનજી-વડોદરા (ગ્રા. નં. ૩૮૪); ધર્મદાસ લક્ષ્મારામ અગ્રાવત-લાઠી (ગ્રા. નં. ૩૦૩); વાડીલાલ રાધેકૃષ્ણ ત્રિવેદી-કપડવણજ (ગ્રા. નં ૨૧); કાન્તિલાલ નારાયણ જોશી-મુંબાઈ (ગ્રા. નં. ૧૨); ગોપાળજી બાબરભાઇ પટેલ-સાંધીએર (ગ્રા. નં. ૪૯૯); ભવાનીશંકર હરગોવિંદદાસ પાઠક-કરમસદ (ગ્રા. નં. ૩૦૬); નારાયણ ડી. જરાદી-વડોદરા (ગ્રા.નં ૫૧૦); ઉમિયાશંકર ઠાકર-આણંદ(ગ્રા.નં ૧૩૦).

તે પછીનાં છેલ્લાં છ ઇનામો (ચિત્રશતકનું પુસ્તક) નીચેના છ ભાઇઓને મળે છે તેમનાં નામ તેમના સાચા ઉત્તરોની સંખ્યાના ક્રમમાં મૂક્યાં છે. પહેલા બેના ૩૫ સાચા છે; પછીના બેના ૩૪ સાચા છે ને પછીના બેના અનુક્રમે ૩૨ ને ૩૦ ઉત્તરો ખરા છે: વસંતલાલ એસ. પટેલ-નાઇરોબી (ગ્રા. નં. ૧૧૬૬); એમ. કે. વોરા-પૂના કૅમ્પ (ગ્રા નં. ૧૧૬); વીરેન્દ્ર લાલજી ત્રિવેદી-સાંતાક્રુઝ (ગ્રા. નં. ૭૨૫); વિનોદ વીરચંદ શાહ-માટુંગા (ગ્રા. નં. ૫૯૫); બુદ્ધિપ્રસાદ એ. રાણા-ડાકોર (ગ્રા. નં. ૫૬૬); દલપતલાલ ચુનીલાલ શાહ-મુંબાઇ (ગ્રા. નં ૭૬૪).

ભાઇશ્રી નારણભાઈ નાથુભાઇ ચૌહાણ (રાંદેર)ના ૩૫ ઉત્તરો ખરા છે, પરંતુ હરીફાઈના નિયમ પ્રમાણે તેઓ આ વર્ષે ગ્રાહક ન હોવાથી ઇનામ તેમને મળતું નથી.

ચિત્રશતક સિવાયનાં 'કુમાર'નાં લવાજમનાં ઉપલાં બધાં ઇનામો હવે પછીનાં વર્ષના અંકોને રૂપે જ ઇનામ જીતનારાઓને મળશે. જેઓને છ અને ત્રણ માસનાં લવાજમનાં ઇનામો મળ્યાં છે તેઓ પૂર્તિ રૂપે અનુક્રમે ત્રણ અને સાડાચાર રૂપિયા રોકડા આ વર્ષની આખરમાં મોકલી દઇને આવતા આખા વર્ષ માટેના ગ્રાહક તરીકે નોંધાવા વ્યવસ્થા કરશે તો સરળતા થશે. નહિતર તેમને ઈનામના અંકો તો મોકલાશે જ.

ઇનામી પ્રશ્નોના ઉત્તરો નીચે મુજબ છે તેમાં સૌ પહેલાં કૌંસમાં પ્રશ્નનો ક્રમ, તે પછી તેનો ઉત્તર 'કુમાર'ને જે પાને આવ્યો છે તેનો ક્રમ અને તે પછી ઉત્તર દર્શાવેલા છે. (૧) ૩૭-૩૮ એ નામના કુતરાના-વણઝારાના વફાદાર કુતરાના સ્મરણમાં; (૨) ૬૧ ગ્રેટબ્રિટનની ઊડતી બોટ-ગ્લાઇડર પારિતોષિક જીતવા માટે; (૩) ૭૨ શેષ, 'જ્યારે આ આયખુ ખૂટે' વાળા કાવ્યમાં; (૪) ૭૪ દક્ષિણ આફ્રિકામાં સોનાની ખાણનો પ્રદેશ; (૫) ૩૮ અરબ્બી ભાષાના અક્ષરોની કિંમત ગણવાની પદ્ધતિ; (૬) ૭૮ બ્રહ્મદેશનો બૌદ્ધ સંન્યાસી; (૭) ૭૫ સોનું ભળેલા ખડકો ખાંડવા માટે; (૮) ૨૬ ધૂંટણીએ પડીને નમન કરવું; (૯) ૫૨૨ ઉમાશંકર જોષીની કવિતા; (૧૦) ૫૫૫ મૅગ્નીસ્ટ્રો (રશિયા)ના કારખાનામાં હિંદી ધાતુવિશારદ અધિકારી; (૧૧) ૫૧૭ પોપૈયો; (૧૨) ૭૮ પેગુ શહેરની બહાર ભગવાન બુદ્ધની સિંહશય્યા મૂર્તિ; (૧૩) ૩૫૮ તિબેટના ફેરીજૅંગ ગામની; (૧૪) ૨૮૬ ગિલિન્ડર-રામદુલારીલાલની; (૧૫) ૩૩૯ બનારસ હિંદુ યૂનિવર્સિટીની; (૧૬) ૨૯૪ ચિત્રશિખંડી; (૧૭) ૫૪૩ જાપાનની પ્રાચીન રાજધાની; (૧૮) ૪૮૪ મુગલ દરબારમાં કલાકાર; (૧૯) ૫૫૬,૮૦૦ જાતનાં; (૨૦) ૪૩૭ સાગના; (૨૧) ૪૪૫, ૧૭૬૮માં; (૨૨) ૪૩૯ આર્ગન નામના સ્વિસ કારીગરે; (૨૩) ૪૩૮ અંધારામાં છબી લઇ શકે તેવાં કિરણો; ૧૯૩૨માં; (૨૪) ૪૪૦ Vibgyor; (૨૫) ૪૮૦ કૌવચ; (૨૬) ૪૯૪-૫ અલરોબા; (૨૭) ૩૧૨ રૅંગ્લર નારળીકરે; (૨૮) ૩૯૭ મહર્ષિ રાનડે; (૨૯) ૫૦૬ ઝૂરિચ (જર્મની)માં; (૩૦) ૩૩૨ ઇન્દુલાલ ગાંધીએ-ફુલજ્ઞૈણીમાં; (૩૧) ૫૨૦ લંડન-સાડા સિત્તેર લાખ; (૩૨) ૩૫૪ ઉસ્તાદ ઇશા; (૩૩) ૪૨૨ ખનીજ પથ્થર-પેન્સિલ બનાવવામાં (૩૪) ૪૬૩ તરવું, તાતરવું, તસ્કરવું, નાડી, ન્યાય, રાગ, પાધ, પારખી; (૩૫) ૩૫૯ એક આની; (૩૬) ૪૫૫ મેટ્ટોગ્રૉસો, દક્ષિણ અમેરિકામાં બ્રાઝિલમાં (૩૭) ૪૩૦ ઍરિસ્તાઇડ બ્રાયાં; (૩૮) ૪૪૮ સામેનું ચિત્ર ઇંગ્લંડનો નામચીન નટ; (૩૯) ૪૩૮ રવિબાબુ-સાહિત્યમાં; રામન-ભૌતિકશાસ્ત્રમાં; (૪૦) ૪૭૨ બૌદ્ધધર્મની જ્ઞાનમાર્ગ શાખા.

દાનત તેવી બરકત

બાળવિભાગ



એક જંગલમાં એક હાથી રહેતો હતો. તેની પાસે એક દિવસ એક શિયાળે આવીને નમન કરીને કહ્યું કે 'આપ મને આપનો મિત્ર બનાવો તો હું આપને એવાં એવાં સ્થાનમાં લઇ જાઉં કે જ્યાં સુંદર સ્વાદિષ્ટ ખાવાપીવાના પદાર્થો સહજમાં મળી શકે; અને વળી આપની સાથે ફરવાથી મને યે લાભ થશે કે જંગલનાં બીજાં જનાવરો મને ડરાવી નહિ શકે.'

હાથી એ સાંભળી રાજી રાજી થઇ ગયો અને બંનેની દોસ્તી થઇ ગઇ.

એક દિવસ શિયાળના કહેવાથી બંને એક વાઢ (શેરડીનું ખેતર)માં ગયા. શિયાળને હાથીએ પીઠ ઉપર બેસાડી દીધો અને ખેતરમાં પેસીને પેટ ભરીને શેરડી ખાધી. શિયાળે કહ્યું કે 'મિત્ર, મને પણ થોડી શેરડી ખવડાવને?' તે પરથી હાથીએ મોંમાંથી છોતાં કાઢી કાઢી તેને દેવા માંડ્યાં. શિયાળને હાથીનો એ વ્યવહાર ગમ્યો નહિ, પણ ધીરજથી તે પ્રસંગ ગળી ગયો અને કંઇ બોલ્યો નહિ.

થોડી વારે હાથી શેરડી ખાઇને પૂરેપૂરો ધરાઇ રહ્યો ત્યારે શિયાળે તેને કહ્યું, 'મિત્ર, મને તો હવે તરસ લાગી છે તો જંગલમાં પાણી હોય ત્યાં મને લઇ ચાલ.' હાથીએ કહ્યું 'ભાઇ, પાણી આટલામાં નહિ મળે; માટે લે હું સૂઇ જાઉં અને તું મારા પેટમાં પેસી જા. એમાં બહુ પાણી ભર્યું છે, તેમાંથી પીને બહાર આવજે.' શિયાળને તે વાત ગમી એટલે હાથી સૂઇ ગયો અને મોં ઉઘાડ્યું. શિયાળ બેધડક અંદર પ્રવેશી ગયો અને અંદર જઇ પાણી પીવા માંડ્યું. પીતાં પીતાં એણે હાથીનું કાળજું જોયું અને તેના મોંમાં પાણી છૂટ્યું. એટલે વધારે વિચાર કર્યા વિના કાળજાને બચકાં ભરી ખાવા લાગ્યો. હાથીને કાળજામાં વાઢ થવાથી પીડા થવા લાગી એટલે પોકાર કરવા લાગ્યો. તેણે બહુ કાકલૂદી કરી, પણ માંસલોભી શિયાળે એક પણ બોલ કાન પર ન લીધો અને અંતે હાથી મરી ગયો.

પણ હાથી મરી ગયો તે સાથે જ તેનું મોં બંધ થઇ ગયું, એટલે શિયાળ પણ જીવતો જ અંદર પૂરાઇ ગયો. અને આખરે હવા બંધ થવાથી તે પણ હાથીના પેટમાં જ મરી ગયો. (હિંદી ઉપરથી)

એમ? કેમ

પ્રશ્ન

સિલોન, બ્રહ્મદેશ વગેરે તરફ વરસાદ વહેલો શરૂ થાય છે ને ઘણો પડે છે; જ્યારે કાઠિયાવાડ, રજપૂતાના વગેરે તરફ મોડો ને થોડો કેમ પડે છે?

ઉત્તર

ઉનાળા દરમ્યાન સખત ગરમીને લીધે પૃથ્વી ઉપરનું પાણી શોષાઇને આકાશમાં ચડે છે ને વાદળાં બંધાય છે. આ વાદળાં જમીન ઉપરના ભાગમાં ન રહેતાં સમુદ્ર તરફ ભેગાં થાય છે. એ રીતે પૃથ્વીના ઉત્તર ધ્રુવ તરફ ઠંડી હોવાથી વાદળાં તે તરફ આગળ વધવાને બદલે, હિંદી મહાસાગર તરફ દક્ષિણ ધ્રુવ આગળના પ્રદેશ આગળ જ્યાં હવા પાતળી હોય છે ત્યાં ભેગાં થાય છે. આમ ત્યાં ઘણાં વાદળાં ભેગાં થતાં જાય અને ધીરેધીરે તે ઠંડાં પડે એટલે તેમનું વજન વધતું જાય છે જેથી તે આકાશમાં અદ્ધર નથી રહી શકતાં. વળી આ જ વખતે ઉત્તર ધ્રુવ તરફ કાયમી દિવસ થતાં ત્યાંની હવામાં ગરમી આવે છે અને દક્ષિણ ધ્રુવમાં રાત પડતાં હવા ઠંડી થતી જાય છે. આથી તેમજ પવનને લીધે આ વાદળાં ધકેલાઇને ઉત્તર તરફ જાય છે. ઉત્તર તરફ આગળ વધતાં સિલોનનો પ્રદેશ પહેલો આવે છે ત્યાંની ગીચ ઝાડીના આકર્ષણને લીધે કેટલાંક વાદળાં ત્યાં જ વરસી જાય છે. બંગાળના ઉપસાગર ઉપરથી પણ વાદળાં જાય છે તે બ્રહ્મદેશ આગળ આવતાં ત્યાંનાં

[અનુસંધાન પાછળ પાન ૨૫૬]



માધુકરી

દેશદાઝ જ્યાં લગી જીવતી, ત્યાં લગી સઘળી આશા;
ભાંય ધન સહુ પાછાં મળતાં, પડંત સવળા પાસા.
એ તેરસો જો ગયો સમૂળો, પડ્યા ન કઠશો કો દી,
ગુલામ થઈને નીચાં કરમો સદૈવ કરશો શો દી.   —કવિ નર્મદાશંકર

જતીન્દ્રમોહન સેનગુપ્ત

ચિતાગાંગમાં બરામા ગામમાં જાત્રામોહનને ઘેર ઇ.સ. ૧૮૮૫માં એક બાળકનો જન્મ થયો. જાત્રામોહન તે વખતે બંગાળની બ્રહ્મોસમાજી ચળવળમાં આગળપડતો ભાગ લેતા અને રૂઢિબંધનો સામે સુધારાની ચળવળ ચલાવતા; પણ એ વખતે તેમને ભાગ્યેજ ખ્યાલ હશે કે તેમનો કુમળો પુત્ર ભવિષ્યમાં જબરો સમાજસુધારો કરશે તથા દેશના રાજદ્વારી ક્ષેત્રમાં પણ કીર્તિમાળ વરશે. ઊંચા કુળના મધ્યમ વર્ગના કુટુંબમાં બાળકો ઊછરે તેમ જતીન્દ્રમોહન ઊછર્યો. પિતા કલકત્તે જતાં ત્યાંની બ્રહ્મોસમાજની પ્રાથમિક શાળામાં એકડિયો ઘૂંટતાં શીખ્યો અને ફરી પાછા ચિતાગાંગ આવી તેણે માધ્યમિક કેળવણી મેળવી. કલકત્તામાં કૉલેજનું શિક્ષણ મેળવી ૧૯ વર્ષની ગભરૂ વયે તેણે સાગર ઓળંગ્યો અને ઈ.સ. ૧૯૦૪ના ઑગસ્ટમાં ઇંગ્લંડ જઇ કેમ્બ્રિજની ડાઉનિંગ કૉલેજમાં તે દાખલ થયો.

ઇંગ્લંડમાં તેણે પાંચ વર્ષ કેળવણી લીધી, અને સૌને છક કરી નાખે એવી પોતાની બુદ્ધિમત્તા વડે ત્યાંના સૌ અધ્યાપકો તથા સહાધ્યાયીઓમાં તે માનીતો થયો. તેની હિંમત અને મીલનસાર સ્વભાવથી સૌ તેના પ્રત્યે આકર્ષાતા. ટેનિસના શૉખથી કૉલેજના ખેલાડીઓમાં તેણે આગેવાની લીધી હતી અને એક વાર કૉલેજ તરફથી કોચમાં ઊતરી નામ દીપાવ્યું હતું. સાથીઓમાં તે એટલી હદ સુધી પ્રિય થઈ પડ્યો હતો કે કેમ્બ્રિજમાંની હિંદીઓની સુવિખ્યાત સંસ્થા 'ઇન્ડિયન મજલિસ'નો તે પ્રમુખ ચૂંટાયો હતો અને જ્યારે ૧૯૦૯ના ડિસેમ્બરમાં બૅરિસ્ટરની પરીક્ષા પસાર કરી જતીન્દ્રમોહને ઇંગ્લંડનો કિનારો છોડ્યો ત્યારે તેમને વિદાય આપવામાં ત્યાંના અસંખ્ય મિત્રો અને સાથીઓનાં ટોળાં જામ્યાં હતાં.

વિલાયતના એના વિદ્યાભ્યાસના કાળ દરમ્યાન મિસ નેલી ગ્રે નામની બાળા સાથે તેને પરિચય થયો. પરિચયમાંથી પ્રેમ જન્મ્યો અને એ પ્રેમ લગ્નમાં પરિણમ્યો. આ પ્રેમાળ બાળા તેની જીવનસંગાથિની થઇ રહી. એ દંપતીએ કેવું જીવન ગાળ્યું અને એ જીવન દેશને કેવું ઉપયોગી નીવડયું તે આપણે સૌ સારીપેઠે જાણીએ છીએ.

૧૯૧૦માં એટલેકે બંગાળના ભાગલાની જાણીતી ચળવળ પછી જતીન્દ્રમોહન સેનગુપ્તે કલકત્તાની વડી અદાલતમાં પોતાની કારકિર્દીનો આરંભ કર્યો. કાબેલ દલીલબાજ તરીકે તેમણે ધીમેધીમે નામના મેળવી, અને પોતાની અપ્રતિમ બુદ્ધિમત્તાથી અંતે ધારાશાસ્ત્રીઓના મંડળના આગેવાન થયા. એ પદ છેક ૧૯૩૦માં વકીલાત છોડી ત્યાંસુધી તેમણે જાળવી રાખ્યું.

રાજદ્વારી ક્ષેત્રમાં તો તેમણે હિંદ આવીને તરત જ ભાગ લેવા માંડ્યો હતો. ૧૯૧૧માં ફરીદપુર પ્રાંતિક પરિષદ ભરાઈ તેમાં તેમણે હાજરી આપી ને એ પરિષદની બીજી બેઠક ચિતાગાંગમાં ભરવાનું આમંત્રણ આપ્યું. આમ ધંધા અને સેવાના ક્ષેત્રમાં તેમણે એકીસાથે ઝંપલાવ્યું. જ્યારે ૧૯૧૨માં ચિતાગાંગમાં બંગાળ પ્રાંતિક પરિષદ ભરાઇ ત્યારે તેના સ્વાગતાધ્યક્ષ શ્રી સેનગુપ્તના પિતા હતા, અને એ જ પરિષદની બેઠક દસ વર્ષે પાછી ચિતાગાંગમાં મળી ત્યારે તેના સ્વાગતપ્રમુખ જતીન્દ્ર સેનગુપ્ત થયા. એ એક દશકામાં તેમને સ્વ. દેશબંધુ ચિત્તરંજન દાસે દેશસેવાની સાચી દિશા બતાવી, અને એ મહાન બંગાળીના સાથી તરીકે માત્ર બંગાળના જ નહિ પણ દેશના નવઘડતરમાં તેઓ યથાશક્તિ ફાળો આપતા થયા. અંતે ૧૯૨૧-૨૨માં શ્રી દાસબાબુ સાથે તેમણે પણ વકીલાતનો ઝભ્ભો ફગાવી દીધો અને અસહકારની લડતમાં હરખભેર ભાગ લીધો. તેમનો તે વખતનો એ ત્યાગ નાનોસૂનો ન હતો. અંગત મિત્રોએ, શુભેચ્છકોએ, મુરબ્બીઓએ તેમને બહુ વાર્યા, પણ તે તો લાખોની આવક કરતા દાસબાબુ તરફ આંગળી ચીં-



જતીન્દ્રમોહન સેનગુપ્ત

સ્કેચ · કનુ દેસાઈ

ધતા અને કહેતા કે જ્યારે આ પ્રખર ધારાશાસ્ત્રી ફકીર થાય છે ત્યારે મારાથી કેમ બેસી રહેવાય ? પણ દાસબાબુ તો લાખો રૂપિયા રળ્યા હતા; તેમણે પિતાનું કરજ ચૂકવ્યું હતું અને વૈભવ પણ માણેલો હતો; જ્યારે શ્રી સેનગુપ્તના સંજોગો જુદા હતા, અને એ દોઢ વર્ષ સુધી (એમણે વકીલાત પાછી શરૂ કરી ત્યાં સુધી) તેમના કુટુંબે કેવો કસોટીનો કાળ અનુભવ્યો તે માત્ર અંગત સંબંધીઓ કે મિત્રો જ જાણે છે તેમણે ને તેમના સુખદુ:ખમાં સાથે રહેનારી તેમની પત્નીએ એ દોઢ વર્ષમાં એકચિત્તે બંગાળની રાષ્ટ્રસેવા કરી.

મૂડીવાદ નીચે કચડાતા મજૂર સમુદાય માટે પણ તેમને હૈયે હમેશાં લાગણી રહેતી. ૧૯૨૧ના એપ્રિલમાં ચિતાગાંગમાં બર્મા ઑઈલ કંપનીના કામદારો અને માલિકો વચ્ચે ઝગડો પડ્યો. એમાં કામદારોના હક્ક પર તરાપ પડતી હતી. એ અન્યાય દેખી ન શકવાથી શ્રી સેનગુપ્ત ત્યાં ગયા. તેમણે કામદારોને એકત્ર કર્યા અને હડતાળ પડાવી. આ બનાવથી માત્ર ચિતાગાંગમાં જ નહિ પણ બંગાળભરમાં હો હા મચી ગઈ. એમની મક્કમ લડતથી ચિતાગાંગનો વેપાર અસ્તવ્યસ્ત થઈ ગયો. પણ છેવટે પરિણામ કામદારોના હિતમાં આવ્યું. તે પછી એક જ માસમાં તેમને રેલવે કામદારોનું હિત હાથમાં લેવું પડ્યું. ૨૮મી મેએ આસામ બંગાળ રેલવે પર ૧૪,૦૦૦ રેલવે કામદારોની હડતાળ પડી અને તે ત્રણ માસ સુધી ચાલી. હડતાળ નિભાવવા માટે શ્રી સેનગુપ્તે રૂ.૪૦,૦૦૦ જેટલી મોટી રકમ પોતાની જવાબદારી પર ઉધાર લઇ ભેગી કરી હતી.

એમનું દેશસેવાનું કાર્ય એટલું તેજસ્વી હતું કે ૧૯૨૨-૨૩ ના વર્ષમાં રાષ્ટ્રીય કાર્યકર્તાઓના પ્રધાનમંડળમાં તેઓ ચૂંટાયા, અને સ્વ. દેશબંધુ તથા પં. મોતીલાલ નહેરુની આગેવાની નીચે સ્થપાએલા સ્વરાજ પક્ષમાં દેશબંધુના વફાદાર સાથી તરીકે તેમણે શરૂઆતથી જ પોતાની સેવાનો લાભ આપ્યો.

દેશબંધુના અવસાન પછી બંગાળના રાષ્ટ્રજીવનની લગામ સેનગુપ્તના હાથમાં આવી. શરૂઆતમાં જ કલકત્તા કૉર્પોરેશનમાં તેમણે ભારે વિજય મેળવ્યો અને એ સંસ્થાના પ્રમુખ તરીકેનો તાજ તેમને શિરે ત્રણ વાર મૂકાયો. ચિતાગાંગમાં તો તેઓ એટલા લોકપ્રિય થયા હતા કે લગભગ ૯૭ ટકા મતદારોએ તો એમને જ મત આપ્યા.

નહેરૂ રીપોર્ટ ઘડાયો ત્યારે તેમાં તેમણે કેટલો ફાળો આપ્યો હતો એ તેના ઘડનારાઓ જાણે છે. ૧૯૩૦ની પછી સત્યાગ્રહની લડતમાં તેમણે કેવો આગેવાનીભર્યો ભાગ ભજવ્યો તે તો સૌને સારી પેઠે વિદીત છે. તેઓ જેલમાં માંદા પડયા અને તેમને સારવાર માટે વિલાયત જવાની જરૂર પડી.

વિલાયતથી તેઓ પાછા ફર્યા ત્યાર પહેલાં તો ફરીવાર સવિનય ભંગની લડત શરૂ થઈ ગઈ હતી, એટલે સ્ટીમર પરથી મુંબઇ ઊતરતાં જ તેઓને ગિરફતાર કરવામાં આવ્યા. ત્યારથી તેઓ દોઢ વર્ષ કારાવાસમાં રહ્યા. છેલ્લાછેલ્લા રાંચીમાં નજરકેદી જેવા જ તે હતા, પણ તેમની તબિયત તો લથડી જ ગઈ હતી. અંતે તેમણે ગયા આષાઢી અમાવાસ્યાની રાત્રે રાંચીમાં આંખ મીંચી. એમના અવસાનથી કેવળ બંગાળ જ નહિ પણ સારૂ હિંદ ગમગીન બન્યું અને એ મહાન દેશભક્તનું શબ કલકત્તે લાવવામાં આવ્યું ત્યારે જે હજારો માણસોની સ્મશાનયાત્રા નીકળી તેમાં યુરોપીઅનો અને વિદેશીઓએ એકસરખા આદરભાવથી તેમને અંજલિ અર્પી.

('મુંબાઇ' સાપ્તાહિકમાં આવેલા લેખમાંથી તારવીને.)

અંગુઠાનાં નિશાન

એ માત્ર ગુનેગારોના દફતર માટે જ જરૂરનાં છે એમ આપણે માનીએ છીએ, પણ ૨૦૦૦ વર્ષ પહેલાં ચીનમાં માણસની ઓળખાણની ખાતરી લેવાને તેનો પ્રયોગ થતો. સહીને બદલે અંગુઠાની છાપ હજુ પણ પૂર્વના મુલકોમાં ચાલે છે. ઇ.સ. ૧૮૨૩થી ઘણા અનુભવીઓએ તેની ચોક્કસાઈની ખાતરી કરી હતી. ને સર એડવર્ડ હેન્રીએ તેનું ધોરણ બાંધ્યું તે પ્રમાણે આજે દુનિયાભરના પોલિસખાતામાં તેનો પ્રયોગ થાય છે. ૬૪ હજાર માનવીના હાથનાં નિશાનમાંથી ભાગ્યે જ બે પરસ્પર મળતાં આવવાનો એકાદ દાખલો હોય!

પાયાના પથ્થર

દરેક મકાન ચણાતાં પહેલાં જમીનમાં જે મૂકવાની ક્રિયા કરવામાં આવે છે તેનો સંબંધ, અતિ પ્રાચીનકાળે આ પ્રસંગે નરબલિ આપવાની પ્રથા સાથે સંકળાએલો છે. યુરોપમાં પણ ઘણા સૈકાઓ પહેલાં આ રિવાજ હતો. સેંટ પોલના દેવળ નીચે તથા કેટલાંક બાંધકામો નીચેથી હજી જાનવરનાં હાડકાં મળી આવે છે. આધુનિક સુધારામાં પાછળ રહેલા બીજા મુલકોમાં પાયામાં બલિ આપવાનો રિવાજ હજી હમણાં સુધી હતો. ૧૮૯૦માં માંડલે શહેર બાંધવામાં આવ્યું ત્યારે તેના પાયામાં બાવન મનુષ્યોને જીવતાં દાટવામાં આવ્યાં હતાં!

ભાંગીતૂટી મોટરોનું શું થાય છે?

હજારો ટનબંધ રદ થએલી મોટરોનાં ખોખાં અમેરિકાથી જાપાનની પોલાદની મીલો તરફ વિદાય થાય છે. ઘણા વર્ષોથી જાપાનીઓ રદ થએલા પાટાથી માંડી સ્ટીમરોનાં બારદાનો સુધીનો આવો લોખંડી માલ ખંડચે જ જાય છે; અને જાપાને ચીન સાથે લડાઇ આરંભી ત્યારે તો કૅલીફૉર્નીઆના ભંગાર વેચનારાનો વેપાર ૨૦૦૦ ટકા વધી પડયો હતો!

અફઘાન રાજકોદાળી

રાજસત્તાની નિશાનીરૂપે રાજદંડ અને તલવારો તો બહુ નજરે પડે છે, પણ હમણાં અફઘાનિસ્તાનના રાજકર્તા મહમ્મદ નાદીરશાહ ગાઝી નવી લશ્કરી શાળા માટે જમીનનો ચોક્કસ ભાગ સરખો કરવાને એક હજાર સ્વયંસેવકોને સાથમાં લઇ હાથમાં કોદાળી લઈ આગળ ચાલ્યો, એ પ્રસંગે શાહી ફરમાન કરતાં યે વધુ પ્રભાવ પડયો. રાજના સરદારો અને વઝીરો, નાચીઝ કામદારો અને બેગારીઓની જોડેજોડ મજૂરી કરવા લાગ્યા અને ઉત્સાહની ભરતી એવી આવી કે જે કામ કરવાને મહિનાઓ લાગત તે માત્ર બે અઠવાડિયામાં ખતમ થઇ ગયું. વીસ હજાર માણસોએ એ કામમાં મફત સેવા આપી. એક તરફ લશ્કરી બૅંડ ઉત્તેજિત કરતું ગયું અને મોટા મોટા અમીરોના હાથમાં કોદાળી પાવડા જોયા એટલે જંગી માનવમેદની મહાન દેશભક્તિના જુસ્સાથી કામે ચડી. પછી તો લશ્કરી ટુકડીઓ, અમલદારો, વિદ્યાર્થીઓ, ગામડિયાઓ બધા પોતાનો હિસ્સો આપવા આગળ પડયા ને રાજનો મહોત્સવ હોય એવું બધુ બની ગયું. થોડા વખતમાં ૬૦ એકર જમીનની સપાટી તૈયાર થઇ ગઇ. તે કામમાં એક કરોડ વીસ લાખ ઘનફૂટ માટી ખોદાઈને સપાટીમાં પથરાઇ. (અંગ્રેજી ઉપરથી)

એક રતલ મધ ખાતર

ખેતીવાડીના શાસ્ત્રીઓએ પ્રયોગોથી નોંધ કરી છે કે એક રતલ મધ વાસ્તે માખીઓને સંરાસરા ૩૦૦,૦૦૦ માઇલનો પંથ કરવો પડે છે. દરેક માખી આઠઆઠ માઇલ સુધી તેમનો પદાર્થ મેળવવા જાઆવ કરે છે. અને દરેક માખીને ભાગે એવી ૧૬ માઈલની જાઆવ ૧૮૦૦૦ વખત થાય છે. આ હકીકતની ખાત્રી કરવાને મધ મળે એવી જગ્યાએથી આઠ માઇલ દૂર મધપૂડા ગોઠવવામાં આવ્યા હતા અને ત્યાં સુધી માખીઓ નિયમિત રીતે આવજા કરતી જણાઇ હતી કેટલીકને તો રેતીનો વંટોળ અને સામો પવન પણ વેઠવો પડતો, ને મધના બોજાને લીધે વચમાં વિસામો લેવો પડતો તથા ઘેર પહોંચતાં થાકી ગએલી જણાતી (પૉપ્યુલર મિકૅનિક્સ)

શ્રી રામાનુજાચાર્ય અને અસ્પૃશ્યતા

વિશિષ્ટાદ્વૈતના જગપ્રસિદ્ધ પ્રણેતા શ્રી રામાનુજાચાર્યને તેમના સમકાલીન સનાતનીઓ, માનવી વૃક્ષ પરનું કોમળ પાન કહીને સંબોધતા હતા. આ મહાન આચાર્યનું અંતઃકરણ જેમને આપણે આજ હરિજન કહીએ છીએ એવા દુર્ભાગી લોકો પરના પ્રેમથી ને દયાથી ઊછળી આવતું. આ હરિજનોની પાસે હિંદુસમાજ અત્યંત નિકટની સેવા કરાવી લેવાને તૈયાર છે, પણ જે સમાજ જ ફક્ત આપી શકે છે એવા સામાજિક વ્યવહારના હક્ક તેમને આપવાને સમાજ તૈયાર નથી. તેમને લૂંટવા સારૂ સમાજ પોતાના એક ભાગ તરીકે માને છે, અને તેમને ઉપયોગી થવાનો કંઈક પ્રશ્ન નીકળ્યો કે તે સ્વતંત્ર વર્ગ છે એમ કહે છે એ અત્યંત અન્યાયવાળું છે એમ રામાનુજાચાર્યને આજથી ૯૦૦ વર્ષ પહેલાં જ લાગેલું. મહાત્માજીની પેઠે રામાનુજે પણ અસ્પૃશ્યોને એ સમયે અત્યંત પવિત્ર અને મધુરૂં નામ આપવાનો પ્રયત્ન કર્યો. આ વર્ગને તે 'તિરુકુલમ્' કહેતા. (તિરૂ=શ્રી; કુલ=કુળ). રામાનુજે વૈષ્ણવ સાંપ્રદાયી દેવાલયોના ગર્ભદ્વારમાં વર્ષમાં કેટલાક દિવસ હરિજનોને પ્રવેશ મળવાની પ્રથા પાડી હતી એ બીના હિંદુસ્તાનમાં સુવિખ્યાત છે. રામાનુજે બાંધેલા મેલકોટના શ્રીનારાયણના દેવાલયમાં હરિજનોને વર્ષમાં ત્રણ દિવસ મંદિરના ગર્ભદ્વારમાં આવવા દેવાની રૂઢિ તેમણે જ પાડી. નવ સૈકા પહેલાં એટલે જ્યારે આધુનિક ચળવળનું ક્યાંયે નામનિશાન પણ નહોતું એવે વખતે તેમનો કેટલો પ્રચંડ વિરોધ થયો હશે, એની કલ્પના કરવા જેવી છે.

એક વાર રામાનુજ પોતાના શિષ્યો સહિત જતા હતા. રસ્તામાં તેમને એક અત્યંજ સ્ત્રી સામે મળી. સાથેનાં માણસો પૈકી કેટલાક જાણે એ સ્ત્રી દૂર ખસી જાય એટલા સારૂ મોટેથી ઘાંટો પાડયો. એ સ્ત્રી હસી પડી અને 'ઇશ્વરે પોતાનાં પવિત્ર ચરણોથી આ પૃથ્વીને મુદ્રિત કરી છે ને માપી છે, તો આખી પૃથ્વી એ તેનું પવિત્ર મંદિર ન કહેવાય કે? વિદ્વજ્જન હો, તો હું ક્યાં અને કેવી રીતે દૂર સરકું?'

આ સાંભળતાં જ રામાનુજનું હૈયું ભરાઇ આવ્યું અને એકાદા વૈષ્ણવજનની સામે જે પ્રકારના સાષ્ટાંગ નમસ્કાર કરે તે પ્રમાણે નમસ્કાર કરીને તે બોલ્યા: 'દુરાભિમાન અને અજ્ઞાન એ સંન્યાસીઓનાં મનને ભ્રષ્ટ કરે છે. વૈષ્ણવ ધર્મનાં જે ચિહ્નો હું મારા શરીર પર ધારણ કરૂં છું તે, 'ઓ ભગિની, તારા શરીર પર હોવાં વધુ યોગ્ય છે.'

રામાનુજાચાર્ય જ્યારે વૃદ્ધ ને અશક્ત થયા ત્યારે કોઇના ખભાનો આધાર લઇને પણ નદી પર સ્નાન કરવા સારૂ નિયમપૂર્વક જતા. સ્નાન કરવા જતી વખતે તે બ્રાહ્મણ શિષ્યના ખભાનો આધાર લેતા ને સ્નાન કરીને આવતી વખતે શૂદ્ર જાતિના શિષ્યના ખભા પર હાથ ટેકવતા. આ બાબતને લીધે સનાતની લોક અત્યંત શરમિંદા બન્યા, અને આચાર્યશ્રીએ અસ્પૃશ્યતાની વિરુદ્ધ આ જે બંડ પોકાર્યું હતું એને માટે તેમની પદવી-પ્રતિષ્ઠાને યે લક્ષમાં ન લેતાં તેમની વિરુદ્ધ ખળભળાટ મચાવ્યો. 'તેમણે જોઇએ તો સ્નાન કર્યા પહેલાં શૂદ્રનો સ્પર્શ કરવો; પણ સ્નાન કર્યા પછી ભ્રષ્ટાચારથી દૂર રહેવા સારૂ તેમણે શૂદ્રના ખભા પર હાથ ન મૂકવો' આવા પ્રકારની તેમની ટીકા હતી. ટીકાનું સ્વરૂપ સમજી લઇ રામાનુજ હસતાં તેનાં સ્પષ્ટીકરણાર્થે કહેતા: 'જેને તમે શૂદ્ર સમજો છો તેના ખભા પર હું સ્નાન કર્યા પછી હાથ મૂકું છું એનો ઉદ્દેશ મારૂં ઉચ્ચકુલીન જાત્યભિમાન ધોઈ નાખવું એવો જ છે. આ પરિમાર્જન હું પાણી વડે કરી શકું તેમ નથી.' રામાનુજાચાર્ય ભ્રષ્ટતા ને પાવિત્ર્યનું રહસ્ય આ પ્રમાણે સમજતા હતા. એમના આજના અનુયાયીઓની ધર્મઘેલી માન્યતાના કરતાં એમની માન્યતા ને સમજ કેટલી ભિન્ન હતી!

જે રામાનુજાચાર્ય ૯૦૦ વર્ષ પહેલાં અસ્પૃશ્યતાનિવારણની ચળવળના આદ્ય પુરસ્કર્તા હતા, તે રામાનુજાચાર્યનો અધિકાર જેઓ માને છે ને એ પંથને જેઓ અનુસરે છે એવા અનુયાયીઓમાં જ હરિજનોના કટ્ટા શત્રુ છે એ જોઇએ છીએ ત્યારે ઇતિહાસની વક્રતા દેખાઈ આવે છે. (ચિત્રમય જગત)

દારૂડી

દારૂડીને સંસ્કૃતમાં પટ્પર્ણી, મરાઠીમાં પીસોળા અથવા કાંટાધોત્રા, બંગાળીમાં સિયાલકાંટા, હિંદુસ્તાનીમાં સત્યાનાશી અથવા ભરભંડ અને અંગ્રેજીમાં મૅક્સીકન થિસલ કહે છે.

દારૂડીનાં ઝાડ હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે થાય છે. ઘણાએ તે જોયાં હશે, પણ તેને ઓળખતા નહિ હોય. ઊંચાઇમાં એ માત્ર ત્રણચાર ફૂટનાં હોય છે; પણ તેનું મૂળ બહુ મજબૂત ને ઊંડું હોય છે ચોમાસામાં તે પુષ્કળ ઊગે છે. કેટલીક જગ્યાએ ચોમાસા બાદ તે સૂકાઈ જઈ ત્યાં તેનું નામનિશાન પણ રહેતું નથી; પણ ફરી ચોમાસું બેસતાં એ ત્યાં ઊગી નીકળે છે.

દારૂડીના છોડનું થડ એટલું બધું સુંવાળું હોય છે કે તેની પર આંગળી ઘસવાથી તરત તેની પાતળી છાલ હાથની આંગળીએ વળગી આવે છે. છોડને મોટાં, દાંડી વગરનાં ને કાંટાવાળાં પાંદડાં થાય છે. એ કાંટા ફક્ત કોર પર તથા પાતળી નસો પર જ હોય છે. ડાળીઓ પર પણ કંઈક કાંટા હોય છે ખરા; પણ થડ પર બીલકુલ કાંટા હોતા નથી. પીળા ધંતુરાની પેઠે દારૂડીનાં ડીંટામાંથી પણ દૂધ જેવો રસ નીકળે છે. દારૂડી કડવી તથા રેચક ગણાય છે. તેનાં મૂળને 'ચોકવ' કહે છે.

આ છોડને પીળાં ફૂલ આવે છે. ફૂલ ત્રણ કાંટાવાળાં વજ્રપત્રોથી ઢંકાએલાં હોય છે, ને અંદરથી પાંચ પીળી પાંખડીઓ હોય છે. દારૂડીનું ફળ શરૂઆતમાં લીલું હોય છે ને તે પર કાંટા કાંટા જેવું હોય છે, પણ પાકે છે ત્યારે તે ભૂરાશ પડતું કાળું બની જાય છે. એ ફળ જ્યારે મૂળ આગળથી ફાટે છે ત્યારે અંદરથી પુષ્કળ ઝીણાંઝીણાં કાળાં બી નીકળે છે.

દારૂડીનાં મૂળનું ચૂર્ણ ગરમ પાણીમાં લેવાથી રેચ ઠીક લાગે છે. ગુમડાં પર દારૂડીનાં મૂળ બારીક વાટી તેનો લેપ કરવાથી





ઈજિપ્તના પ્રાચીન સૂર્યદેવતા ઑસિરિસના પુત્ર હૉરસના અવતાર તરીકે મિસરવાસીઓ બાજને પૂજતા, અને ફારાવોના વખતમાં તો અત્યંત ભક્તિભાવથી તેની અર્ચના થતી એ સમયની આ (ડાબી બાજુની) મુકુટધારી બાજની ગૌરવભરી મૂર્તિ એ વાતની સાક્ષી પૂરે છે. એ મૂર્તિ કેટલી મોટી છે તે તેની પાસે જમીન પર બેઠેલા માણસના કદ ઉપરથી સમજાશે. ફારાવોના વખતનું એવું જ બીજું સુંદરતમ શિલ્પ તે દાઇર એલ બેહરીની (જમણી તરફની) ગાય. બે શીંગડાંની વચ્ચે સૂર્યનું પ્રતીક ધારતી ગાયની આ મૂર્તિ મિસરીઓમાં અતિ પૂજ્ય ગણાતી એ વાત, તેને આશ્રયે ઊભેલી માનવમૂર્તિ પ્રતીત કરે છે.

તરત ફાટી જઇ આરામ થાય છે. આમ, નજરે નિરૂપયોગી જણાતો આ છોડ ઓષધિ તરીકે ઘણો જ ઉપયોગી છે.

(સંકલિત) —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

આકરામાં આકરો શિયાળો

સાઇબીરિયાનું વર્ખોવાંસ્ક પૃથ્વીની કડકડતી ઠંડીનો ચાંદ ધરાવે છે. એ ટાઢ કેટલી અસર ઉપજાવે છે તેની હકીકત આશ્ચર્યજનક છે.

ત્યાં તમે એક પ્યાલો ભરી પાણી હવામાં ફેંકો તે પણ ગડગડતા બરફના ગાંગડા બનીને હેઠું પડે છે! થૂંક જમીન પર પડતાં પહેલાં તો ટુકડો બનીને પછડાય છે! બધી જીવતી સૃષ્ટિ શિયાળામાં ઊંડી ઊંડી બખોલોમાં ભરાઇ જાય છે. મરઘાં બતકાં બરફ ખોદીને ખૂબ ઊંડે રહે છે. ભૂલેચૂકે કોઇ હવામાં ઊડવા ગયું કે અદ્ધર જ મૃત્યુ પામી પથ્થર જેમ પટકાયાનો દાખલો બને છે. જાતજાતનાં ચલિયાં જમીનના તળમાં ગોળ દડો બની ગરમી જાળવતાં સમય વિતાવી નાખે છે. બરફ તો એટલો સખત બની જાય છે કે કોદાળીનો ઘા પણ પાછો પડે છે. ઝાડનાં થડ પથ્થર થઈ જાય છે અને કોઇ તેને ફાડવા પ્રયત્ન કરે તો ચકમકની જેમ તે પરથી તણખા ઝરે છે!

પ્રાચીન ઇજિપ્તના પ્રાણીદેવતાઓ

કદાચ કોઇને ઇજિપ્ત જવાનું ભાગ્ય મળે તો ત્યાંના પુરાણ-વસ્તુશાસ્ત્રના કલા તથા કારીગરીના નમૂના જોયા વગર ના રહેતા. દરેક વર્ષે વૈજ્ઞાનિકો વગેરે ઇજિપ્તની મુલાકાત લે છે અને આ નમૂના જોઇને દંગ થયા વગર રહેતા નથી. પરંતુ એવી તક કાંઇ સૌના નસીબમાં લખાએલી હોતી નથી. એટલે અહીં એ બધા વિષે યથાશક્તિ ખ્યાલ મેળવી લઇએ.

ઇજિપ્તમાં પુરાણવસ્તુશાસ્ત્રના નમૂનાઓનો ભંડાર ભર્યો છે. જેમાં વિશ્વવિખ્યાત મિનારાઓ, પ્રથમ દૃષ્ટિએ જ તમારા માનસ ઉપર છાપ પાડે તેવાં મંદિરો તથા ફારાવોના રાજ્ય-કાળ દરમિયાન તૈયાર થએલી દેવો તથા રાજ્યકર્તાઓની સુંદર નકશીવાળી હજારો મૂર્તિઓનો સમાવેશ થાય છે.

પુરાણ્ કાળમાં ઇજિપ્તવાસીઓ ઘણાખરા પ્રાણીઓને જ દેવતા તરીકે પૂજતા અને તેમને રીઝવવા માટે ઘણીખરી વખત તો નમ્રતાથી માણસોનાં બલિદાન પણ આપતા હતા. બળદ કે જેના વગર નાઇલની ખીણ ઉપરની જમીનમાં ખેતી કરવી અશક્ય હતી તેને આ લોકો તેના પુષ્કળ સામર્થ્ય તથા પુરુષાતન માટે પૂજતા હતા. બળદ ઇજિપ્તમાં મુખ્ય દેવ ગણાતો. તે





પ્રભાતના દ્વાર-પૂર્વ દિશા-ના સંરક્ષક સિંહની આ (જમણી તરફની) મૂર્તિ ગ્રેનાઈટ પથ્થરમાંથી ઘડેલી છે. પ્રાચીન ઇજિપ્તમાં ઘણા દેશમાં સિંહની પૂજા થતી ગાય અને મગર બંનેનાં મિશ્ર લક્ષણો વાળી દેવી થાઉએરિસની મૂર્તિ ડાબી બાજુએ બતાવી છે. આ વિચિત્ર દેવતા બહુ મહત્ત્વની ગણાતી નથી.

ઉપરાંત મગર, બિલાડી, ગાય, શિયાળ, સિંહ તથા બાજ પણ મોટા દેવો મનાતા.

ઇજિપ્તની સત્તા તથા સંસ્કૃતિ જ્યારે ટોચ ઉપર હતાં, ત્યારે આગળના ઇજિપ્તવાસી દેવોના સમૂહના અવતારધારી આ પ્રાણીઓ ગણાતાં. આ અવતારધારીઓ પરત્વે ઇજિપ્ત-વાસીઓના લોકસાહિત્યમાં ધાર્મિક દંતકથાઓનો ભારે ખજાનો જમા થએલો છે.


નાઈલ નદીની ખીણ ઉપર કેરોથી ૬૦૦ માઇલ દૂર નુબીઆમાંના ફીલેઇની ખીણ સુધીમાં આવેલાં શહેરો આબાદ સ્થિતિમાં હતાં. ઇજિપ્તના ધર્મગુરુઓએ આ શહેરોની સ્થાપના કરી હતી. હાયેરાકોનપોલીસ 'બાજ-શહેર' કહેવાતું તથા લીઓન્ટોપોલીસ 'સિંહ-શહેર' ગણાતું.આ બંને શહેરો ધાર્મિક મથકોમાં ઘણાં જોરાવર થાણાં હતાં.

ઇજિપ્તનાં ઘણાંખરાં મંદિરો છેક આજસુધી સચવાઇ રહ્યાં છે. જેમના માનમાં શહેરો સ્થાપવામાં આવ્યાં છે તે પ્રાણી-દેવોની ઘણી કાળજીપૂર્વક તૈયાર કરેલી નકશીદાર આકૃતિઓ કેરોના સંગ્રહસ્થાનમાં આજે હયાત છે. ઇજિપ્તના મોટામાં મોટા દેવ ઓસીરીસની પત્ની ઇસીસ તથા સૌન્દર્યની દેવી હાથોરને પણ પવિત્ર એવી દીર એલ બાહરીની ગાય કેરોના સંગ્રહસ્થાનમાં છે ઇજિપ્તના પ્રાણી દેવતાઓના સૌ શિલ્પોમાં આ ગાયનું શિલ્પ ઉત્તમ ગણવામાં આવે છે. માનવીને પોતાના આશ્રયે ઢાંકીને ઊભેલી ગાયનાં શિંગડાં વચ્ચે સૂરજનું ચિહ્ન છે.

શિયાળમુખી દેવ એન્યુબિસની મૂર્તિ આ સંગ્રહસ્થાનમાં પ્રાચીન મૂર્તિવિધાનમાં સૌથી વધારે રસદાયક નમૂનો રજુ કરે છે. એન્યુબિસ મૃત્યુ પામેલાઓનો દેવ ગણાતો. મૃત્યુ પામતા ઇજિપ્તવાસીઓના આત્માઓને પાપપુણ્યનો ન્યાય તોળનાર વડા ન્યાયાધીશ ઓસીરીસની અદાલતમાં લઇ જઇને ઊભા કરવાનું કામ આ એન્યુબીસ કરતો.

ધાર્મિક દંતકથાઓનો વિકાસ થયો તે પહેલાં, અતિ પ્રારંભકાળમાં એન્યુબીસ શિયાળદેવ ગણાતો તથા પ્રાચીન વહેમી ઇજિપ્તવાસીઓ માનતા હતા કે આ દેવ મૃત્યુ પામેલાઓ સાથે સંબંધ ધરાવે છે. શિયાળો કબરોની આસપાસ





(ડાબી બાજુ)શિયાળમુખી મૃત્યુદેવ ઍન્યુબિસ તો ફારાવોના સમયની પણ પૂર્વે પ્રાચીનતમ મિસરવાસીઓના કાળથી પૂજાતો આવ્યો છે (જમણી)સેખમતદેવીની સિંહમુખી મૂર્તિ.

શિકારની શોધમાં ફરતાં હશે એ બાબત ઉપર તેમની ઉપરની માન્યતા રચાઈ હતી સાચી વાત તો એ છે કે ઓસીરીસ થયો તે પહેલાં એન્યુબીસની પૂજા થતી હતી. ઓસીરીસ તો પછીથી આખા ઇજિપ્તમાં તથા ભૂમધ્ય સમુદ્ર ઉપરના દેશોમાં દેવોના રાજા તરીકે પૂજાતો થયો.

એ સંગ્રહસ્થાનમાં બેઠેલા સિંહની એક આકૃતિ છે, જે અડદિયા પથ્થરમાંથી બનાવેલી છે, કારીગરે તેને તૈયાર કરવામાં ઘણી ચીવટ તથા ચોકસાઇ રાખેલાં લાગે છે. આખા સંગ્રહસ્થાનમાં તેનો દેખાવ ઘણો છાપ પાડે તેવો છે. સિંહ સંબંધીની ધાર્મિક માન્યતા ઇજિપ્તમાં જૂનામાં જૂની છે. લીઓન્ટોપોલીસના ધર્મગુરુઓ તથા શહેનશાહતની બીજી મ્યુનિસિપાલિટીઓ તરફથી આ સિંહની પૂજા તેના વિપુલ સામર્થ્ય માટે થતી હતી. ઓસીરીસ, હૉરસ તથા રા સહિત બીજા સૂર્યવંશી દેવતાઓ સાથે સિંહને સંબંધ છે એમ ધારવામાં આવતું હતું અને તેથી તેને વિશિષ્ટ માન મળતું હતું. ઇજિપ્તની ધાર્મિક દંતકથા મુજબ એમ માનવામાં આવતું હતું કે સિંહ પ્રભાતના દ્વારનું રક્ષણ કરે છે, તથા આ દ્વારમાં થઇને સૂરજ હમેશાં સવારે પસાર થાય છે. ધર્મગુરુઓની માન્યતા એવી હતી કે દેવો પોતાની ઈચ્છા પૃથ્વી ઉપરવાં પોતાનાં બાળકોને પશુઓની ચોક્કસ હીલચાલ મારફત જણાવે છે. આ ધારણાના કારણે ઇજિપ્તનાં સંખ્યાબંધ દેવળોમાં સિંહો રાખવામાં આવતા હતા. ધર્મગુરુઓ મંદિરોમાંના આ પશુઓની હીલચાલ જોઇ બીજાઓને દેવોની ઈચ્છા શી છે તે જણાવતા.

ઇજિપ્તમાંના એદફાઉ શહેરમાંના એક મોટા મંદિરમાં મુગટવાળા બાજની સિંહના કદની મોટી મૂર્તિ છે. આ જોઇને ઇજિપ્તના પહેલાંના વખતના દેવો કેવા હતા તેનો ખ્યાલ આવે છે. બાજને ઓસીરીસના પુત્ર હૉરસના અવતાર તરીકે માનવામાં આવતો. આ મંદિરમાં બીજી એક વિકરાળ આકૃતિ છે અને તે દેવી થાઉએરીસની તેના ચહેરા ઉપર મગર તેમજ ગાય બન્નેનાં લક્ષણો જોવામાં આવે છે; પરંતુ દેવોની દુનિયામાં તેનું મહત્ત્વ ઓછું છે.

(અંગ્રેજી ઉપરથી) —મોહિનીચન્દ્ર

બાણની કાદમ્બરીનાં ખૂબ વખાણ સાંભળ્યાં હોવાથી નાનપણમાં લોકમાન્ય તિલક એ વાંચવાને બહુ જ આતુર રહેતા. એક વાર પિતા પાસે એ પુસ્તક જોતાં માગણી કરી. ધારેલું કે બીજાં પુસ્તકોની જેમ સહેલા શ્લોકો હશે. પણ પિતા એનું ગજું જાણતા હતા. તેમણે ના તો ન પાડી, પણ એક અતિશય અઘરો ગણિતનો દાખલો આપી કહ્યું, 'આ ગણી લાવે એટલે કાદંબરી વાંચવા આપું.' અને બાળ તિલકે દોઢ કલાકની માથાફોડ પછી એ દાખલો ગણી કાઢી પ્રસન્નમુખ પિતા પાસેથી કાદંબરી મેળવી!

અનેકાર્થી શબ્દ: **સારંગ**=એક રાગ; હરણ; વિષ્ણુનું ધનુષ્ય; હાથી; કોકિલ; ભમરો; વહાણના કપ્તાનનો મદદનીશ.

૧થી ૯ સુધીના અંકોને સીધા તથા ઊલટા ક્રમમાં બે વખત માંડી એ ચારે રકમમાં બે ઉમેરશો એટલે સરવાળામાં બધા બેના અંક જ આવશે. જુઓ:


```
  ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
  ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧
  ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
  ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧
                  ૨
---------------------
૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨
```

'હોઠ સાજા તો . . . .'

શિક્ષક: કેમ બાબુ; આ લેસનમાં અક્ષર તો તારા મોટા ભાઈ જેવા લાગે છે?


બાબુ: જી હા; એ તો મેં તેની પેન્સિલ વાપરી હતી ને, તેથી હશે!

શ્રાવણી અમાવાસ્યાએ હિંદમાં સંપૂર્ણ સૂર્યગ્રહણ થયું એ પ્રસંગે નીચેની વાત યાદ આવે છે કે રોમન સરદાર સ્કીપિયો ને હાનીબાલની વચ્ચે થએલા આગાના ભયંકર યુદ્ધ વેળા પણ એવું સૂર્યગ્રહણ થયું હતું. તેને હાનીબાલના કાર્થેજિયન લડવૈયાઓ ઇશ્વરી કોપ સમજી જીવ લઇને રણક્ષેત્ર છોડી નાઠા. હાનીબાલની આ હારથી જગતના ઇતિહાસનું ભાવિ ફેરવાઇ ગયું!




પારાની ગોળીની આસપાસ કપડાનો કટકો વીંટાળીને તેના છેડા પાણીના પ્યાલામાં ભીંજતા રાખેલું આ થર્મોમીટર ચોમાસાના દિવસોમાં હવામાંની ભીનાશ માપવા માટેનું છે. થર્મોમીટર વિષેનો એક વિસ્તૃત લેખ 'કુમાર'ના ૧૦૫મા અંકમાં આવી ગયો તે જોજો.

વનસ્પતિશાસ્ત્રના અંગ્રેજી અભ્યાસીઓ તથા વૈદો અને ડૉક્ટરો જાણે છે તે મુજબ અંગ્રેજીમાં બધી વનસ્પતિનાં નામ લૅટિન ભાષામાં હોય છે. તેનું કારણ એ છે કે યુરોપમાં વનસ્પતિઓનો શાસ્ત્રીય અભ્યાસ પહેલવહેલો કરનારો લીની નામનો સ્વીડનનો એક વિદ્વાન ૨૦૦ વર્ષ પર થયો; અને એ વેળા વિદ્વાનોમાં શાસ્ત્રીય વિષયો માટે લૅટિન ભાષા જ વપરાતી હોવાથી તેણે બધાં નામ લૅટિનમાં ઉતાર્યાં.



પૃથ્વીના પેટાળમાં સૌથી વધુમાં વધુ ધાતુ ઍલ્યુમિનિયમની છે એમ કહેવાય છે. ઉપરના ચિત્રમાં પૃથ્વીના ગોળા ઉપર મોટા મહાસાગરો અને ખંડોને મુકાબલે ઊભું રહે એવડું મોટું જે ગોળ ધાબું ચીતર્યું છે તે પૃથ્વીમાં રહેલા ઍલ્યુમિનિયમના એ જથ્થાનું પ્રમાણ બતાવે છે!



અમેરિકાના ઇલીનૉઇ પરગણાના સેન્ટ ચાર્લ્સ ગામમાં દસ ઇંચ લાંબા એક નાના સર્પે કરોળિયાની જાળ પર તરાપ મારી પણ પોતે જ તેમાં ફસાયો તેનો આ ફોટોગ્રાફ છે. સર્પ જેમજેમ જાળ તોડતો જતો તેમતેમ કરોળિયો ઝડપથી નવી જાળ તેની આસપાસ ગૂંથતો જતો!